# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
ડોન 3 અને ક્રૃષ ૪ માં પ્રિયંકા ચોપરાની વાપસી શું દેશી ગર્લ ફરી મચાવશે ધૂમ....



પેજ-09
તિલક વર્માની બેટિંગ જોઈ સ્ટેડિયમમાં ગુંજ્યું નામ ફેન્સ થયા પાગલ....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 19.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5



આરબીઆઈ રેપો રેટમાં કોઈ પણ ફેરફાર કરે તેવી શક્યતા નહિવત

06 FEBRUARY-2026 FRIDAY

ઈમરાન ખાન જેલવાસ દરમિયાન પુત્રોને પાકિસ્તાને વિઝા ન આપ્યા



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 83313.93 | ▲ 503.76 |
| નિફ્ટી | 25642.80 | ▲ 132.02 |
| સોનું | 152284.00 | ▼ 762.00 |
| ચાંદી | 244646.00 | ▼ 24202.00 |


વર્ષ-15 । અંક-085 । વિક્રમ સંવત-2082 । મહા વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પીટર મંડેલસનના જૂઠે લંડનની સત્તાના પાયા હલાવી નાખ્યા, તપાસનો ધમધમાટ

# UKના PMની ખુરશી ખતરામાં!

## એપસ્ટિન ફાઈલ્સમાં 'મિત્ર'ની કરતૂત સામે આવતા માફી માંગી

(એજન્સી) લંડન । તા. 05

રાજકારણમાં કહેવાય છે કે સત્તાના નશામાં ક્યારેક માણસ પોતાના જ પડછાયાથી છેતરાઈ જાય છે. આજે બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટામર સાથે કંઈક આવું જ થયું છે. જે વિશ્વાસ તેમણે પોતાના ખાસ મિત્ર પીટર મંડેલસન પર મૂક્યો હતો, તે હવે તેમના ગળાની ફાંસી બની ગયો છે. એપસ્ટિન ફાઈલ્સના પટારામાંથી જે કાળું સત્ય બહાર આવ્યું છે, તેણે લંડનના રસ્તાઓથી લઈને દિલ્હીના રાજકીય વર્તુળો સુધી ખળભળાટ મચાવી દીધો છે. એક વડાપ્રધાન જે ન્યાયની વાત કરતા હતા, આજે તે જ પોતાના સાંસદોના આક્રોશ વચ્ચે ઘેરાયેલા છે. વાત જાણે એમ છે કે, કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટિન અને પીટર મંડેલસન વચ્ચેના સંબંધો કોઈ સામાન્ય મુલાકાત નહોતા, પણ એક એવું રહસ્ય હતું જેણે આજે બ્રિટિશ સરકારની આબરૂના ધજાગરા ઉડાવ્યા છે. પીટર મંડેલસન, જેમને ગત વર્ષે જ અમેરિકામાં બ્રિટનના રાજદૂત જેવી મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી, તેઓ હવે વિવાદોના વંટોળમાં છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, જ્યારે જેફ્રી પર ગંભીર યૌન અપરાધોના આરોપો હતા, ત્યારે પણ પીટર તેમની સાથે ગાઢ મિત્રતા નિભાવી રહ્યા હતા. સ્ટામરે ધ્રૂજતા અવાજે સ્વીકાર્યું છે કે, "મેં પીટરના જૂઠ પર વિશ્વાસ કરીને મોટી ભૂલ કરી છે." શું એક વડાપ્રધાનની માફી તે હજારો લોકોના આક્રોશને શાંત કરી શકશે? જાણકારોનું કહેવું છે કે પીટર જ્યારે સરકારમાં મંત્રી હતા, ત્યારે તેમણે સંવેદનશીલ માહિતી લીક કરી હોવાની પણ શક્યતા છે. પોલીસ તપાસ હવે ઘરના દરવાજા સુધી પહોંચી છે.



### એપસ્ટીનના પીડિતોની માફી માગી

પીએમ સ્ટામરે તાજેતરમાં આપેલા એક ભાવનાત્મક ભાષણમાં સ્વીકાર્યું છે કે, 'મને અંદાજ નહોતો કે જેફ્રી અને પીટર વચ્ચે આવી ગાઢ મિત્રતા હશે.' તેમણે અત્યંત ગમગીન અવાજે કહ્યું કે તેમને દુઃખ છે કે તેમણે પીટરના જૂઠ પર વિશ્વાસ કર્યો. આ એ જ પીટર છે જેમને વડાપ્રધાને બ્રિટનના રાજદૂત જેવી ગરિમાપૂર્ણ જવાબદારી સોંપી હતી. પરંતુ જ્યારે એપસ્ટિન ફાઈલ્સના પટારા ખુલ્યા, ત્યારે ખબર પડી કે આ મિત્રતા તો લોકશાહીના પાયાને ઉધઈની જેમ કોરી ખાતી હતી. સ્ટામરે સ્પષ્ટ કર્યું કે બ્રિટનમાં કોઈ કાયદાથી ઉપર નથી અને સરકાર સત્ય સામે લાવવા કટિબદ્ધ છે.

### પીટર મામલે PM પોતાના જ સાંસદોના નિશાન

અત્યારે પીએમ આવાસ પર બેઠકોનો દોર ચાલી રહ્યો છે. પોલીસ પણ પીટર દ્વારા કરવામાં આવેલી માહિતીની લેતી-દેતીની તપાસ કરી રહી છે. લોકોમાં ભારે રોષ છે; કોઈ કહે છે આ 'દોસ્તી' પડી ભારે, તો કોઈ કહે છે આ તો લોકશાહીનું અપમાન છે. આગામી દિવસોમાં આ મામલો શું વળાંક લેશે તે જોવું રહ્યું, પણ એક વાત તો સાફ છે - પીએમ સ્ટામરની સાખ પર જે ડાઘ લાગ્યો છે, તે લંડનના વરસાદી પાણીથી પણ ભૂંસાશે નહીં. એક વડાપ્રધાન જે ન્યાયની વાત કરતા હતા, આજે તે જ પોતાના સાંસદોના આક્રોશ વચ્ચે ઘેરાયેલા છે. વાત જાણે એમ છે કે, કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટિન અને પીટર મંડેલસન વચ્ચેના સંબંધો કોઈ સામાન્ય મુલાકાત નહોતા, પણ એક એવું રહસ્ય હતું જેણે આજે બ્રિટિશ સરકારની આબરૂના ધજાગરા ઉડાવ્યા છે.

**શું સ્ટામર આ ઝટકામાંથી બહાર આવી શકશે?** કોંગ્રેસના હાલ તો લંડનની શેરીઓમાં રોષ છે. લોકો પૂછી રહ્યા છે કે જે પવિત્રતાની દુહાઈ આપીને સ્ટામર સત્તા પર આવ્યા હતા, તે પવિત્રતા ક્યાં ગઈ? જ્યારે ગંગા-જમુના જેવી નિર્મળ છબી રાખવાની વાત હતી, ત્યારે એપસ્ટિનના કીચડમાં ખરડાયેલા લોકોને ઉચ્ચ હોદ્દા કેમ અપાયા? હવે જોવાનું એ રહેશે કે વિપક્ષ અને પોતાના જ સાંસદોનો ગુસ્સો સ્ટામરને ક્યાં લઈ જાય છે. એક વાત તો નક્કી છે કે, આ લડાઈ હવે માત્ર સત્તાની નથી, પણ વિશ્વાસની છે. બજારમાં ચર્ચાઓ છે કે શું સ્ટામર આ ઝટકામાંથી બહાર આવી શકશે?

### પોતાના જ ઘરમાં બળવો

લેબર પાર્ટીના સાંસદોનો પારો સાતમા આસમાને છે. લંડનની ઓફિસો અને બજારોમાં પણ લોકોની પ્રતિક્રિયાઓ તીખી છે. સાંસદોનું કહેવું છે કે સ્ટામરનું નેતૃત્વ હવે નબળું પડી ગયું છે. એક સામાન્ય નાગરિકની જેમ જ રાજકીય નેતાઓ પણ પૂછી રહ્યા છે કે આટલી મોટી ચૂક કેવી રીતે થઈ? જે પીએમ દેશને દિશા આપવાના હતા, તેઓ પોતાના મિત્રનું અસલી ચરિત્ર ઓળખવામાં થાપ ખાઈ ગયા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, અત્યારે પીએમ આવાસ પર બેઠકોનો દોર ચાલી રહ્યો છે. પોલીસ પણ પીટર દ્વારા કરવામાં આવેલી માહિતીની લેતી-દેતીની તપાસ કરી રહી છે. લોકોમાં ભારે રોષ છે

---

**રાજ્યસભામાં PM મોદીનું સંબોધન** | ભારતનો ગ્રોથ રેટ ઊંચો અને મોંઘવારી ઓછી છે

# વિશ્વ નવા વર્લ્ડઓર્ડર તરફ વધી રહ્યું છે, પલડું ભારત તરફ

### મેં વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરી ત્યારે જાપાન પાર્ટનર હતું

(એજન્સી) અમદાવાદ | તા.06

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં સંબોધન કર્યું હતું. તેમનું સંબોધન શરુ થતાં જ વિપક્ષના સાંસદોએ 'વિપક્ષ નેતાને બોલવા દો...'ના નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે PM મોદી આજે જ લોકસભામાં પણ ભાષણ આપવાના હતા પરંતુ વિપક્ષ દ્વારા 'અપ્રિય ઘટના'ની આશંકાના કારણે તેઓ બોલી શક્યા નહોતા. PM મોદીએ ભાષણ શરુ થતાં જ કોંગ્રેસ નેતા ખડગે પર કટાક્ષ કરતાં કહ્યું કે, આદરણીય સભાપતિ ખડગેજીની ઉંમરને જોતાં તેમને બેઠા બેઠા નારા લગાવવાની છૂટ આપો....' PM મોદીએ કહ્યું કે, ભારત પ્રત્યે વિશ્વનું આકર્ષણ વધી રહ્યું છે અને ભારતના ટેલેન્ટનું મહત્ત્વ વિશ્વ સમજી રહ્યું છે. વિશ્વમાં અનેક પડકારો વચ્ચે ભારત આશાનું કિરણ બન્યું છે.



### લોકસભામાં ભાષણ ન આપી શક્યા PM, 22 વર્ષ બાદ પરંપરા તૂટી

બજેટ સત્રમાં સંસદના બંને ગૃહમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. આજે લોકસભામાં ભારે હોબાળા વચ્ચે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ ધ્વનિ મતથી પસાર થઈ ગયો છે. આવું 22 વર્ષ બાદ પહેલીવાર થયું છે જે જ્યાં વડાપ્રધાનના ભાષણ વિના જ લોકસભામાં આભાર પ્રસ્તાવ પસાર થયો હોય. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ નિવેદન આપ્યું છે કે તેમણે જ PM મોદીને સંસદમાં ભાષણ ન આપવા સલાહ આપી હતી કારણ કે કોંગ્રેસના સાંસદો પહેલેથી જ તેમની ખુરશી ઘેરીને ઊભા હતા. ઓમ બિરલાએ કહ્યું કે, હું ખૂબ દુખી થઈને કહી રહ્યો છું કે ગઈકાલે મારી ચેમ્બરમાં કેટલાક સદસ્યો જે વ્યવહાર કર્યો તેવું ભૂતકાળમાં ક્યારેય નથી થયું. વિપક્ષના સદસ્યોએ ગઈકાલે જે કર્યું તે કલંક સમાન છે. PM મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાના હતા. તે પહેલા મારી પાસે જાણકારી આવી કે કોંગ્રેસના સાંસદો વડાપ્રધાન સાથે અપ્રિય ઘટના કરી શકે છે. જે બાદ મેં PM મોદીને આગ્રહ કર્યો કે તમે સદનમાં ન આવશો. હું PM મોદીનો આભારી છું કે તેમણે મારી વાત સ્વીકારી. જો PM મોદી લોકસભામાં આવ્યા હોત તો પરિસરમાં અપ્રિય ઘટના થઈ હોત. મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારતનો ગ્રોથ રેટ ઊંચો અને મોંઘવારી ઓછી છે. આ આપણી અર્થવ્યવસ્થાની મજબૂતાઈને દર્શાવે છે. દેશ સ્વતંત્ર થયો ત્યારે આપણે દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતા, પણ આ લોકોએ (વિપક્ષ) દેશને 11મા ક્રમે પહોંચાડી દીધો.

**ગુલામીની યાદ** | રાષ્ટ્રીય વિરાસતની ભાવનાને પ્રોત્સાહન મળશે

દેશનું ગૌરવ વધ્યું

# ભારતીય સેનાએ 246 સ્થાનોના નામ બદલી ભૂંસી બ્રિટિશ છાપ



(અંકુર પંચાલ) નવી દિલ્હી તા.05

ભારતીય સેનાએ ગુલામીની નિશાની મુક્ત કરતો અને ભારતીય વીરોને સન્માન આપતો એક મોટો નિર્ણય લીધો છે. સદીઓથી બ્રિટિશ ગુલામીની યાદ અપાવતા અંગ્રેજી નામોને હવે હંમેશા માટે હટાવી લેવામાં આવ્યા છે. સેનાએ દેશભરમાં પોતાના પ્રતિષ્ઠાનો, કેન્ટોનમેન્ટ બોર્ડ વિસ્તારો અને સૈન્ય સ્ટેશનોમાં 246 રસ્તાઓ, બિલ્ડિંગો અને અન્ય સુવિધાઓના નામ બદલી નાખ્યા છે.ભારતીય સેનાએ જે સ્થળોના નામો બદલ્યા છે.

### ઐતિહાસિક ફેરફારથી દેશનું ગૌરવ વધ્યું

આ ઐતિહાસિક ફેરફારની નવી પેઢીને પ્રેરણા આપતી સૌથી મહત્ત્વની વાત એ છે કે, આમ કરવાથી પરમવીર ચક્ર વિજેતાઓથી લઈને કારગીલ યુદ્ધના નાયકોને સન્માન આપવામાં આવ્યું છે. આનાથી દેશનું ગૌરવ વધવાની સાથે સાથે નવી પેઢી પણ ભારતીય વીરોને વધુ ઓળખતી થશે. આ ફેરફારથી રાષ્ટ્રીય ગૌરવની ભાવના મજબૂત થશે. આગામી પેઢીઓ ભારતના વીર સૈનિકોની ગાઢાઓથી પ્રેરિત થશે.

---

**મેઘાલયમાં મોટી દુર્ઘટના । અનેક લોકો ફસાયાની આશંકા**

# મેઘાલયમાં કોલસાની ખાણમાં વિસ્ફોટ થતાં 16 શ્રમિકોના મોત



(એજન્સી) મુંબઇ । તા. 05

મેઘાલયના પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લામાં આજે (5 ફેબ્રુઆરી) એક ગેરકાયદે કોલસાની ખાણમાં ભયાનક વિસ્ફોટ થયો છે. ઘટનામાં 16 શ્રમિકોના મોત અને અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. હાલ ઘટનાસ્થળે પુરજોશમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. પોલીસ મહાનિદેશક આઈ.નોંગરાંગે ઘટના અંગે માહિતી આપતા કહ્યું કે, 'થાંગસ્કૂ વિસ્તારમાં આવેલી કોલસાની ખાણમાં સવારે વિસ્ફોટ થયો છે. બચાવ ટુકડી ફસાયેલા લોકોને શોધવા અને બહાર કાઢવા માટે કામગીરી કરી રહ્યા છે.' તેમણે કહ્યું કે, 'ઘટના સ્થળેથી અત્યાર સુધીમાં 16 લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. વિસ્ફોટ સમયે ખાણમાં કેટલા શ્રમિકો હતા, તેની વિગતો સામે આવી નથી. ખાણની અંદર અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. ઈસ્ટ જૈતિયા હિલ્સના પોલીસ અધિક્ષક વિકાશ કુમારે કહ્યું કે, એક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગંભીર સ્થિતિ હોવાના કારણે તે યુવકને શિલોન્ગની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે સુરક્ષા દળો સાથે ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દીધું છે. અસરગ્રસ્ત વિસ્તારમાં કાટમાળ નીચે ફસાયેલા અન્ય શ્રમિકોને શોધવા અને તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે વિશેષ બચાવ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે.

**ખાણકામ વખતે થયો વિસ્ફોટ** | કોલસાની ખાણમાં ખાણકામ ચાલી રહ્યું હતું ત્યારે વિસ્ફોટ થયો હોવાની પોલીસને આશંકા છે. આ ખાણ ગેરકાયદેસર રીતે ચાલી રહી હતી. જ્યારે પોલીસે પૂછપરછ કરી ત્યારે ખાણ ગેરકાયદે હોવાનું સામે આવ્યું છે. જોકે વિસ્ફોટ થવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી અને તેની તપાસ કરાશે. NGTએ વર્ષ 2014માં મેઘાલયના પર્યાવરણને થતા નુકસાનને બચાવવા માટે અને સુરક્ષાને ધ્યાને રાખીને રેટ-હોલ કોલસાની ખાણ અને અયોગ્ય રીતે ચાલી ખાણકામની પ્રવૃતિઓ બંધ કરાવી દીધી હતી.

# મણિપુરમાં કુકી સમાજ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

### નવી સરકાર રચાયાના બીજા જ દિવસે મણિપુરમાં માહોલ તંગ

(એજન્સી) અમદાવાદ | તા.07

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનના 1 વર્ષ બાદ નવી સરકાર રચાયાના બીજા જ દિવસે બબાલ શરૂ થઈ ચૂકી છે. કુકી સમાજ તરફથી બંધનું એલાન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્રદર્શનકારી અને સુરક્ષાદળો વચ્ચે ઘર્ષણ થતાં પોલીસે કડક હાથે કામ લીધું હતું. જે બાદ પ્રદર્શનકારીઓએ પથ્થરમારો અને આગચંપી કરી હતી. આ પહેલા કુકી સંગઠનોએ પોતાના સમાજના ધારાસભ્યોને ચેતવણી આપી હતી કે સરકાર ગઠનની પ્રક્રિયાના ભાગ ન લે, નવા CM તરીકે યુમનામ ખેમચંદ સિંહએ શપથ લેતા જ ચુરાચંદપુર જિલ્લાના આદિવાસી સંગઠન જોઈન્ટ ફોરમ ઓફ સેવન દ્વારા શુક્રવારે સવારે 6 થી સાંજે 6 વાગ્યા સુધી કુકી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં સંપૂર્ણ બંધનું એલાન આપવામાં આવ્યું હતું.



**નાયબ મુખ્યમંત્રીનો વિરોધ** | આ પહેલા બુધવારે રાત્રે કુકી સમાજનું પ્રભુત્વ ધરાવતા કાંગપોક્પી જિલ્લામાં લીમાખોંગ નજીક લોકોએ ટાયર સળગાવીને પ્રદર્શન કર્યું હતું. રસ્તા પર વાંસ મૂકીને નેમચા કિપગેનના ડેપ્યુટી સીએમ તરીકે શપથ ગ્રહણનો વિરોધ કરવામાં આવ્યો હતો. કુકી લિબરેશન આર્મીએ એક સ્પષ્ટ સૂચના આપી હતી કે 'કોઈપણ કુકી પ્રતિનિધિ જે સરકારની રચનામાં ભાગ લેવાનો નિર્ણય લેશે તેને સમુદાય સાથે વિશ્વાસઘાત માનવામાં આવશે. જો આવા કોઈ નિર્ણયને કારણે કોઈ અનિચ્છનીય કે અપ્રિય ઘટના બને છે, તો તેની જવાબદારી તે જનપ્રતિનિધિઓની રહેશે.'

**કુકી સમાજના ધારાસભ્યોને અપાયું હતું અલ્ટિમેટમ :** સંગઠન તરફથી સૂચના આપવામાં આવી હતી કે જો કુકી સમાજનો કોઈ ધારાસભ્ય સંગઠનના નિર્ણયની અવગણના કરશે તો તે વ્યક્તિ હશે, એક તરફી લેવાયેલા નિર્ણયો માટે સંગઠન જવાબદાર રહેશે નહીં. કેટલાક કુકી ઉગ્રવાદી સંગઠનોએ સમાજના ધારાસભ્યોને સરકાર ગઠનની પ્રક્રિયામાં ભાગ ન લેવા પણ ફરમાન જાહેર કર્યું હતું.

### મુંબઈ યુનિવર્સિટીએ આમંત્રણ રદ કરતા નસુરૂદીન શાહ વિફર્યા

મુંબઈ | હાલમાંજ વિખ્યાત સંગીતકાર રહેમાને તેઓને મુસ્લીમ હોવાના નાતે બોલીવુડમાં `કામ' મળતુ નથી તેવો વિવાદ સર્જ્યો તે વચ્ચે હવે અભિનેતા નસીરુદીન શાહે મુંબઈ યુનિ.માં તેઓને મળેલુ એક નિમંત્રણ આખરી ઘડીએ રદ થયું તેના પર આક્રોશ દર્શાવતા કહ્યું કે આ એક અપમાનજનક અને ખોટું થયુ છે. આ હવે એ દેશ નથી જેમાં મારો જન્મ થયો છે. હું મોટો થયો કે મુંબઈ યુનિ.એ ઉર્દુ વિભાગના વિદ્યાર્થીઓના એક કાર્યક્રમમાં અગાઉ આપેલુ નિમંત્રણ રદ કર્યા બાદ અભિનેતાએ ઈન્ડીયન એકસપ્રેસમાં એક આર્ટીકલ લખીને આક્રોશ વ્યક્ત કર્યો.

# UPમાં ચાઈનીઝ માંઝાની દોરીથી મોતને હત્યા મનવામાં આવશે : CM યોગી

### લખનૌમાં ચાઈનીઝ દોરી ગળામાં આવતા બાઈક સવારના મૃત્યુની ઘટનાથી CM આદિત્યનાથ યોગી આગબબુલા

લખનૌ (યુપી) તા.5

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ચાઈનીઝ માંઝા વાળી દોરીથી થતા અકસ્માત મામલે કડક વલણ અપનાવ્યું છે. તેમણે ચાઈનીઝ માંઝા દોરી પર પુરેપુરો પ્રતિબંધ લગાવી દીધો છે એટલું જ નહી પરંતુ ચાઈનીઝ માંઝા વાળી દોરીથી મૃત્યુને હત્યા માનવામાં આવશે તેમ કહ્યું હતું. યોગીએ ચાઈનીઝ માંઝા વાળી દોરીસામે પૂરા રાજયમાં અભિયાન ચલાવવાનો અને ગેરકાયદે વેચાણ રોકવાનો પોલીસને આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે લખનૌના



બુલાકી સ્ટેશન પાસે હૈદરગંજ પુલ પાસે ગઈકાલે સાંજે બાઈક પર જઈ રહેલા 33 વર્ષીય મોહમ્મદ શોએબના ગળામાં ચાઈનીઝ માઝાની દોરી આવી ગઈ હતી. શોએબ કંઈ સમજે તે પહેલા તેના ગળાની નસો ફાટી ગઈ હતી અને તે બેભાન થઈને રસ્તા પર પડી ગયો હતો. રાહદારીઓએ તેને સારવાર માટે ટ્રોમા સેન્ટર પહોંચાડયો હતો જયાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માત બાદ મુખ્યમંત્રી યોગીએ ચાઈનીઝ માંઝા વાળી દોરી સામે કડક વલણ અપનાવ્યું છે.

**સ્પીકર ઓમ બિરલાએ ઘટસ્ફોટ કર્યો** | PMએ મારા સૂચનને માન્ય રાખ્યું


# 'વિપક્ષ PM મોદી સાથે કંઈ પણ કરી દેત':મેં જ તેમને લોકસભામાં ન આવવા વિનંતી કરી

એજન્સી | નવી દિલ્હી તા.05

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગુરુવારે કહ્યું- બુધવારે લોકસભામાં PM મોદી સાથે અણધારી ઘટના બની શકી હોત. તેથી તેમની ગઈકાલે સાંજે 5 વાગ્યે થનારી સ્પીચ ટાળવી પડી. આશંકાને કારણે મેં જ તેમને ન આવવા વિનંતી કરી હતી. હકીકતમાં, પીએમ મોદીએ લોકસભામાં સાંજે આભાર પ્રસ્તાવ પર જવાબ આપવાના હતા, પરંતુ વિપક્ષની મહિલા સાંસદોના હોબાળાને કારણે સ્પીકર સંધ્યા રાયે કાર્યવાહી બીજા દિવસ સુધી મુલતવી રાખી.

### સ્પીકરે કહ્યું - જો ખરાબ ઘટના બની હોત તો લોકશાહીની પરંપરા છિન્નભિન્ન થઈ જાત

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- ગઈકાલે લોકસભા અધ્યક્ષની ઓફિસમાં જે બન્યું, તે સદનના ઈતિહાસમાં ક્યારેય બન્યું નથી. જ્યારે સદનના નેતા પીએમ મોદીને રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાનો હતો ત્યારે વિપક્ષી સાંસદો વડાપ્રધાનની સીટ પાસે પહોંચીને કોઈ અણધારી ઘટના કરી શકતા હતા. બિરલાએ કહ્યું- જો આ ઘટના બની હોત તો લોકતંત્રની પરંપરા છિન્નભિન્ન થઈ જાત. આને ટાળવા માટે મેં પીએમને સદનમાં ન આવવા વિનંતી કરી. PMએ મારા સૂચનને માન્ય રાખ્યું. બિરલાએ વિપક્ષી સાંસદોને કહ્યું કે જો તમે પોસ્ટર લઈને આવશો તો સદન ચાલશે નહીં. જે રીતે મહિલા સભ્ય પીએમની સીટ સુધી પહોંચી, તે દેશે જોયું. આ યોગ્ય નહોતું.



## જાહેર સૂચના

આથી જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે અમે, (i) વેક્ટર ગ્રીન સનરાઈઝ લિમિટેડ, ('VGSL'); (ii) વેક્ટર ગ્રીન ન્યૂ એનર્જીસ પ્રાઈવેટ લિમિટેડ, ('VGNEPL'); (iii) વેક્ટર ગ્રીન ન્યૂસોલર પ્રાઈવેટ લિમિટેડ, ('VGNSPL'); અને (iv) પાસિથિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ('PIL'), જે તમામની કોર્પોરેટ ઓફિસ બિલ્ડિંગ-7A, લેવલ-5, DLF સાયબર સિટી, ગુરુગ્રામ-122002, હરિયાણા ખાતે આવેલી છે, (તરીકે 'ભાડેદારો'), વિવિધ જમીન પાર્સલના સંબંધમાં એક્સક્લુઝિવ લીઝ રાઈટ હોલ્ડર છીએ, જે કુલ આશરે 289 એકર થાય છે, (તરીકે 'ઉક્ત મિલકત'), જેના સંદર્ભમાં ભાડેદારોએ સંબંધિત જમીન માલિકો સાથે 63 લીઝ ડીડ્સ કર્યા છે. વધુમાં અહીં સૂચિત કરવામાં આવે છે કે ઉક્ત મિલકતના સંબંધમાં નીચે દર્શાવેલ મૂળ 63 લીઝ ડીડ્સ (તરીકે 'લીઝ ડીડ્સ' અથવા 'LD'), ખોવાઈ ગયા છે અને/અથવા મળી શકતા નથી:

**A) VGNEPL ના પક્ષમાં કરવામાં આવેલ લીઝ ડીડ્સ:**

i) સર્વે નંબર્સ: 206p2 (7.06 એકર) - (LD: 291 તારીખ: 25.02.2022); 206p3 (7.06 એકર) - (LD: 89 તારીખ: 19.01.2022); ગામ: પાલડી, તાલુકો: દિયોદર, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

ii) સર્વે નંબર્સ: 1520 (0.20 એકર) (LD: 380, તારીખ: 25.02.2022); 1964 (5.22 એકર) (LD: 2094, તારીખ: 30.12.2021); 1965 (7.01 એકર) - (LD: 2092, તારીખ: 30.12.2021); 1967 (4.52 એકર) - (LD: 326 તારીખ: 18.02.2022); 2083 (3.47 એકર) - (LD: 2095, તારીખ: 30.12.2021); ગામ: ખીમત, તાલુકો: ધાનેરા, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

iii) સર્વે નંબર્સ: 921 (7 એકર), (LD:6026 તારીખ: 17.10.2022); 935 (8.72 એકર) (LD:1155, તારીખ: 04.03.2022); 936 (3.00 એકર) - (LD:417, તારીખ: 27.01.2022); 940 (3.00 એકર) - (LD: 1904 - તારીખ: 11.04.2022); ગામ: પીલુડા, તાલુકો: થરાદ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ; ('ઉક્ત મિલકત').

**B) VGNSPL ના પક્ષમાં કરવામાં આવેલ લીઝ ડીડ્સ:**

(i) સર્વે નંબર્સ: 209 (22.37 એકર) - (LD: 1971 તારીખ: 18.11.2021); 210 (5.07 એકર) (LD: 88 તારીખ: 19.01.2022); 223 (14.3 એકર) - (LD: 234 - તારીખ: 17.02.2022); ગામ: પાલડી, તાલુકો: દિયોદર, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(ii) સર્વે નંબર્સ: 2087 (1.87 એકર) (LD: 2098 તારીખ: 30.12.2021); 2088 (1.92 એકર) (LD: 2103 તારીખ: 30.12.2021); 2084 (3.70 એકર) - (LD: 187 - તારીખ: 25.01.2022); 2085 (5.99 એકર) - (LD: 377 - તારીખ: 25.02.2022); 2086 (3.72 એકર) - (LD: 378 તારીખ: 25.02.2022); 2155p1 (0.90 એકર) (LD: 379 તારીખ: 25.02.2022); ગામ: ખીમત, તાલુકો: ધાનેરા, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(iii) સર્વે નંબર્સ: 925 (7.00 એકર) - (LD: 413 તારીખ: 27.01.2022); 926 (14.74 એકર) (LD: 756 તારીખ: 09.02.2022); 921 (7 એકર) - (LD: 6025 - તારીખ: 17.10.2022); ગામ: પીલુડા, તાલુકો: થરાદ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

**C) VGSL ના પક્ષમાં કરવામાં આવેલ લીઝ ડીડ્સ:**

(i) સર્વે નંબર્સ: 486 (8.55 એકર) - (LD: 1803 તારીખ: 30.10.2021); 467 (2.75 એકર) (LD: 1805 તારીખ: 30.10.2021); 487 (10.75 એકર) (LD: 1885 તારીખ: 25.11.2021); 487 (10.75 એકર) (LD: 1886 તારીખ: 25.11.2021); 499 (4.60 એકર) - (LD: 32 - તારીખ: 07.01.2022); 493 (5.69 એકર) - (LD: 641 - તારીખ: 21.04.2022); 494 (1.81 એકર) - (LD: 642 - તારીખ: 21.04.2022); ગામ: પાદરડી, તાલુકો: કાંકરેજ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(ii) સર્વે નંબર્સ: 926 (14.74 એકર) - (LD: 755 તારીખ: 09.02.2022); 930 (5.81 એકર) (LD: 1905 તારીખ: 11.04.2022); 931 (7.88 એકર) - (LD: 2325 - તારીખ: 28.04.2022); ગામ: પીલુડા, તાલુકો: થરાદ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ; (iii) સર્વે નંબર્સ: 223 (14.3 એકર) - (LD: 233 - તારીખ: 17.02.2022); 225 (9.40 એકર) - (LD: 561 - તારીખ: 06.04.2022); ગામ: પાલડી, તાલુકો: દિયોદર, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(iv) સર્વે નંબર્સ: 2090 (2.29 એકર) - (LD: 2088 તારીખ: 30.12.2021); 1965 (7.01 એકર) (LD: 2093 તારીખ: 30.12.2021); 2082 (2.23 એકર) - (LD: 2096 - તારીખ: 30.12.2021); 2080 (4.49 એકર) - (LD: 186 - તારીખ: 25.01.2022); 1966 (2.13 એકર) - (LD: 327-તારીખ: 18.02.2022); ગામ: ખીમત, તાલુકો: ધાનેરા, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

**D) PIL ના પક્ષમાં કરવામાં આવેલ લીઝ ડીડ્સ:**

(i) સર્વે નંબર્સ: 415 (3.43 એકર) (LD: 639 તારીખ: 21.04.2022); 416 (3.76 એકર) (LD: 299 તારીખ: 24.02.2022); 417 (2.06 એકર) (LD: 298 તારીખ: 24.02.2022); 464 (2.16 એકર) (LD: 1801 તારીખ: 30.12.2021); 465 (2.22 એકર) - (LD: 640-તારીખ: 21.04.2022); 486 (8.55 એકર) - (LD: 1802 - તારીખ: 30.12.2021); 500 (4.53 એકર) - (LD: 300-તારીખ: 24.02.2022); 503 (4.85 એકર) - (LD: 1800 તારીખ: 30.10.2021); 466 (2.28 એકર) - (LD: 1884 - તારીખ: 25.11.2021); 418 (2.00 એકર) - (LD: 1887 - તારીખ: 25.11.2021); ગામ: પાદરડી, તાલુકો: કાંકરેજ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(ii) સર્વે નંબર્સ: 209 (22.37 એકર) - (LD: 1972 - તારીખ: 18.11.2021); 211 (1.93 એકર) (LD: 1970 - તારીખ: 18.11.2021); 223 (14.3 એકર) - (LD: 232 - તારીખ: 17.02.2022); ગામ: પાલડી, તાલુકો: દિયોદર, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ; (iii) સર્વે નંબર્સ: 923 (4.03 એકર) (LD: 2323 તારીખ: 28.04.2022); 926 (14.74 એકર) - (LD: 757 તારીખ: 09.02.2022); 931 (7.88 એકર) (LD: 2324 - તારીખ: 28.04.2022); 932 (2.19 એકર) - (LD: 412 - તારીખ: 27.01.2022); ગામ: પીલુડા, તાલુકો: થરાદ, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

(iv) સર્વે નંબર્સ: 1968 (3.28 એકર) (LD: 2104 તારીખ: 30.12.2021); 1969 (1.08 એકર) (LD: 2105 તારીખ: 30.12.2021); 1970 (4.40 એકર) - (LD: 2089 - તારીખ: 30.12.2021); 1971 (6.65 એકર) - (LD: 376 - તારીખ: 25.02.2022); 2081 (2.31 એકર) - (LD: 2097 તારીખ: 30.12.2021); 2005 (1.06 એકર) (LD: 2090 તારીખ: 30.12.2021); ગામ: ખીમત, તાલુકો: ધાનેરા, જિલ્લો: બનાસકાંઠા, ગુજરાત ખાતે આવેલ;

આથી જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિ/સંસ્થાએ (i) ઉક્ત મિલકતના કોઈપણ ભાગમાં અમારા લીઝહોલ્ડ અધિકારોની વિરુદ્ધ અથવા હાનિકારક હોય તે રીતે વ્યવહાર કરવો નહીં; (ii) કોઈપણ લીઝ ડીડ્સનો (અસલ અથવા તેની નકલ) કોઈપણ રીતે અને કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવો નહીં; (iii) ઉપર જણાવેલ લીઝ ડીડ્સ વિશે તેમની પાસે જે કાંઈ પણ માહિતી હોય તે નીચે આપેલા સંપર્ક વિગતો પર અમને તાત્કાલિક જણાવવી અને જો લીઝ ડીડ્સ તેમના કબજામાં હોય તો તેને સુરક્ષિત રીતે સોંપી દેવા.

ભાડેદારો વતી અને તેમના માટે
રાજેશ ઝોલદેઓ
હેડ, બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ કોમર્શિયલ ઈમેલ:
rajesh.zoldeo@sembcorp.com, ટેલિફોન: +91 (0124) 698 6700


# બ્રિજના હલકી કક્ષાના મટીરીયલને લઈને AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કર્યો કટાક્ષ

## બ્રિજ બનાવવા માટે એટલું હલકી કક્ષાનું મટીરીયલ વાપર્યું છે કે હાથ લગાડવાથી પણ તૂટી જાય





અમદાવાદ/જુનાગઢ

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પોતાની મુસાફરી દરમિયાન એક ફેસબુક લાઈવ કરીને નિર્માણાધીન બ્રિજમાં જે હલકી કક્ષાનું મટીરીયલ વાપરવામાં આવી રહ્યું છે એના પર કટાક્ષ કર્યો હતો. આ કટાક્ષપૂર્ણ ફેસબુક લાઈવમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, હું એક રસ્તા પરથી જઈ રહ્યો છું ત્યાં એક રસ્તામાં બ્રિજનું કામ ચાલી રહ્યું છે અને સરકાર ઈચ્છે છે કે કોઈની ગાડી ઠોકાઈ જાય તો લોકોને જીવ બચવો જોઈએ, તો એના માટે થઈ સરકારે પ્રયત્ન કર્યા છે કે લોકોની ગાડીને કોઈ નુકસાન ન થવું જોઈએ ભલે બ્રિજ તૂટી જાય. માટે બ્રિજ બનાવવા માટે એમણે એકદમ હલકી કક્ષાનું મટીરીયલ વાપર્યું છે. બ્રિજ બનાવવા માટે જે મટીરીયલ વપરાયું છે, તેને હાથ લગાડવાથી પણ તૂટી જાય છે. તો આ જગ્યાએ ગાડી ઠોકાય તો શું થાય તમે સમજી શકો છો કે બ્રિજ તૂટી જાય પણ ગાડી ને કંઈ ન થાય. વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, લાગે છે કે લોકોની ગાડીની અને લોકોના જીવની સરકાર ચિંતા કરે છે એટલા માટે ગાડીને કોઈ નુકસાન ન થાય એ રીતનો બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. તો સવાલ થાય કે શા માટે હલકી કક્ષાનું મટીરીયલ વાપરીને બ્રિજ બનાવવામાં આવે છે..? તો ધારો કે મજબૂત મટીરીયલ વાપર્યું હોત અને આપણી ગાડી બ્રિજ સાથે ઠોકાઈ જાય, ગાડીને નુકસાન થાત, પણ સરકાર લોકોનું નુકસાન થવા દેવા માગતી નથી. તો હલકી કક્ષાનું છે એનો મતલબ એવો નહીં કે અહીંયા ભ્રષ્ટાચાર થયો છે કે અહીંયા પૈસા ખવાઈ ગયા છે. અહીંયા ફક્ત લોકોને અને તેમની ગાડીઓને નુકસાન ન થાય તે માટે સરકારે એવો બ્રિજ બનાવ્યો છે કે કોઈ ઠોકાઈ જાય તો બ્રિજ તૂટી જાય કારણ કે બ્રિજ તો કરોડો રૂપિયાના ખર્ચે ફરીથી બનાવી દેવામાં આવશે પણ લોકો તો ગરીબ છે, તો એ બીજી વખત કઈ રીતે ગાડી લઈ શકશે? એટલે આપણી ગાડીની સલામતી માટે બ્રિજ બનાવવા માટે હલકી કક્ષાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે જે બદલ હું ભાજપ સરકારનો આભાર માનું છું.

# સંસદ સત્ર ચાલુ હોવા છતાં સરકાર અમેરિકા સાથેની ટ્રેડ ડીલની માહિતી કેમ નથી આપતી?: સાગર રબારી



અમદાવાદ

આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી સાગર રબારી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને ભાજપ સરકારને આકરા સવાલો પૂછ્યા હતા. સાગર રબારીએ જણાવ્યું હતું કે અમેરિકા સાથે ભારતની જે ટ્રેડ ડીલ થઈ છે, તેનાથી ભારતના લોકો ખૂબ જ ચિંતિત છે. સંસદ સત્ર ચાલુ હોવા છતાં સરકાર અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અંગે કોઈ માહિતી જાહેર કરતી નથી, જે અત્યંત ચિંતાજનક બાબત છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને પોતાનું 51મું રાજ્ય ગણીને આપણા દેશના નિર્ણયો લઈ રહ્યા હોય એવું લાગી રહ્યું છે. કારણ કે 140 કરોડથી વધુની વસ્તી ધરાવતા દેશની જાહેરાતો અમેરિકાના પ્રમુખ કરી રહ્યા છે. આપણા દેશના હિતની દ્રષ્ટિએ જોઈએ તો રશિયાનું ક્રૂડ ઓઈલ આપણને સસ્તામાં પડી રહ્યું છે. 1.64 લાખ કરોડનો જે રશિયન ક્રૂડ ઓઈલએ ફાયદો કરાવ્યો તેને ખરીદવાનું ધીરે ધીરે બંધ કરવામાં આવી રહ્યું છે કારણકે ટ્રમ્પ નારાજ ન થાય. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે ટ્રેડ ડીલ હોય કે ઓપરેશન સિંદૂર હોય, તમામની જાહેરાત ડોનાલ્ડ ટ્રમ્પે કરી છે. શું ભારતના ચૂંટાયેલા નેતા પોતાને ટ્રમ્પથી ઓછા માને છે? નાના નાના દેશો પણ ટ્રમ્પને જડબાતોડ જવાબ આપે છે, પરંતુ ભારતના નેતાઓ છેલ્લા દસ વર્ષથી અમેરિકાની આંખમાં આંખ નાખીને કંઈ બોલવા તૈયાર નથી. આ ટ્રેડ ડીલથી ખેડૂતો અને ખેતી સિવાય અન્ય ક્ષેત્રોને પણ નુકસાન થશે.

# જનતાનો હક છે વિધાનસભાની લાઈવ કાર્યવાહી જોવાનો: વસાવા



અમદાવાદ : ગુજરાત વિધાનસભાની કાર્યવાહી લાઈવ ટેલિકાસ્ટ કરવા બાબતે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા માંગણી કરવામાં આવતા વિધાનસભાના અધ્યક્ષ તરફથી મળેલો જવાબ અત્યંત નિરાશાજનક અને લોકશાહી ભાવનાને આઘાત પહોંચાડનાર છે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે "આ લોકશાહી છે, લોકશાહીમાં લાઈવ કરવું જોઈએ", પરંતુ અધ્યક્ષે કહ્યું હતું કે " શું કરવું એ અમે નક્કી કરીશું, એ મારો અધિકાર છે" અને લાઈવ ટેલિકાસ્ટ અંગે કોઈ સકારાત્મક વલણ દાખવ્યું નથી. આમ આદમી પાર્ટી માને છે કે વિધાનસભા કોઈ ખાનગી સંસ્થા નથી, પરંતુ જનતાના પૈસાથી ચાલતું લોકશાહી મંચ છે. આવી સ્થિતિમાં જનતાને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ શું બોલે છે, કેવી રીતે સરકારને સવાલ કરે છે અને કયા મુદ્દાઓ પર ચર્ચા થાય છે તે જાણવા મળવું તેમનો મૂળભૂત અધિકાર છે. AAPનો આક્ષેપ છે કે વિધાનસભાની કાર્યવાહી લાઈવ ન કરવાના પ્રયાસો પાછળ સરકારની અસહજતા છુપાયેલી છે. જો સરકાર અને સત્તાપક્ષ પારદર્શક હોય, તો વિધાનસભાની કાર્યવાહી જનતા સામે લાઈવ કરવામાં કોઈ વાંધો હોવો જોઈએ નહીં. ધારાસભ્ય ચૈતર વસાવાએ માત્ર લાઈવ ટેલિકાસ્ટની માંગ કરી હતી, કોઈ નિયમભંગ કર્યો ન હતો. છતાં અધ્યક્ષ તરફથી વારંવાર નકારાત્મક અભિગમ દર્શાવીને ચર્ચા બંધ કરી દીધી, એ લોકશાહી સંવાદના મૂળ ભાવના વિરુદ્ધ છે.


# CLASSIC FILAMENTS LIMITED

**CIN: L17114GJ1990PLC013667; Tel. No.: 0261-2540570;**
**Registered Office: Plot No. 1, Priyanka House, Umiyadham Road, Varachha, Surat- 395006;**
**Email: classicfilaments@ymail.com; Website: www.classicfilamentsltd.com**

**Recommendations of the Committee of Independent Directors ("IDC") of Classic Filaments Limited ("CFL" or the "Target Company") under Regulation 26(7) of the Securities and Exchange Board of India (Substantial Acquisition of Shares and Takeovers) Regulations, 2011 and subsequent amendments thereto ["SEBI (SAST) Regulations"] in relation to the Open Offer ("Offer") made by Mr. Sumit Bansal, Mr. Vikkas Bansal, Mr. Tarun Jain and Mr. Varun Jindal (hereinafter collectively referred to as the "Acquirers") to the public shareholders of the Target Company under Regulations 3(1) and 4 of the SEBI (SAST) Regulations.**

| | | |
|---|---|---|
| 1. | Date | Thursday, February 05, 2026 |
| 2. | Name of the Target Company | Classic Filaments Limited |
| 3. | Details of the Offer pertaining to Target Company | This Open Offer is being made by the Acquirers for the acquisition of upto 15,89,471 (Fifteen Lakhs Eighty-Nine Thousand Four Hundred and Seventy-One) fully paid-up equity shares of face value of Rs. 10/- each, representing 26.00% of the total paid-up equity and voting share capital of the Target Company at a price of Rs. 12/- (Rupees Twelve Only) (**"Offer Price"**), payable in cash in terms of Regulations 3(1) and 4 of the SEBI (SAST) Regulations.<br>The Public Announcement dated October 24, 2025 (**"PA"**), Detailed Public Statement dated October 31, 2025 (**"DPS"**), The Draft Letter of Offer dated November 10, 2025 (**"DLOF"**) and the Letter of Offer dated January 28, 2026 (**"LOF"**) have been issued by VC Corporate Advisors Private Limited, being the Manager to the Offer, on behalf of the Acquirers. |
| 4. | Names of the Acquirers ~~and PACs with the Acquirers~~ | Mr. Sumit Bansal (**"Acquirer 1"**);<br>Mr. Vikkas Bansal (**"Acquirer 2"**);<br>Mr. Tarun Jain (**"Acquirer 3"**); and<br>Mr. Varun Jindal (**"Acquirer 4"**)<br>[There is no Person Acting in Concert with the Acquirers] |
| 5. | Name of the Manager to the Offer | **Name:** VC Corporate Advisors Private Limited<br>**SEBI Regn No.:** INM000011096<br>**Validity of Registration:** Permanent<br>**CIN:** U67120WB2005PTC106051<br>(**Contact Person:** Ms. Urvi Belani / Mr. Premjeet Singh)<br>31, Ganesh Chandra Avenue, 2nd Floor, Suite No.-2C,<br>Kolkata-700 013<br>**Tel. No:** (033) 2225 3940<br>**Email:** mail@vccorporate.com<br>**Website:** www.vccorporate.com |
| 6. | Members of the Committee of Independent Directors | **Sr. No. / Name of Independent Directors / Designation**<br>1. Bhavesh Lakhabhai Dholiya – Chairman<br>2. Arunaben Vijaybhai Kachchhi – Member |
| 7. | IDC Member's relationship with the Target Company (Director, Equity shares owned, any other contract / relationship), if any | 1. All IDC Members are the Non-Executive & Independent Directors of the Target Company.<br>2. Mr. Bhavesh Lakhabhai Dholiya through himself, his wife and thorugh his HUF hold 100 equity shares each aggregating to 300 equity shares constituting 0.005% of the fully paid-up equity share capital of the Target Company. Except the afore mentioned the independent Directors do not hold any equity shares in Target Company.<br>3. IDC members have not entered into any contract or have any other relationships with the Target Company except for being Directors of the Target Company and their shareholding as stated above. |
| 8. | Trading in the Equity shares/other securities of the Target Company by IDC Members | No trading has been done by the IDC Members in the equity shares/ other securities of the Target Company from the date of Public Announcement till the date of this recommendation. |
| 9. | IDC Member's relationship with the Acquirers, if any. | None of the IDC Members have any relationship with the Acquirers. |
| 10. | Trading in the Equity shares/other securities of the Acquirers by IDC Members | Not Applicable |
| 11. | Recommendation on the Open offer, as to whether the offer, is or is not, fair and reasonable | Based on the review of the Public Announcement, the Detailed Public Statement, the Draft Letter of Offer and the Letter of Offer issued by the Manager to the Offer, on behalf of the Acquirers, the IDC Members believe that the Open Offer is fair and reasonable. |
| 12. | Summary of reasons for recommendation | The IDC has taken into consideration the following for making recommendations:<br>a) The Equity Shares of the Target Company are presently listed on the BSE Limited (**"BSE"**) only. The Total Trading Turn over in the Equity Shares of the Target Company on BSE, i.e. the nationwide trading terminal during the twelve calendar months preceding the calendar month in which the Public Announcement was made is less than ten percent of the total number of equity shares of the Target Company. Therefore, the equity shares of the Target Company are infrequently traded on BSE within the meaning of explanation provided in Regulation 2(1)(j) of the SEBI (SAST) Regulations.<br>b) The Offer Price of Rs. 12/- per equity share is higher than the fair value of Rs. 11.96 per equity share as determined through customary valuation methods andcertified by Mr. Suman Kumar Verma, Registered Valuer, IBBI Regn.: IBBI/RV/05/2019/12376, Cost Management Accountants, having office at Plot No. WZ-D-9, KH No. 83/14, Lane No. 5, Mahavir Enclave, Palam Colony, New Delhi- 110045, Mobile No. +91 9716633301, Email Id: cmaskverma@gmail.com, vide certificate dated October 24, 2025 through his Valuation Report bearing UDIN 2528453ZZNZHDVPK3Y in accordance with the SEBI (SAST) Regulations.<br>c) The Offer Price of Rs. 12/- per equity share is higher than the negotiated price of Rs. 10/- per equity share paid by the Acquirers pursuant to the Share Purchase Agreement with the Sellers.<br>d) Based on the above the IDC is of the opinion that as on the date of this recommendation, the Offer Price of Rs. 12/- (Rupees Twelve Only) per equity share offered by the Acquirers to the public shareholders of the Target Company, being the highest price determined in accordance with the Regulation 8(2) of the SEBI (SAST) Regulations prima facie appears to be justified.<br>Therefore, IDC recommends acceptance of the Open Offer made by the Acquirers as the Offer Price of Rs. 12/- per fully paid-up equity share is fair and reasonable.<br>However, IDC would like to draw attention of the shareholders that the equity shares of the Target Company are presently trading on BSE at a price that is higher than the Offer Price. The shareholders are advised to independently evaluate the Open Offer via current share price and take an informed decision, before participating in the Open Offer. |
| 13. | Details of Independent Advisors, if any. | None |
| 14. | Any other matter to be highlighted | No |

To the best of our knowledge and belief, after making proper enquiry, the information contained in or accompanying this statement is, in all material respect, true and correct and not misleading, whether by omission of any information or otherwise, and includes all the information required to be disclosed by the Target Company under the SEBI (SAST) Regulations.

Capitalized terms used in this announcement, but not defined, shall have the same meaning assigned to them in the PA, DPS and the LOF.

**For Classic Filaments Limited**
**Sd/-**
**Bhavesh Lakhabhai Dholiya**
**DIN: 07641315**
**Chairman- Committee of Independent Directors**


**Place: Surat**
**Date: 05.02.2026**


# AMC દ્વારા 32 કરોડના ખર્ચે કતલખાનું બનાવવા મુદ્દે AAP નેતા ડૉ. કરન બારોટે ભાજપ સરકારને આડે હાથ લીધી



અમદાવાદ : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભ્રષ્ટ ભાજપ દ્વારા 32 કરોડના ખર્ચે કતલખાનું શરૂ કરવાની વાત સામે આવી ત્યારબાદ આ વાત પર સરકાર દ્વારા લીપાપોતી કરવાની શરૂઆત થઈ ગઈ. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ વિચાર સૌથી પહેલા કોના મનમાં આવ્યો? જે પણ ભાજપનો નેતા હોય કે મ્યુનિસિપલ કમિશનર હોય એવા કોઈપણ વ્યક્તિના કહેવાથી જો સરકારને વિચાર આવ્યો હોય તેના ઉપર તાત્કાલિક ધોરણે પગલાં લેવા જોઈએ. આપણે અગાઉ પણ જોયું છે કે આ સરકારના રાજમાં મંદિરોને પોસ્ટરોથી ઢાંકી દેવામાં આવે છે અને હિન્દુઓની આસ્થા સાથે ખીલવાડ કરવામાં આવે છે. થોડા દિવસ પહેલા આજ સરકારના ભ્રષ્ટાચારને કારણે એક જગ્યા પર ખાડો પડવાથી બે ગાયના મૃત્યુ થયા. આ સરકારના કારણે જ ગુજરાતમાં ગાયોનું પ્રમાણ દિવસે ને દિવસે ઘટી રહ્યું છે અને આ એ જ સરકાર છે જે કહે છે કે સમગ્ર ગુજરાતમાં કતલખાના બંધ થવા જોઈએ. હવે આવી જ સરકારના રાજમાં 32 કરોડના ખર્ચ અમદાવાદમાં કતલખાના શરૂ કરવાની વાત કરવામાં આવે છે. AAP નેતા ડૉ. કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે, આ કતલખાનાના કારણે પશુ દીઠ 25 રૂપિયાની આવક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને થશે અને એ પૈસાનો ખર્ચો પ્રજા પર કરવામાં આવશે. હું સરકારને કહેવા માગું છું કે તમારી જોડે પૈસા ન હોય તો જાહેરાત કરી દો, આમ આદમી પાર્ટી રોડ પર ઉતરશે અને લોકો સમક્ષ આજીજી-વિનંતી કરશે અને થતા બનતા તમામ પ્રયત્નો કરીને રૂપિયા ભેગા અમે કોર્પોરેશનને આપીશું. કોર્પોરેશનના રાજમાં એસ્ટેટ વિભાગના ત્રાસથી મહિલાઓએ કેરોસીન છાંટીને આત્મહત્યા કરવી પડે છે. આ સરકારના રાજમાં ખુલ્લેઆમ બીફ વેચાય છે અને બીફ એક્સપોર્ટ કરતી જે કંપનીઓ છે તેના પાસેથી ફંડ લઈને ભાજપ દ્વારા કમલમ બનાવવામાં આવે છે. અમારી સ્પષ્ટ માંગણી છે કે અમદાવાદમાં આ કતલખાનુ ન હોવું જોઈએ અને જે પણ કતલખાના હોય તેને બંધ કરવા જોઈએ. અમારી માંગ છે કે જેના પણ મનમાં કતલખાનુ ખોલવાનો વિચાર આવ્યો હોય એ વ્યક્તિનું નામ સરકારે જાહેર કરવું જોઈએ.

# દાહોદ આદિજાતિ મ્યુઝીયમ ખાતે સંપૂર્ણતા અભિયાન 2.0નો શુભારંભ



દાહોદ | દાહોદ જિલ્લામાં દાહોદ ખાતે આવેલ આદિજાતિ મ્યુઝીયમ ખાતે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને દાહોદમાં પ્રગતિ અને નવીનતા લાવવાના હેતુથી એક પહેલ રૂપે સંપૂર્ણતા અભિયાન ૨.૦ નો શુભારંભ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ દરમ્યાન ગરબાડા તાલુકાને આકાંક્ષી જિલ્લાની શ્રેણીમાંથી બહાર લાવી ગરબાડા તાલુકામાં સર્વાંગી વિકાસ સાધવા માટે સરકારની આ એક આગવી પહેલ કરવામાં આવી રહી છે, ત્યારે આંગણવાડી, આરોગ્ય અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે તેમજ માળખાગત સુવિધાઓ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, નીતિ આયોગ દ્વારા શરૂ કરવામાં આવેલ એસ્પીરેશનલ બ્લોક પ્રોગ્રામ હેઠળ ગુજરાત રાજ્યના કુલ ૧૦ જિલ્લાના ૧૩ તાલુકાઓમાંથી દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ સૌ અધિકારીઓને સંબોધતાં કહ્યું હતું કે, સંપૂર્ણતા અભિયાન ૨.૦ માં દાહોદ ઉત્કૃષ્ટ કામગીરી કરીને અગ્રેસર આવે તે માટેના પ્રયાસો કરવાના છે. ગરબાડા તાલુકો આકાંક્ષી બ્લોકમાંથી આદર્શ તાલુકો બને એ તરફ આગળ વધવાનું છે.

# પશ્ચિમ રેલવે દ્વારા હોળી તહેવારના અવસર પર હોલિડે સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

(એજન્સી) અમદાવાદ તા.05

પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી 231 હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી; મજબૂત હોલ્ડિંગ તથા ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ સુનિશ્ચિત તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા અને સરળ આવાગમન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતાં, પશ્ચિમ રેલવે આવનારા હોળી તહેવાર દરમિયાન સંભવિત મુસાફર ભીડને સંભાળવા માટે વ્યાપક તૈયારીઓ સાથે સંપૂર્ણ રીતે સજ્જ છે. મુસાફરોની વધતી મુસાફરી માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી 231 હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી છે. આ સ્પેશિયલ ટ્રેનો 01 માર્ચથી 22 માર્ચ, 2026 દરમિયાન દેશના વિવિધ ગંતવ્યો માટે ચલાવવામાં આવશે, જેમાં ઉત્તર અને પૂર્વ ભારતના મુખ્ય પ્રદેશો–ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત અન્ય મહત્વપૂર્ણ રાજ્યો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ટ્રેનોની યોજના મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો ઉપલબ્ધ કરાવવા તથા તહેવારો દરમિયાન આરામદાયક અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોના સંચાલનની પૂર્વ આયોજન સાથે વિવિધ સેક્ટરોમાં આરક્ષણ પ્રવૃત્તિઓ અને મુસાફર માંગની સતત દેખરેખ રાખીને એક સક્રિય અને મુસાફર-કેન્દ્રિત અભિગમ અપનાવવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, હોળી તહેવાર દરમિયાન મુસાફર ભીડના સુચારુ સંચાલન માટે પશ્ચિમ રેલવે વધારાની ટ્રેન સેવાઓ અને વ્યાપક મુસાફર સુવિધા પગલાં સાથે સંપૂર્ણ રીતે તૈયાર છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સ્ટેટ મોનિટરિંગ સેલની મોટી કાર્યવાહી

# વડોદરા એસઓજીના ASIની ધરપકડ ડમી સીમકાર્ડ અને હેરોઈન તસ્કરી કાંડ




વડોદરા: કાયદાના રક્ષક જ જ્યારે ભક્ષક બને ત્યારે પોલીસ તંત્રની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા થાય છે. વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) ના સસ્પેન્ડેડ એ.એસ.આઈ. લક્ષ્મીકાંત દેસાઈના રિમાન્ડ આજે પૂર્ણ થતા તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સ્ટેટ મોનિટરિંગ સેલ (એસ.એમ.સી.) દ્વારા કરવામાં આવેલી આ તપાસમાં દરરોજ નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી પોલીસકર્મી સામે ડમી સીમકાર્ડના ઉપયોગ બદલ નવી કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે, જે તેમની મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે. આ સમગ્ર પ્રકરણની શરૂઆત ગત ૯મી જાન્યુઆરીએ થઈ હતી, જ્યારે એસ.એમ.સી.ની ટીમે વડોદરા રેલવે સ્ટેશન પરથી અંદાજે ૨૪૦ ગ્રામ ઉચ્ચ ગુણવત્તાના હેરોઈન સાથે અમરીકસિંઘ ઉર્ફે સોનુ મલ્હીને ઝડપી પાડ્યો હતો. ધરપકડ કરાયેલા ડ્રગ્સ પેડલરની પૂછપરછમાં વડોદરા એસ.ઓ.જી.ના એ.એસ. આઈ. લક્ષ્મીકાંત દેસાઈનું નામ સામે આવતા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે લક્ષ્મીકાંત દેસાઈ પોલીસની હિલચાલ અને સંભવિત દરોડાની ગુપ્ત માહિતી આરોપી સોનુને પૂરી પાડતો હતો, જેના બદલામાં તેને મોટી રકમ મળતી હોવાની શંકા છે.

### ગાંધીનગર, અમદાવાદ-ભાવનગર જિલ્લામાં યોજાયેલા

# લગ્ન પ્રસંગોમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા ઉપસ્થિત



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર, અમદાવાદ તેમજ ભાવનગર જિલ્લામાં આજે આયોજિત વિવિધ લગ્ન પ્રસંગોમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ પરિવારો દ્વારા આયોજિત લગ્ન સમારોહોમાં હાજરી આપીને તેમણે પરિવારજનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શ્રી બાવળીયા સાહેબે નવયુગલને સુખી, સમૃદ્ધ અને સુમેળભર્યા દાંપત્યજીવન માટે આશીર્વાદ આપ્યા હતા. તેમણે લગ્ન સંસ્કારને ભારતીય સંસ્કૃતિની મજબૂત પરંપરા તરીકે વર્ણવી, પરિવાર અને સમાજમાં તેના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

### લગ્નનો પ્રસંગ શોકમાં ફેરવાયો,પલાસવાડાના યુવકનું કરુણ મૃત્યુ

# ડભોઈ વડોદરા રોડ પર ટ્રક અકસ્માતમાં મોત ટ્રકના તોતિંગ પૈંડા ફરી વળ્યા




ડભોઈ: ડભોઈ-વડોદરા માર્ગ પર અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં વધુ એક નિર્દોષ માનવીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગઈકાલે સાંજે કુંઢેલા ગામ નજીક રેતી ભરેલી એક બેફામ ટ્રકે બાઈક સવાર યુવકને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટ્રકના તોતિંગ પૈંડા યુવકના શરીર પર ફરી વળતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. સૌથી દુઃખદ બાબત એ છે કે મૃતકના ઘરમાં બે દિવસ બાદ જ મંગળ ગીતો ગાવાના હતા, પરંતુ કુદરતની ક્રૂરતાને કારણે લગ્નનો હરખ શોકમાં ફેરવાઈ ગયો છે. મળતી વિગતો અનુસાર, ડભોઈ તાલુકાના પલાસવાડા ગામે ટેકરાવાળા ફળિયામાં રહેતા ૪૨ વર્ષીય વિરલ મહેન્દ્રભાઈ પટેલ ખેતીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગઈકાલે સાંજે તેઓ પોતાની બાઈક લઈને પલાસવાડાથી વડોદરા સ્થિત પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન કુંઢેલા ગામ પાસે પાછળથી આવી રહેલી રેતી ભરેલી ટ્રકના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વિરલભાઈ રોડ પર ફંગોળાયા હતા અને ટ્રકના તોતિંગ પૈંડા તેમની કમર અને ગુપ્ત ભાગો પર ફરી વળ્યા હતા.અકસ્માત બાદ લોહીલુહાણ હાલતમાં પડેલા વિરલભાઈને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલના બિછાને તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાની જાણ થતા જ ડભોઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અકસ્માત સર્જીને ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને ફરાર થઈ ગયો છે.

### ગાંધીનગર જિલ્લા ભાજપા સંગઠનના

# નવનિયુક્ત પદાધિકારીઓની પ્રથમ સંગઠાત્મક બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ દ્વારા ગઠિત જિલ્લા ભાજપ સંગઠનની નવનિયુક્ત ટીમની પ્રથમ શુભેચ્છા બેઠક જિલ્લા ભાજપ કાર્યાલય, સેક્ટર -૨૧ ખાતે યોજાઈ ગઈ હતી. આ પ્રસંગે શહેર જિલ્લા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલે સર્વે નવનિયુક્ત પદાધિકારીઓને સંબોધતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ, દુરંદેશી અને લોકહિતકારી નેતૃત્વ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના કુશળ માર્ગદર્શન હેઠળ ભાજપા આજે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ 1શ્રી નીતિન નવીનજી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્માજીના માર્ગદર્શનમાં પક્ષના સંગઠનાત્મક કાર્યક્રમોને વધુ મજબૂત , સંકલિત અને અસરકારક બન્યા છે. દરેક બુથના નાગરિક સુધી ભાજપાની વિચારધારા તેમજ કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવતી પ્રજાલક્ષી યોજનાઓ, વિકાસકાર્યો અને જનહિતકારી કામગીરીને ગ્રાઉન્ડ લેવલે પહોંચાડવામાં સંગઠનની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

### બ્લેક ઈગલ્સ એરોબેટિક ટીમનો જામનગર પ્રવાસ

# જામનગર એરફોર્સ સ્ટેશને દક્ષિણ કોરિયાના વિમાનોનું ઉતરાણ, નવ ફાઈટર જેટ્સથી આકાશ ગુંજ્યું



જામનગર: ગુજરાતનું જામનગર એરફોર્સ સ્ટેશન ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યું છે. દક્ષિણ કોરિયાના એરફોર્સના અદ્યતન વિમાનોના કાફલાએ ટૂંકા રોકાણ માટે જામનગરના આંગણે ઉતરાણ કર્યું હતું. સાઉદી અરેબિયાના રિયાધ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત 'વર્લ્ડ ડિફેન્સ શો'માં ભાગ લેવા જઈ રહેલી દક્ષિણ કોરિયાની વિખ્યાત એરોબેટિક ટીમ 'બ્લેક ઈગલ્સ'ના વિમાનોએ આ વ્યૂહાત્મક રોકાણ કર્યું હતું. આ તકે ભારતીય વાયુસેનાએ (IAF) એક આદર્શ યજમાનની ભૂમિકા ભજવીને મિત્ર દેશના વિમાનોને ઈંધણ અને ટેકનિકલ સુવિધાઓ પૂરી પાડી હતી. જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે ઉતરેલા આ કાફલામાં કુલ ૧૦ વિમાનોનો સમાવેશ થાય છે. જેમાં દક્ષિણ કોરિયાના વાયુસેનાના ૯ અત્યંત આધુનિક T-50-B ફાઈટર જેટ્સ અને એક વિશાળકાય C-130 ટ્રાન્સપોર્ટ વિમાન સામેલ હતું. આ વિમાનો જ્યારે જામનગરના આકાશમાં ગુંજ્યા ત્યારે વાતાવરણ રોમાંચક બની ગયું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વિમાનો લાંબા અંતરની સફર દરમિયાન સતત ઉડવા માટે સક્ષમ ન હોવાથી, રસ્તામાં વિવિધ એરપોર્ટ પર વિરામ લેવો અનિવાર્ય હોય છે, જેના ભાગરૂપે જામનગરની પસંદગી કરવામાં આવી હતી. દક્ષિણ કોરિયાની આ ટીમને ભારતીય વાયુસેનાએ ફ્યુલ અને ટેકનિકલ મદદ પૂરી પાડીને બે દેશો વચ્ચેના ગાઢ સંબંધોનો પરિચય આપ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આટલા મોટા કાફલા માટે કસ્ટમ્સ અને ઈમીગ્રેશનની પ્રક્રિયા પણ એરફોર્સ સ્ટેશન પર જ અત્યંત ઝડપી અને સરળ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. દક્ષિણ કોરિયાના જવાનોએ આ ઉષ્માભર્યા સ્વાગત અને વ્યાવસાયિક સહાય બદલ ભારતીય વાયુસેનાનો આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ટીમે નાગપુર ખાતે વિરામ લીધા બાદ જામનગરની દિશા પકડી હતી.આ વિમાની કાફલો સાઉદી અરેબિયાના રિયાધ ખાતે યોજાનારા વર્લ્ડ ડિફેન્સ શોમાં પોતાની કરતબો બતાવવા જઈ રહ્યો છે. 'બ્લેક ઈગલ્સ' એરોબેટિક ટીમ વિશ્વભરમાં તેના અદભૂત હવાઈ કરતબો અને ચોકસાઈ માટે જાણીતી છે.

### સાબરમતીના તટે 'વોકલ ફોર લોકલની ગુંજ'

# રિવરફ્રન્ટ એક અલગ જ ઊર્જાથી ધબકી ઉઠ્યો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે આવેલો આધુનિક રિવરફ્રન્ટ એક અલગ જ ઊર્જાથી ધબકી ઉઠ્યો હતો, જ્યાં કોંક્રીટના જંગલની વચ્ચે, પ્રકૃતિના ખોળે ઉછરેલી આદિવાસી સંસ્કૃતિ અને કલાનો એક અનોખો સંગમ સર્જાયો હતો. આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી દ્વારા વલ્લભ સદન, રિવરફ્રન્ટ ખાતે તા. ૨૮ જાન્યુઆરીથી ૦૩ ફેબ્રુઆરી સુધી 7 દિવસીય 'પરંપરાગત આદિવાસી હસ્તકલા, આહાર અને વનૌષધિય મેળા'નું સફળ આયોજન કરાયું. અહીં માત્ર વસ્તુઓનું વેચાણ જ નહીં, પરંતુ એક સશક્ત આદિવાસી સમાજની ગાથા રજૂ કરાઈ. ઊર્જાવાન અને પ્રજાસેવક આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળાએ શહેરીજનોને સીધા જ આદિવાસી લોકજીવન સાથે જોડી દીધા હતા. ડાંગના ગાઢ જંગલો હોય કે સાપુતારાના ડુંગરો રાજ્યના ૧૩ જેટલા જિલ્લાઓમાંથી આવેલા કલાકારો માટે આ મેળો આજીવિકાનું કેન્દ્ર બન્યો હતો. મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સરકાર દ્વારા આયોજિત મેળામાં ૪૨ આદિવાસી હસ્તકલાકૃતિ, ૧૭ વનૌષધિય ચિકિત્સા પ્રણાલી અને ૧૬ પરંપરાગત આહારના સ્ટોલ મળી કુલ ૭૫ સ્ટોલ્સ બનાવવામાં આવ્યા હતા.

# સિધ્ધેશ્વર પ્રાઈમ પ્લસ સાઈટના બિલ્ડર દ્વારા ઈન્વેસ્ટર સાથે ૩ કરોડની છેતરપિંડી

## સુરેશ પાનસુરિયા અને ભાગીદારો સામે ગુનો

વડોદરા: વડોદરાના રિયલ એસ્ટેટ માર્કેટમાં વધુ એક છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હરણી-સમા લિન્ક રોડ પર આવેલી જાણીતી 'સિધ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' સાઈટના બિલ્ડર ગ્રુપ દ્વારા એક ઈન્વેસ્ટર વેપારી સાથે અંદાજે ૩ કરોડ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. કારેલીબાગ વિસ્તારના વેપારીને વિશ્વાસમાં લઈ રોકાણ કરાવ્યા બાદ, વળતર ન આપી અને મૂડી પરત માંગતા ધમકી આપનાર બિલ્ડર સુરેશ પાનસુરિયા અને તેના ભાગીદારો વિરુદ્ધ પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાની વિગતો મુજબ, કારેલીબાગના મંગલાપાર્કમાં રહેતા અને બોરસદ ખાતે ગેસ એજન્સી તેમજ વાયર ફેક્ટરી ધરાવતા દર્શિત કમલેશભાઈ શાહે આ ફરિયાદ નોંધાવી છે. દર્શિતભાઈના પૂર્વ બિઝનેસ પાર્ટનર અશ્વિન ગોલવીયાના મારફતે તેમના સંબંધી સુરેશ પાનસુરિયા સાથે મુલાકાત થઈ હતી. સુરેશે પોતાની હરણી-સમા રોડ પરની 'સિધ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' સાઈટમાં આર્થિક રોકાણ કરવા માટે દર્શિતભાઈને સમજાવ્યા હતા. જૂના સબંધો અને વિશ્વાસના આધારે દર્શિતભાઈએ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૨ કરોડ રૂપિયાનું તોતિંગ રોકાણ કર્યું હતું. ઈન્વેસ્ટમેન્ટના બદલામાં સલામતીના ભાગરૂપે બિલ્ડર સુરેશ પાનસુરિયાએ દર્શિતભાઈને તે જ સાઈટમાં ત્રણ ફ્લેટનું બાનાખત કરી આપ્યું હતું. શરૂઆતના સમયમાં બિલ્ડર દ્વારા રોકાણ પર વળતર પેટે રકમ ચૂકવવામાં આવતી હતી, જેના કારણે વેપારીને શંકા ગઈ નહોતી. જોકે, થોડા સમય બાદ પેમેન્ટ આવવાનું બંધ થઈ ગયું હતું. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે વેપારીએ બાકી નીકળતું વળતર અને પોતાની મૂળ મૂડી પરત માંગી, ત્યારે બિલ્ડર ગ્રુપનો અસલી ચહેરો સામે આવ્યો હતો.

### ૩ કરોડની છેતરપિંડી અને ધાક-ધમકી

દર્શિતભાઈના જણાવ્યા અનુસાર, મૂળ મૂડી અને ચઢેલા વ્યાજ સહિત કુલ ૩ કરોડ રૂપિયા જેવી રકમ લેવાની નીકળતી હતી. બિલ્ડર સુરેશ પાનસુરિયા અને તેના ભાગીદાર ભાઈઓએ પૈસા પરત કરવાને બદલે વેપારીને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. જે ફ્લેટના બાનાખત સિક્યુરિટી પેટે અપાયા હતા, તે બાબતે પણ ગૂંચવણો ઊભી કરવામાં આવી હતી. આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતા દર્શિતભાઈએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

### તમારું કન્ટેન્ટ મજબૂત હશે તો જ તમે સ્પર્ધામાં ટકી શકશો

# અમદાવાદમાં 'પત્રકારત્વની વિસ્તરતી ક્ષિતિજો' વિષય પર 'સર્જક સાથે સંવાદ' સેમિનાર યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત 'પત્રકારત્વની વિસ્તરતી ક્ષિતિજો: ન્યૂઝપેપરથી ન્યૂઝપોર્ટલ સુધી' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય પત્રકારત્વના ક્ષેત્રમાં આવી રહેલા આધુનિક પરિવર્તનો અને ડિજિટલ યુગના પડકારો વિશે ભાવિ પત્રકારોને અવગત કરાવવાનો હતો. સેમિનારમાં પત્રકારત્વના વર્તમાન પ્રવાહો અને ટેકનોલોજીના કારણે માધ્યમોમાં આવેલા બદલાવ વિશે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.આ અવસરે વરિષ્ઠ પત્રકાર અને મીડિયા તજજ્ઞ શ્રી નરેશ દવેએ પત્રકારત્વના મૂલ્યો વિશે વાત કરતા જણાવ્યું હતું કે, માધ્યમ ભલે બદલાય પરંતુ 'કન્ટેન્ટ ઈઝ કિંગ'. તેમણે સ્પષ્ટ કર્યું કે ન્યૂઝપેપર હોય કે ન્યૂઝ પોર્ટલ, જો તમારું કન્ટેન્ટ મજબૂત અને સત્યતાસભર હશે તો જ તમે આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી શકશો.સોશિયલ મીડિયાના ફાયદા જણાવતા શ્રી દવેએ કહ્યું કે, આ માધ્યમે સામાન્ય માણસને પણ પોતાનો અવાજ રજૂ કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે, પરંતુ તેની સાથે જવાબદારી પણ વધી છે. તેમણે વિદ્યાર્થીઓને ખાસ અનુરોધ કર્યો કે પત્રકારત્વમાં 'રાઈટિંગ સ્કિલ' અને 'ભાષાની સજ્જતા' અનિવાર્ય છે, કારણ કે લખેલું હંમેશા વંચાય છે અને તે લાંબા સમય સુધી પ્રભાવ છોડે છે.

# કચ્છની ૧૨ હસ્તકલાઓથી ઘરનું ઈન્ટિરિયર આધુનિક મકાનોમાં દેખાશે પરંપરાની ઝલક

## લુપ્ત થતી કલાને જીવંત રાખવાનો પ્રયાસ

વડોદરા: ગુજરાતની સંસ્કારનગરી વડોદરા સ્થિત વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ફરી એકવાર પરંપરા અને આધુનિકતાના સમન્વય માટે ચર્ચામાં આવી છે. યુનિવર્સિટીની હોમસાયન્સ ફેકલ્ટીના સંશોધકોએ કચ્છના રણની શાન ગણાતી ૧૨ જેટલી વિભિન્ન હસ્તકલાઓનો ઉપયોગ કરીને ઘરના ઈન્ટિરિયરને એક નવો લુક આપવાનો સફળ પ્રયોગ કર્યો છે. આ સંશોધન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સદીઓ જૂની હસ્તકલાઓને આધુનિક જીવનશૈલીનો હિસ્સો બનાવીને તેને લુપ્ત થતી બચાવવાનો અને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવાનો છે. ઈન્ટિરિયર ડિઝાઈનિંગની વિદ્યાર્થિની શ્રુતિ ચૌધરી છેલ્લા ત્રણ વર્ષથી આ રસપ્રદ વિષય પર પીએચડી (PhD) કરી રહી છે. ફેકલ્ટીના પ્રોફેસર ડો. સરજૂ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રુતિએ કચ્છના અંતરિયાળ ગામડાઓની મુલાકાત લીધી હતી. આ સંશોધન દરમિયાન તેણે માત્ર કલા જ નહીં, પણ તે કલા પાછળ જોડાયેલા કારીગરોની સંઘર્ષગાથાને પણ નજીકથી નિહાળી છે. શ્રુતિએ આ કલાઓના સંરક્ષણ માટે એક ડોક્યુમેન્ટરી પણ તૈયાર કરી છે, જેમાં કચ્છની વિરાસતને આવરી લેવામાં આવી છે. સામાન્ય રીતે લોકો આધુનિક ઈન્ટિરિયરમાં પાશ્ચાત્ય શૈલી પસંદ કરતા હોય છે, પરંતુ આ સંશોધકોએ સાબિત કર્યું છે કે કચ્છની રોગન આર્ટ, અજરખ પ્રિન્ટ, લિપ્પણ કામ, બાંધણી, અને ખાદી જેવી હસ્તકલાઓથી ઘરને વધુ જીવંત અને આકર્ષક બનાવી શકાય છે. સંશોધન મુજબ, ઘરના વિવિધ ફર્નિચર, પડદા, વોલ પીસ અને આર્ટિફેક્ટ્સમાં આ ૧૨ કલાઓનો બખૂબી ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રકારનું 'થીમ બેઝ્ડ' ઈન્ટિરિયર ન માત્ર સુંદર લાગે છે પણ તે ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ પણ કરે છે. ડો. સરજૂ પટેલના જણાવ્યા અનુસાર, 'કચ્છની કેટલીક હસ્તકલાઓ અત્યારે અસ્તિત્વની લડાઈ લડી રહી છે અને માત્ર જૂજ પરિવારો જ તેને જીવંત રાખી શક્યા છે.' જો આ હસ્તકલાઓને ઈન્ટિરિયર ડિઝાઈનિંગના વ્યવસાયમાં સત્તાવાર રીતે સ્થાન મળે, તો આંતરરાષ્ટ્રીય સ્તરે તેની માંગ વધી શકે છે. આ પ્રોજેક્ટ દ્વારા કારીગરોને આધુનિક જરૂરિયાતો મુજબ ડિઝાઈન બનાવવાની સમજ પણ આપવામાં આવી રહી છે, જેથી તેમને આર્થિક રીતે પણ મોટો ટેકો મળી શકે.

# જૂનાગઢ મનપા દ્વારા મૃત ગૌવંશની અવદશા: ડમ્પિંગ સાઈટના ઉકરડામાં ફેંકાયા મૃતદેહો

## કરોડોની ગેસ ભઠ્ઠી ધૂળ ખાય છે, ડમ્પિંગ સાઈટ પર મૃતદેહોના ઢગલા



જૂનાગઢ: જૂનાગઢ મહાનગરપાલિકાના શાસકોની સંવેદનહીનતા ફરી એકવાર સપાટી પર આવી છે. પવિત્ર ગિરનારની ગોદમાં આવેલા આ શહેરમાં હિન્દુઓની આસ્થા સમાન ગૌવંશના મોત બાદ પણ તેમનો મલાજો જાળવવામાં મનપા તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે. શહેરની ડમ્પિંગ સાઈટ પર મૃત ગૌવંશને સન્માનપૂર્વક દાટવા કે અગ્નિદાહ આપવાને બદલે ઉકરડા અને કચરાના ઢગલા વચ્ચે ફેંકી દેવામાં આવતા ગૌપ્રેમીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. મનપાના આ કૃત્યથી પર્યાવરણના નિયમોના ધજાગરા ઉડ્યા છે અને આસપાસના વિસ્તારમાં ભયાનક દુર્ગંધ ફેલાઈ રહી છે. થોડા વર્ષો પહેલા જૂનાગઢ મનપાએ સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર પશુઓ માટે ગેસ ભઠ્ઠી વસાવવાનો દાવો કર્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે ડમ્પિંગ સાઈટ પર આ ભઠ્ઠી ફિટ કરવામાં આવી હતી જેથી મૃત પશુઓને માણસોની જેમ સન્માનપૂર્વક અગ્નિદાહ આપી શકાય. આ સમયે નેતાઓએ મોટા મોટા ફોટા પડાવીને વાહવાહી લૂંટી હતી. જોકે, વર્તમાન પરિસ્થિતિ જોતા લાગે છે કે આ ગેસ ભઠ્ઠી માત્ર કાગળ પર જ ચાલે છે. જો ભઠ્ઠી કાર્યરત હોત તો પવિત્ર ગૌવંશને ઉકરડામાં રઝળતા મુકવાનો વારો ન આવ્યો હોત. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) ની સ્પષ્ટ ગાઈડલાઈન મુજબ, કોઈપણ મૃત પશુના દેહને ખુલ્લામાં ફેંકી શકાય નહીં.

### ભારતીય જ્ઞાન પરંપરા-સાયબર સિક્યોરિટીના સંગમથી

# 'વિકસિત ભારત@2047'નું સપનું સાકાર થશે: શિક્ષણ મંત્રી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



'ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાઈબર સિક્યુરિટી' વિષય અંગે આયોજિત સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, ભારતીય જ્ઞાન પરંપરા અને સાયબર સિક્યોરિટીના સંગમથી 'વિકસિત ભારત@૨૦૪૭'નું સપનું સાકાર થશે. આજે સમગ્ર વિશ્વમાં આધુનિક સંશોધન અને ટેકનોલોજી ઝડપથી વિકસી રહી છે, ત્યારે ગુજરાત સોમનાથ જેવી ઐતિહાસિક ધરોહરને સાચવવાની સાથે તકનીકી શિક્ષણ ક્ષેત્રે પણ અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યું છે. 'ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એન્ડ સાઈબર સિક્યુરિટી' વિષય પર આયોજિત સેમિનારનું આજે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ગાંધીનગર ખાતેથી ઉદ્ઘાટન કર્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે આયોજિત ત્રિ-દિવસીય સેમિનારમાં શિક્ષણ અને સાઈબર સિક્યોરિટી ક્ષેત્રના તજજ્ઞો, વિદ્વાનો અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં ભારતીય પ્રાચીન જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીના સમન્વય જેવા વિવિધ વિષયો અંગે સત્રો યોજાશે. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારત આજે વૈશ્વિક શક્તિ બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આપણી પ્રગતિ એ 'શાસ્ત્રથી સોફ્ટવેર' અને 'શૂન્યથી સિક્યોરિટી' સુધીની યાત્રા છે. વર્તમાન સમયમાં જ્યારે સાયબર ફ્રોડ એક મોટો પડકાર છે.

# પુણા પોલીસનો વાહનચોરીના રેકેટ પર સપાટો: 9 બાઈક સાથે ત્રણ શખ્સોને દબોચી લેવાયા

## સુરત પોલીસની સ્પેશિયલ ડ્રાઈવમાં સફળતા

સુરત: સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરોએ માથું ઊંચક્યું છે, ત્યારે આ ગુનાખોરીને ડામવા માટે સુરત પોલીસ કમિશનરના આદેશથી ચલાવવામાં આવી રહેલી 'સ્પેશિયલ ડ્રાઈવ' ને મોટી સફળતા મળી છે. શહેરના પુણા પોલીસ સ્ટેશનની ટીમે સઘન પેટ્રોલિંગ અને બાતમીના આધારે વાહનચોરીના એક મસમોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ૯ ચોરીની મોટરસાયકલ સાથે બે રીઢા ગુનેગારો અને એક સગીરની અટકાયત કરી છે. પુણા પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં સર્વેલન્સ અને પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે કેટલાક શખ્સો ચોરીના વાહનો સાથે હિલચાલ કરી રહ્યા છે. શંકાસ્પદ જણાતા શખ્સોને અટકાવી પૂછપરછ કરતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. વાહનોના કાગળોની તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આ તમામ બાઈક સુરતના અલગ-અલગ વિસ્તારોમાંથી ચોરી કરવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં પોલીસે બે રીઢા તસ્કરો સહિત કાયદાના સંઘર્ષમાં આવેલ એક સગીરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પુણા પોલીસે કરેલી આ કાર્યવાહીમાં વિવિધ કંપનીની કુલ ૯ મોટરસાયકલ કબ્જે કરવામાં આવી છે. જેની અંદાજિત કિંમત ૨.૮૦ લાખ રૂપિયા આંકવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ટોળકી મોજશોખ પૂરા કરવા અને આર્થિક લાભ માટે ભીડભાડવાળા વિસ્તારો તેમજ રહેણાંક સોસાયટીઓમાંથી નજર ચૂકવીને વાહનોની ઉઠાંતરી કરતી હતી. સુરત પોલીસના એક્શન મોડને કારણે વાહનચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પુણા પોલીસ દ્વારા પકડાયેલા આ આરોપીઓની ઝીણવટભરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. પોલીસને આશંકા છે કે આ ધરપકડથી શહેરના અન્ય પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા વાહનચોરીના વણઉકેલાયા ગુનાઓ પરથી પણ પડદો ઉઠી શકે છે. હાલમાં પોલીસે તમામ બાઈક જપ્ત કરી છે અને આરોપીઓના ગુનાહિત ઈતિહાસની તપાસ કરવામાં આવી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કર્ક : ડ. હ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે.

**સિંહ : મ. ટ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

**કન્યા : પ. ઠ. ણ.**

આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો.

**તુલા : ર. ત.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે.

**મકર : ખ. જ.**

તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.

## ઉમંગભર ઉજવણી

# સ્ત્રી અધ્યાપન મંદિર, રાજપીપળા ખાતે બુનિયાદી સપ્તાહની ઉમંગભર ઉજવણી કરવામા આવી



ભરત શાહ | નર્મદા : તા.5

તાજેતરમાં સ્ત્રી અધ્યાપન મંદિર, રાજપીપળા ખાતે બુનિયાદી સપ્તાહની ઉમંગભર ઉજવણી કરવામા આવી હતી, જેમાં તાલીમાર્થી બહેનો કે જે ભાવિ શિક્ષકો છે અને જેમને ભવિષ્યમાં જે-તે શાળામાં જઈ શૈક્ષણિક કામગીરી સાથે કરવાની સહ શૈક્ષણિક કામગીરીની ઉત્સાહભર તાલીમ લીધી હતી. બુનિયાદી સપ્તાહની ઉજવણીની શરૂઆત આરતી શણગાર અને મહેંદી સ્પર્ધાથી કરવામાં આવી હતી. આરતી શણગાર સ્પર્ધામાં બહેનોએ વિવિધ ફૂલો, શાકભાજી, ચોખા, ચણોઠી જેવી વસ્તુઓનો ઉપયોગ કરી કલાત્મક રીતે આરતીઓ શણગારી હતી. પછીના દિવસે હેર સ્ટાઈલ સ્પર્ધા તેમજ સાડી પરિધાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ડે માં તાલીમાર્થીઓએ ઝેરી દડો, સંગીત ખુરસી તેમજ ફુગ્ગા ફોડ જેવી રમતો રમી પોતાની ખેલદિલીના દર્શન કરાવ્યા હતા. 25મી જાન્યુયારીના દિવસે બધા બહેનો 'વિશ્વ મતદાતા દિવસ' ની ઉજવણીના ભાગ રૂપે સૌએ સાથે મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સપ્તાહમાં આવતા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં બહેનો સાથે પ્રયોગશાળાના બાળકો પણ જોડાયા હતા અને દેશ ભક્તિના ગીતો રજૂ કર્યા હતા અને બહેનોએ આકર્ષક રંગોળી બનાવી હતી. સમગ્ર સપ્તાહની ઉજવણીમાં સમગ્ર સ્ટાફે માર્ગદર્શન પૂરું પાડેલ જ્યારે દરેક સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા જે તે સ્પર્ધામાં કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

## 730+ રિક્રુટર્સ, 220 વિદ્યાર્થીઓને ₹10 LPA+ ની ઑફર્સ મળી છે

# બજારની અનિશ્ચિતતા હોવા છતાં MIT-WPUમાં પ્લેસમેન્ટમાં ઉચ્ચ વૃદ્ધિ થઈ



પુણે: આજે એવા સમયે જ્યારે વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને કંપનીઓ સાવચેતીપૂર્વક હાયરિંગ કરે છે અને આ પરિબળો સમગ્ર દેશમાં કેમ્પસ ભરતીને અસર કરે છે, ત્યારે MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી (MIT-WPU), પુણે, તેના ટેલેન્ટ પૂલમાં સતત ઉદ્યોગના વિશ્વાસને દર્શાવતા, એક મજબૂત અને સ્થિતિસ્થાપક પ્લેસમેન્ટ પ્રદર્શન કર્યું છે. 2025 પ્લેસમેન્ટ સીઝન દરમિયાન, 730 થી વધુ રિક્રૂટર્સે કેમ્પસ હાયરિંગમાં ભાગ લીધો હતો - જે અગાઉના વર્ષ કરતાં નોંધપાત્ર વધારો છે અને આજે MIT-WPU એ વર્તમાન બજાર વાતાવરણમાં સૌથી વધુ વ્યાપક ભરતી કરનાર ધરાવતી સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.ઉદ્યોગ-વ્યાપી અનિશ્ચિતતા હોવા છતાં, 220 થી વધુ વિદ્યાર્થીઓએ 10 લાખથી વધુના વાર્ષિક પેકેજો સાથે નોકરીની ઑફર મેળવી હતી, જે ભરતી કરનારની ભાગીદારીને ઉપરાંત સંસ્થાના પરિણામ અને તેની આગેવાનીની સફળતા દર્શાવે છે. આઈટી, એન્જિનિયરિંગ, કન્સલ્ટિંગ, એનાલિટિક્સ, મેન્યુફેક્ચરિંગ, ઓટોમોટિવ, એફએમસીજી અને બીએફએસઆઈ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં આવી ભરતી કરવી, અને સ્નાતકો માટે વૈવિધ્યસભર કારકિર્દીના માર્ગો પ્રદાન કરવામાં આ સંસ્થા મોખરે છે.અગ્રણી વૈશ્વિક અને ભારતીય નોકરીદાતાઓ જેમ કે એમેઝોન, ડેલોઈટ, જેપી મોર્ગન, NVIDIA, એક્સેન્ચર, ટીસીએસ અને સિમેન્સ આ સિઝનમાં મુખ્ય ભરતી કરનારાઓમાં સામેલ હતા. મહત્ત્વની વાત એ છે કે, લગભગ 90 ટકા સહભાગી સંસ્થાઓ પુનરાવર્તિત ભરતી કરનારાઓ હતા, જે ઉદ્યોગના વિશ્વાસ અને સ્નાતક કામગીરીના સંતોષનો સંકેત છે. ઈન્ટર્નશિપ્સ પછી પૂર્ણ-સમયની ભૂમિકાઓમાં નોકરી મળે છેપ્રી-પ્લેસમેન્ટ ઑફર્સ (પીપીઓ)માં ઈન્ટર્નશીપનું રૂપાંતર આ સીઝનની એક નોંધપાત્ર વિશેષતા રહી છે. નોકરીદાતાઓએ લાઈવ પ્રોજેક્ટ્સ અને ઉદ્યોગ કામગીરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રદર્શનના હકારાત્મક પ્રતિસાદની નોંધ લીધી, અને MIT-WPU ના કાર્યસ્થળની તૈયારી અને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.આ સકારાત્મક ગતિ 2026 પ્લેસમેન્ટ સાયકલમાં પણ આગળ વધી રહી છે, આ પ્લેસમેંટ હાલમાં ચાલી રહી છે. અત્યાર સુધીમાં વાર્ષિક 46 લાખને સ્પર્શતી સર્વોચ્ચ ઓફર સાથે 437 થી વધુ કંપનીઓ પહેલેથી જ પોતાની ભરતી પૂર્ણ કરી ચૂકી છે. ઉપરાંત, 110 વિદ્યાર્થીઓએ પહેલેથી જ વાર્ષિક 10 લાખ અને તેથી વધુના પેકેજો મેળવ્યા છે.

# ભાટવાસણાથી ખાંભેલ ભાટસર મણીયારી રોડનું ધારાસભ્ય દિનેશજી ઠાકોર હસ્તે ખાતમુહૂર્ત કરાયું

ભાટવાસણા | મણીયારી-ખાંભેલને જોડતો અઢી કિલોમીટર'નો રોડ બનાવવા માટે 240 લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતાં ચાણસ્મા વિધાન સભાના ધારાસભ્ય દિનેશજી આતાજીના વરદ હસ્તે ખાત મુરત કરવામાં આવ્યું હતું .ભાટવાસણા મણીયારી ભાટસર થઈ ખાંભેલ સુધી રોડ બનતાં ખોરસમ ગોખરવા કંબોઈ સહિતના ૧૦થી ૧૨ ગામના લોકોને બેચરાજી જવા માટે ઓછા ખર્ચે ટૂંકા રસ્તે ઓછા સમયની સગવડ મળવાની આશાએ ૧૦ ગામના લોકોમાં આનંદ છવાયો છે આ રોડના ખાત મુરત પ્રસંગે ચાણસ્મા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર ચાણસ્મા તાલુકા કોંગ્રેશ ના પ્રમુખ મનુભાઈ દેસાઇ મીઠી ધારીયાલ ના પૂર્વ સરપંચ કાંત્ની જી ઠાકોર કોંગ્રેશ ના યુવા અગ્રણી નરપતસિંહ રાજપૂત સહિત ભાટવાસણા ભાટસર મણીયારીના આગેવાનો કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



# સંતરામપુરના ખેડાપા ગામ પ્રાથમિક શાળાનું નામ બદલવાની કુચેષ્ટા સામે ગ્રામજનોનો વિરોધ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

પ્રતાપગઢ પ્રાથમીક શાળા ખેડાપાને દાતા જગદીશભાઈ ત્રિવેદી દ્વારા પાચ ઓરડાનું માતબાર દાન પ્રાપ્ત થયેલ અને આ પાચ નવીન ઓરડાની કામગીરી પુરી થતા આ નવીન ઓરડાઓનું લોકાર્પણ નો કાર્યક્મ 06.02,2026.ના રોજ યોજાયેલ છે. આ પ્રતાપગઢ પ્રા. શાળા ખેડાપાનું નામ માતૃ અંબાબેન મનસુખભાઈ ડીંડોર પ્રાથમિક શાળા પતાપગઢ, ખેડાપા. નામકરણની કાર્યવાહી કરાતા તેની જાણ ખેડાપા ગ્રામજનો ને થતા ગામ આગેવાનો સરપંચ, ઉપસરપંચ,સભ્યો, જિલ્લા પંચાયત સભ્ય, અને તાલુકા પંચાયત સભ્ય, આગેવાનો શાળા પર ગયેલ હતા અને નવીન નામકરણ ની તકતી ને બોર્ડ ની કાર્યવાહી અટકાવી ને વિરોધ દશાવેલ હતો અને લેખિતમાં આ શાળા નું નામ નહીં બદલવા અને મૂળ જે નામ 'પ્રતાપગઢ પાથમિક શાળા ખેડાપા ' જ રાખવા શાળા ના આચાર્ય ને તથા શાળા સમિતિ ને તથા અન્ય ને લેખિત માં તેમજ જરુરિ ઠરાવ કરીને લાગતા વલગતા ને મોકલી આપેલ હતા.

# બનાસકાંઠા અને વાવ-થરાદમાં 2297 આંગણવાડીઓ બનશે આધુનિક-સુરક્ષિત

પાલનપુર | રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના હેતુથી ૧૬ જાન્યુઆરીથી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન સમગ્ર રાજ્યમાં 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' હાથ ધરવામાં આવી છે. આ



અભિયાન અંતર્ગત બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧૦૪ આંગણવાડી કેન્દ્રોમાં સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે ૧૧૫૮ કેન્દ્રોમાં નવીનીકરણની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ તથા કમિશ્નરના નેતૃત્વ હેઠળ શરૂ થયેલી આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને પોષણ માટે આકર્ષક વાતાવરણ પૂરું પાડવાનો છે. બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં કાર્યરત કુલ ૩૩૬૫ આંગણવાડી કેન્દ્રો પૈકી ૨૪૨૩ કેન્દ્રો પોતાના મકાન ધરાવે છે. જેમાંથી ૨૨૯૭ આંગણવાડી કેન્દ્રોને આ ઝુંબેશ હેઠળ આવરી લેવા માટે પાત્ર ગણવામાં આવ્યા છે.

# ગોવિંદ ગુરૂ લીમડીના પ્રા.આ.કે -ચાકલીયા 4ના તળાવા વિસ્તારમાં 175 લાભાર્થીઓના પોર્ટેબલ એક્સ-રે લેવાયા

દિપક રાવલ | દાહોદ લીમખેડા

ગોવિંદ ગુરૂ લીમડી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાકલિયાના સબ સેન્ટર ચાકલીયા-૦૪ (તળાવા) ખાતે "રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ" અંતર્ગત પોર્ટેબલ એક્સ-રેનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર.ડી. પહાડિયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ અભિયાન દરમિયાન વિવિધ કેટેગરીના કુલ ૧૭૫ લાભાર્થીઓના પોર્ટેબલ એક્સ-રે લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓની ઊંચાઈ, વજન, એચ.આઈ.વી. તપાસ, રક્તમાં શુગર તપાસ સહિતની જરૂરી આરોગ્ય તપાસો પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એસ.ટી.એસ. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાકલીયાના તમામ સ્ટાફની સક્રિય હાજરી અને સહકાર નોંધપાત્ર રહ્યો. આ ઝુંબેશ દ્વારા સમયસર તપાસ અને સારવારથી ક્ષયરોગ (ટીબી)ના કેસોની ઓળખ કરી, ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા દિશામાં મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળાને દૈદીપ્યમાન બનાવવા PGVCL પ્રકાશ પાથરશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ » માન.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં જૂનાગઢનો મહા શિવરાત્રીનો મેળો ભવ્ય અને દિવ્ય બનાવવાનું આયોજન છે. રાજ્ય સરકારના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સેવાઓની તૈયારી થઈ રહી છે. જેમાં એક મહત્વની સેવા પીજીવીસીએલ નીછે. વર્ષ 2026માં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ભવનાથ મહાદેવના મેળાને ભવ્યથી દિવ્ય બનાવવા જૂનાગઢનું વહીવટી તંત્ર તડામાર તૈયારીઓમાં જોતરાઈ ગયું છે. મેળા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ ભવનાથ પહોંચે છે ત્યારે તેમને કોઈપણ પ્રકારની અસુવિધા ન પડે તે માટે તમામ વિભાગો દ્વારા આગોતરી આયોજન સાથે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

## 33 બાળકોએ વિધાનસભા, ઈન્દ્રોડા નેચર પાર્ક, અક્ષરધામ જેવા સ્થળોનો પ્રવાસ

# ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળાના આશ્રિત બાળકોએ પહેલીવાર વિધાનસભા સહીત ગાંધીનગર નો પ્રવાસ કર્યો



| ભરત શાહ | નર્મદા : તા.5

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર હેઠળના ધી રીજીઓનલ પ્રોબેશન એન્ડ આફ્ટર કેર એસોસીએશન રાજપીપળા- નર્મદા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળા- નર્મદા ખાતે આશ્રિત કુલ ૩૩ બાળકોએ વિધાનસભા, ઈન્દ્રોડા નેચર પાર્ક, અક્ષરધામ જેવા સ્થળોનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસમાં મુસાફરી માટે બસની વ્યવસ્થા પ્રાંત અધિકારી, નાંદોદ તેમજ તેમની પ્રાંત કચેરીનાં કર્મચારીઓ દ્વારા કરી આપવામાં આવી હતી, તેમજ ભોજન, પ્રવેશ અને પ્રદર્શન ટીકીટ ખર્ચ રાજપીપળાનાં જાણીતા ઓર્થોપેડિક ડૉ. નૈશધ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## શિક્ષણ અને આરોગ્યની રક્તપિત્ત જાગૃતિ અભિયાન



શિક્ષણ અને આરોગ્યની રક્તપિત્ત જાગૃતિ અભિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજપુર અને મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગ ગુજરાત રાજ્ય આરોગ્ય શાખા દ્વારા આયોજિત યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કૂલના આચાર્ય વિપુલભાઈ પટેલ સાહેબ શિક્ષકો વિદ્યાર્થી ભાઈઓ બહેનો દ્વારા PHC રાજપુર ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

## ૭ફેબ્રુ.દહેજ તેમજ ૮ ફેબ્રુ.એ અંકલેશ્વર ONGCખાતે પહોંચશે

# કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ(CISF) દ્વારા આયોજીત સાઇકલોથોન

મલેક યસદાની, ભરૂચ | તા.05

કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ( CISF) ગુજરાતના ઐતિહાસિક લખપત કિલ્લાથી "વંદે માતરમ" થીમ આધારિત કોસ્ટલ સાયક્લોથોન ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના ઉત્સાહ વચ્ચે શરૂ થઈ છે આ સાયકલ રાઇડ દેશના દરિયાકાંઠાના પ્રદેશોમાંથી પસાર થશે, વિવિધ રાજ્યોના મુખ્ય સ્થળોમાંથી પસાર થશે અને અંતે કેરળના કોચીમાં સમાપ્ત થશે.આ કોસ્ટલ સાયક્લોથોનનો ઉદેશ નાગરિકોમાં દેશભક્તિ જગાડવાનો, કોસ્ટલ સુરક્ષા વિશે જાગૃતિ લાવવાનો અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. પ્રવાસ દરમિયાન, CISF કર્મચારીઓ લોકો સાથે વાતચીત કરશે અને સલામતી, તંદુરસ્તી અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ ફેલાવશે.આ કાર્યક્રમમાં સ્થાનિક વહીવટીતંત્ર, સીઆઈએસએફના વરિષ્ઠ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહે તેવી અપેક્ષા છે.

આ સાયક્લોથોન દેશભરમાં એકતા, શિસ્ત અને સમર્પણના પ્રતીક તરીકે ઉભરી આવશે. સીઆઈએસએફનો આ પ્રયાસ ફક્ત યુવાનોને પ્રેરણા આપશે નહીં પરંતુ દેશભરમાં "વંદે માતરમ" ની ભાવના સાથે રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ અને જવાબદારીનો સંદેશ પણ ફેલાવશે.




# ધાનપુરમાં "સ્પર્શ" રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન અંતર્ગત હાટ બજારમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં ધાનપુર ખાતે હાટ બજારમાં "સ્પર્શ" રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમ દ્વારા જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત ધાનપુર હાટ બજારમાં ભવાઈ દ્વારા લેપ્રસી, ટીબી, મેલેરિયા, સિકલસેલ અને એચ.આઈ.વી. જેવી બીમારીઓ અંગે જનસામાન્યમાં જાગૃતિ ફેલાવવામાં આવી. સાથે સાથે એકલવ્ય આશ્રમ શાળા, પીપેરોમાં પણ વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં જિલ્લા રક્તપિત્ત મેડિકલ ઓફિસર ડૉ. શોભના મુનિયા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાછવાના સુપરવાઈઝર, સી.એચ.ઓ., લેપ્રસી, ટીબી, મેલેરિયા સુપરવાઈઝર, સિકલસેલ તથા એચ. આઈ.વી. કાઉન્સેલર તેમજ પ્રા.આ.કે. રાછવાના સ્ટાફ ઉપસ્થિતિ રહ્યા હતા.

## સાંજ પડતાંજ રોડ પર અને ઘરો માં ઉડતી મસીઓ ના કારણે લોકો ત્રાસી ઉઠ્યા

# રાજપીપળા શહેરમાં મચ્છરો કરતા મસીનો ઉપદ્રવ વધતા લોકો હેરાન

ભરત શાહ | નર્મદા : તા.5

રાજપીપળા શહેરમાં મચ્છરો કરતા મસી નો ઉપદ્રવ વધતા લોકો હેરાન થઈ રહ્યા છે જ્યારે તંત્ર આ મુદ્દે હાથ પર હાથ ધરી બેઠું છે. રાજપીપળા માં ભૂતકાળ માં પણ આવી સ્થિતિ જોવા મળી હતી જેમા પાલિકા દ્વારા શહેર માં દવા નો છંટકાવ કરવામાં આવ્યો હતો પરંતુ હાલની સ્થિતિ માં તંત્ર એ કોઈજ પગલા લીધા નથી, આમ તો શહેર માં મચ્છરો પણ છે પરંતુ તેના કરતા



મસી નું પ્રમાણ વધ્યું હોય આ મસીઓ રેકેટ માં પણ આવતી નથી માટે ગૃહિણીઓ મસી થી તોબા પોકારી ઊઠી છે.રાજપીપળા શહેર માં હાલ ઉનાળા અને શિયાળા ની બેવડી ઋતુ ચાલી રહી છે ત્યારે માંદગી નું પ્રમાણ વધ્યું હોય ઉપરથી મચ્છર માસૂઓ નો ત્રાસ વધતા લોકો હજુ બીમારી માં સપડાય તેવી દહેશત જણાય છે, તંત્ર દ્વારા આ બાબતે હજી સુધી કોઈજ પગલા લેવાયા નથી તો શું તંત્ર લોકો વધુ બીમાર પડે તેની રાહ જોઈ રહ્યું છે..? નગરપાલીકા આ બાબતે જરૂરી પગલા લે તેવી માંગ છે.

## ખાણીપીણી ની લારીઓ ની જગ્યાએ પાકી દુકાનો બનાવી શરત ભંગ કરી હોવાની ફરિયાદ

# કોમર્શિયલ બાંધકામ અંગે હાઈકોર્ટ માં યુવરાજ મનવેન્દ્રસિંહ દ્વારા કરાઈ PIL

ભરત શાહ | નર્મદા : તા.5

રજવાડી નગરી રાજપીપળા માં પ્રજાના મનોરંજન અને આનંદ પ્રમોદ માટે ગાર્ડન માટે રાજાએ જમીન આપી જેમાં રાજપીપળા નગર પાલિકાએ ગાર્ડન બનાવ્યું જેને વર્ષોથી મેન્ટેન પણ રાખવામાં આવી રહ્યું છે. ત્યારે આર્થિક કટોકટી માં વહીવટ કરતી રાજપીપળા નગરપાલી ના સત્તાધીશો દ્વારા ગાર્ડન ના એક ભાગમાં ખાણી પાણીની લારીઓ ઊભી રહેતી હતી તેમને રોજ લઈ જવાનું પાછું લાવવાનું ખુલ્લામાં લારીઓ મૂકી રખાવી સહિત ની મુશ્કેલી સામે.22 જેટલી પાકી દુકાનો બનાવી આપી હતી.જેની હરાજી થાય અને લારીવાળા ને આ દુકાનો સોંપાઈ એ પહેલા કોર્ટમાં જાહેર હિત ની અરજી કરી જે કેશ હજુ ચાલુ છે.ત્યારે તાજેતરમાં પુનઃ રાજપીપળાના યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલે ગુજરાત હાઈ કોર્ટમાં એક જાહેરહિતની અરજી કરી રાજપીપળા નગરપાલિકા સત્તાવાળાઓના સ્થાનિક ગાર્ડનની અનામત જગ્યા પર કોમર્શિયલ બાંધકામ કરી જાહેર નાણાંનો દૂરપયોગ કરાયો હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે.જો કે, હાઈકોર્ટે અરજદાર પક્ષને કેટલા એરિયામાં બાંધકામ થયું છે તે સહિતની જરૂરી માહિતી પિટિશનમાં રજૂ કરવા તાકીદ કરી કેસની વધુ સુનાવણી 13 મી ફેબ્રુઆરીએ રાખવા માં આવી છે.

નગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા બગીચાના અનામત હેતુ માટે રખાયેલી જમીન પર ગેરકાયદે રીતે અને કોઈપણ પ્રકારની મંજૂરી વિના કોમર્શિયલ બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે. તેથી હાઈકોર્ટે ગેરકાયદેસરતાને અટકાવવી સ્ટે મુકવામાં આવ્યો છે. મારા પર દાદા એ રાજપીપળા ની જનતા માટે આ જમીન આપી હતી.તેમાં કોમર્શિયલ બાંધકામ કેમ કરી શકાય જે ખોટું છે.

આ બાંધકામ હટાવી દેવું જોઈએ : માનવેન્દ્રસિંહ ગોહિલ (યુવરાજ રાજપીપળા)








**આર્થિક કટોકટીમાં આવક નું સાધન બનાવવા પાલિકા નો પ્રયાસ, ગાર્ડન ને કોઈ નુકસાન નથી કરાયું : પાલિકા પ્રમુખ**

રાજપીપળા નગરપાલિકા દ્વારા આર્થિક કટોકટી માં આવક ઊભી કરવા મારી પહેલની આ દુકાનો બનાવવામાં આવી છે. આ દુકાનો ગાર્ડન ના એક ભાગમાં બનાવવામાં આવી છે. જેમાં ગાર્ડન નો કોઈ હિસ્સો ખરાબ કર્યો નથી લારીવાળા ની.મુશ્કેલી દૂર કરી સામે પાલિકાને સારુ ભાડું મળે જેનાથી કર્મચારીઓ ના પગાર વિકાસના કામો થાય. એવો હેતુ છે. એટલે રાજપીપળા ની જનતા અને રાજવી પરિવારે સાથ સહકાર આપવો જોઈએ : ધર્મિષ્ઠા પટેલ (પ્રમુખ, રાજપીપળા નગર પાલિકા)

“હોન્ડામાં, સતત એવા પ્રોડક્ટ્સ લાવવાનો પ્રયત્ન કરીએ છીએ જે ભારતના નવા યુગના રાઈડર્સની આશાઓ સાથે સંકળાય




ક્લીન અને એલેગન્ટ શાઈન 125 લિમિટેડ એડિશન રજૂ કર્યું

# હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા એ બોલ્ડ નવું ડિઓ 125 XEdition લોન્ચ

નવી દિલ્હી : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા એ આજે બે નવા પ્રોડક્ટ્સ લોન્ચ કર્યા ડિઓ 125 XEdition, કિંમત INR 87,733 અને શાઈન 125 લિમિટેડ એડિશન, કિંમત INR 86,211 (દિલ્હી એક્સશો રૂમ). આ સ્પેશિયલ એડિશન્સ આજના બદલાતા રાઈડર્સ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જે નવી ઓળખ, આકર્ષક ગ્રાફિક્સ અને પ્રીમિયમ ડિઝાઈન એન્હાન્સમેન્ટ્સ સાથે ભારતીય ટુવ્હીલર માર્કેટમાં તેમની આકર્ષણશક્તિ વધારશે.નવી સ્પેશિયલ એડિશન્સ રજૂ કરતાં, હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા ના મેનેજિંગ ડિરેક્ટર, પ્રેસિડન્ટ અને સી ઇ ઓ શ્રી ત્સુત્સુમુ ઓટાની કહે: “હોન્ડામાં, અમે સતત એવા પ્રોડક્ટ્સ લાવવાનો પ્રયત્ન કરીએ છીએ જે ભારતના નવા યુગના રાઈડર્સની આશાઓ સાથે સંકળાય. સંપૂર્ણ નવા ડિઓ 125 XEdition અને શાઈન 125 લિમિટેડ એડિશન અમારા પ્રતિબદ્ધતાને દર્શાવે છે સ્ટાઈલના નવા અભિવ્યક્તિઓ પ્રદાન કરવા સાથે હોન્ડાની વિશ્વસનીયતા અને ગ્રાહકોની આત્મવિશ્વાસને જાળવી રાખવા. આ લિમિટેડ એડિશન્સ અભિવ્યક્તિપૂર્ણ ડિઝાઈનને હોન્ડાની વિશ્વસનીય ગુણવત્તા સાથે જોડે છે, જેથી દરેક રાઈડ આત્મવિશ્વાસપૂર્ણ અને સરળ બને.”લોન્ચ અંગે ટિપ્પણી કરતાં, હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા ના ડિરેક્ટર, સેલ્સ અને માર્કેટિંગ શ્રી યોગેશ મથુરે જણાવ્યું: “ડિઓ 125 X Edition હોન્ડાની Gen Z ડિઝાઈન ટીમ દ્વારા રચાયેલ બોલ્ડ અને યુવા ઊર્જા લાવે છે જે આજના યુવા રાઈડર્સની વ્યક્તિગતતા પ્રતિબિંબિત કરે છે. બીજી તરફ, શાઈન 125 લિમિટેડ એડિશન સ્વચ્છ અને ટાઈમલેસ ડિઝાઈન અભિગમ અપનાવે છે, જે મોટરસાયકલના સ્વચ્છ શિલ્પાત્મક સ્વરૂપ અને રિફાઈનમેન્ટની ભાવનાને ઉજાગર કરે છે. આ નવા એડિશન્સ દ્વારા, અમે રાઈડર્સને સ્ટાઈલ, આરામ અને દૈનિક વિશ્વાસનું સંયોજન પ્રદાન કરવાનો હેતુ રાખીએ છીએ, જેથી તેઓ રસ્તા પર પોતાને આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરી શકે. બંને મોડલ્સ હોન્ડાના વિચારશીલ ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એવી રાઈડિંગ અનુભવ આપે છે જે સૌ માટે સુરક્ષિત અને સુલભ લાગે.”

## News Brief

### દેશમાં લાંબા અંતરની મુસાફરી માટે ૨૬૦ હાઈટેક ટ્રેનોનું નિર્માણ થશે

નવી દિલ્હી:ભારતીય રેલવેના આધુનિકીકરણની દિશામાં કેન્દ્ર સરકારે એક મોટું કદમ ઉઠાવ્યું છે. દેશમાં લાંબા અંતરની મુસાફરીને વધુ આરામદાયક અને સુરક્ષિત બનાવવા માટે સરકાર ૨૬૦ ‘વંદે ભારત સ્લીપર’ ટ્રેનસેટનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં આ મહત્વકાંક્ષી લક્ષ્યાંકની પુષ્ટિ કરી છે. આ નવી ટ્રેનોના આગમનથી મુસાફરોને વિમાની મુસાફરી જેવો અનુભવ ટ્રેનના પાટા પર મળશે.

રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નવા રોલિંગ સ્ટોક્સનું નિર્માણ ‘ટેકનોલોજીકલ ઈનોવેશન અને વ્યૂહાત્મક આયોજન’ના સંગમ સાથે કરવામાં આવી રહ્યું છે. ઉત્પાદન પ્રક્રિયામાં સૌપ્રથમ પ્રોટોટાઈપ (નમૂના) તૈયાર કરવામાં આવશે, ત્યારબાદ તેનું કડક પરીક્ષણ અને ટ્રાયલ કરવામાં આવશે. આ પ્રક્રિયા સફળ રહ્યા બાદ જ શ્રેણીબદ્ધ ઉત્પાદન શરૂ થશે. આ પ્રોજેક્ટ બેંગલુરુની બીઈએમએલ (BEML), ચેન્નાઈની ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) અને વિવિધ ટેકનોલોજી ભાગીદારો દ્વારા સંયુક્ત રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. વંદે ભારત સ્લીપર ટ્રેનો આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની સુરક્ષા સુવિધાઓથી સજ્જ હશે. તેમાં આંચકા રહિત મુસાફરી માટે સેમી-પરમેનન્ટ કપલર્સ અને અકસ્માત સમયે સુરક્ષા માટે ‘એન્ટી-ક્લાઈમ્બર્સ’ લગાવવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આ ટ્રેનો સ્વદેશી ‘કવચ’ (KAVACH) સુરક્ષા પ્રણાલીથી સજ્જ હશે.

ત્રણ દિવસની તેજી પછી, બજાર તૂટી પડ્યું, બજારમાં ભારે ઘટાડો

# ₹2.62 લાખ કરોડ ધોવાણ, મેટલ શેરોમાં સૌથી મોટી વેચવાલી

### સેન્સેક્સ 503 પોઈન્ટ અને નિફ્ટી 133 પોઈન્ટ તૂટ્યા, RBI નીતિ પહેલાં રોકાણકારો નર્વસ

મુંબઈ : છેલ્લા ત્રણ દિવસથી શેરબજારને ઘેરી લેતી લીલાછમ ડાળીઓ આજે અચાનક થંભી ગઈ છે. સતત વધી રહેલા બજારે ગુરુવારે યુ-ટર્ન લીધો, જેના કારણે રોકાણકારોને સ્વસ્થ થવાની તક મળી નહીં. અઠવાડિયાના ચોથા ટ્રેડિંગ દિવસે ભારે અસ્થિરતા જોવા મળી, જેની સીધી અસર સામાન્ય રોકાણકારોના ખિસ્સા પર પડી. રોકાણકારોના મહેનતથી કમાયેલા નાણાંનો નોંધપાત્ર ભાગ, આશરે 2.62 લાખ કરોડ, ટ્રેડિંગના થોડા કલાકોમાં જ ધોવાઈ ગયો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) આવતીકાલે, શુક્રવારે તેની નાણાકીય નીતિઓની જાહેરાત કરવાની છે. આજે બજારમાં ઉથલપાથલના બે મુખ્ય કારણો હતા. પહેલું અને સૌથી મહત્વનું કારણ આવતીકાલે આવનાર RBIનો નિર્ણય હતો. રોકાણકારો વ્યાજ દરો પર કેન્દ્રીય બેંકના વલણ અંગે અનિશ્ચિત હતા, અને આ ડરને કારણે તેઓ આજે રોકાયા. વધુમાં, આજે સાપ્તાહિક સેન્સેક્સ સમાપ્તિ હતી. સમાપ્તિ દિવસોમાં સામાન્ય રીતે બજારમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળે છે, અને આજે પણ કોઈ અલગ નહોતું. સવારથી બજારમાં અનિશ્ચિતતા પ્રવર્તતી હતી, અને અંતે, વેચાણનું દબાણ એટલું વધી ગયું કે બજાર આખરે લાલ રંગમાં બંધ થયું. ક્ષેત્રની દ્રષ્ટિએ, મેટલ સેક્ટરને આજે સૌથી વધુ ફટકો પડ્યો. મેટલ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી, જેના કારણે નિફ્ટી ઈન્ડેક્સ 1 ટકાથી વધુ ઘટ્યો. એવું લાગતું હતું કે બજારને સ્થિર કરવાની જવાબદારી જાહેર ક્ષેત્રની બેંકો (PSU બેંકો) અને આરોગ્ય સંભાળ ક્ષેત્ર દ્વારા લેવામાં આવી હતી. આ બંને ક્ષેત્રોએ બજારને ઊંચે ખેંચવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો, પરંતુ તેમને અન્ય ક્ષેત્રો તરફથી ટેકો મળ્યો ન હતો. PSU બેંકો અને આરોગ્ય સંભાળમાં અડધા ટકાથી ઓછો સાધારણ વધારો જોવા મળ્યો, જે નોંધપાત્ર બજાર ઘટાડાને રોકવા માટે અપૂરતો સાબિત થયો. અન્ય કોઈ ક્ષેત્રે નોંધપાત્ર પ્રતિભાવ આપ્યો નહીં, જેના કારણે બજારની




ભાવના વધુ નબળી પડી. આ બજાર ખેંચતાણની સૌથી ખરાબ અસર રોકાણકારોની સંપત્તિ પર પડી છે. ડેટા પર નજર કરીએ તો, આજે BSE પર લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. એક દિવસ પહેલા, 4 ફેબ્રુઆરી, 2025 ના રોજ, BSE પર લિસ્ટેડ તમામ શેરોનું કુલ માર્કેટ કેપ 4,69,16,207.26 કરોડ રૂપિયા હતું. આજે બજાર બંધ થયું ત્યારે, આ આંકડો ઘટીને 4,66,52,710.72 કરોડ રૂપિયા થઈ ગયો હતો. આનો અર્થ એ થયો કે રોકાણકારોની મૂડી માત્ર એક જ દિવસમાં 2,62,010.31 કરોડ રૂપિયા થઈ ગઈ.દિવસના અંતે, બંને મુખ્ય બજાર સૂચકાંકો લાલ રંગમાં બંધ થયા. સેન્સેક્સ 503.76 પોઈન્ટ ઘટીને 83,313.93 પર બંધ થયો, જે 0.60 ટકાનો ઘટાડો દર્શાવે છે. નિફ્ટી ૫૦ પણ રિકવર થવામાં નિષ્ફળ ગયો, ૧૩૩.૨૦ પોઈન્ટ ઘટીને ૨૫,૬૪૨.૮૦ પર બંધ થયો, જે ૦.૫૨ ટકાનો ઘટાડો દર્શાવે છે.

## એન્થ્રોપિકના નવા એઆઈ ટૂલથી આઈટી શેરોમાં મોટો કડાકો

બેંગલુરુ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે થઈ રહેલા ઝડપી ફેરફારો હવે પરંપરાગત ટેકનોલોજી કંપનીઓ માટે પડકારરૂપ બની રહ્યા છે. અમેરિકાની અગ્રણી એઆઈ કંપની એન્થ્રોપિક દ્વારા લોન્ચ કરવામાં આવેલા એક નવા ક્રાંતિકારી ટૂલના કારણે ભારતીય આઈટી કંપનીઓના શેર્સમાં ભારે વેચાણ જોવા મળ્યું છે. બુધવારે ભારતીય શેરબજારમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૭ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો, જે છેલ્લા ઘણા સમયનો સૌથી મોટો કડાકો માનવામાં આવે છે. આ નવી ટેકનોલોજીને કારણે વિશ્વભરની સોફ્ટવેર કંપનીઓના અસ્તિત્વ સામે રોકાણકારોમાં ચિંતા જન્મી છે. એન્થ્રોપિક દ્વારા નવી ટેકનોલોજી રજૂ કરવામાં આવતાની સાથે જ ભારતની અગ્રણી આઈટી કંપનીઓ જેવી કે ટીસીએસ, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એલટીઆઈ માઈન્ડટ્રીના શેરોમાં ૮ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ કડાકાને કારણે ભારતીય આઈટી કંપનીઓના બજાર મૂલ્યમાંથી માત્ર એક જ દિવસમાં આશરે રૂ. ૨ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું છે. રોકાણકારોને ભય છે કે નવી એઆઈ સિસ્ટમ્સ આવવાથી પરંપરાગત આઈટી સર્વિસ અને સોફ્ટવેર ડેવલપમેન્ટની માંગમાં મોટો ઘટાડો આવી શકે છે. એન્થ્રોપિકે ગત ૩૦મી જાન્યુઆરીએ ‘ક્લોડ કોવર્ક’ નામનું નવું ટૂલ લોન્ચ કર્યું છે, જેમાં ૧૧ શક્તિશાળી પ્લગઈન્સ ઉમેરવામાં આવ્યા છે. આ ટૂલ લીગલ, સેલ્સ, માર્કેટિંગ અને ડેટા એનાલિસિસ જેવા જટિલ કામો અત્યંત આસાનીથી કરી શકે છે. કરારોની સમીક્ષા કરવી, ફાઈનાન્શિયલ મોડલ્સ તૈયાર કરવા અને લીગલ બ્રીફિંગ જેવા કાર્યો હવે એઆઈ દ્વારા જ શક્ય બનતા, સોફ્ટવેર કંપનીઓની નિર્ભરતા ઘટે તેવી શક્યતા છે.

### ભારત બ્રિક્સ સેન્ટર ફોર ઈન્ડસ્ટ્રિયલ કોમ્પિટન્સીઝમાં જોડાયું

નવી દિલ્હી: ભારતની ઔદ્યોગિક ક્ષમતાને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ભારત સત્તાવાર રીતે ‘બ્રિક્સ સેન્ટર ફોર ઈન્ડસ્ટ્રિયલ કોમ્પિટન્સીઝ’ (BCIC) માં જોડાયું છે. સંયુક્ત રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંગઠન (UNIDO) ના સહયોગથી શરૂ કરાયેલ આ કેન્દ્ર બ્રિક્સ દેશોના ઉત્પાદન એકમો અને ખાસ કરીને નાના તેમજ મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને અદ્યતન ટેકનોલોજી અને સંસાધનો પૂરા પાડશે. મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, BCIC એક ‘વન-સ્ટોપ સેન્ટર’ તરીકે કાર્ય કરશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ‘ઈન્ડસ્ટ્રી ૪.૦’ એટલે કે ચોથી ઔદ્યોગિક ક્રાંતિની ક્ષમતાઓને મજબૂત કરવાનો છે.

### આલ્ફાબેટની વાર્ષિક આવક ૨૦૨૫માં પ્રથમ વખત ૪૦૦ અબજ ડોલરને પાર

નવી દિલ્હી: ટેકનોલોજી જગતની દિગ્ગજ કંપની અને ગૂગલની પેરન્ટ સંસ્થા આલ્ફાબેટે વર્ષ ૨૦૨૫માં એક નવો આર્થિક સીમાચિહ્ન સર કર્યો છે. કંપનીની વાર્ષિક આવક ઈતિહાસમાં પ્રથમ વખત ૪૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી ગઈ છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ સોશિયલ મીડિયા પર આ પરિણામોને અત્યંત શાનદાર ગણાવતા જણાવ્યું હતું કે, આ સફળતા પાછળ કંપનીની સર્ચ એન્જિન ક્ષમતામાં થયેલો વિસ્તાર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ક્લાઉડ સેવાઓનો મુખ્ય ફાળો રહ્યો છે. આલ્ફાબેટના વાર્ષિક રિપોર્ટ અનુસાર, ગૂગલ સર્ચ એન્જિનમાં વાર્ષિક ધોરણે ૧૭ ટકાનો નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે. ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં સર્ચનો વપરાશ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે રહ્યો હતો. બીજી તરફ, ગૂગલ ક્લાઉડની આવકમાં ૪૮ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે અને તે હવે વાર્ષિક ૭૦ અબજ ડોલરના રન રેટ પર પહોંચી ગયું છે. એઆઈ ઉત્પાદનોની વધતી માંગને કારણે કંપની પાસે ૨૪૦ અબજ ડોલરનો બેકલોગ ઓર્ડર જમા થયો છે.

## કોટક મ્યુચ્યુઅલ ફંડે રોકાણકારો માટે ભારતના ગ્રોથ એન્જિનને અનલૉક કરવા કોટક સર્વિસીસ ફંડ રજૂ કર્યું

kotak Mutual Fund

મુંબઈ : કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ (“KMAMC”/“કોટક મ્યુચ્યુઅલ ફંડ”) એ કોટક સર્વિસીસ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ સર્વિસ થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. 4 ફેબ્રુઆરી 2026ના રોજ ખુલનારી અને 18 ફેબ્રુઆરી 2026 ના રોજ બંધ થનારી આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) રોકાણકારોને ભારતના મુખ્ય વિકાસ એન્જિન એવા સર્વિસીઝ સેક્ટર સુધી પહોંચવા માટે સક્ષમ બનાવે છે. ઉલ્લેખનીય છે કે સર્વિસીસ સેક્ટર દેશના GVA (Gross Value Added) માં 55 ટકા યોગદાન આપે છે અને દેશના 31.5 ટકા લોકોને રોજગારી આપે છે. ગ્રાહક સેવાઓ, ટેલિકોમ, હેલ્થકેર, લોજિસ્ટિક્સ, નાણાંકીય સેવાઓ, આઈટી, પાવર, ઓઈલ અને ગેસ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો હોવાને કારણે, ભારતની સર્વિસ ઈકોનોમી લાંબા ગાળાના રોકાણકારો માટે સતત અનેક માળખાકીય વૃદ્ધિના માર્ગો ખોલી રહી છે*. કોટક સર્વિસીસ ફંડનો ઉદ્દેશ્ય Growth at Reasonable Price (GARP) અને બોટમ-અપ BMV ફ્રેમવર્ક (Business, Management, Value) માં સમાવિષ્ટ શિસ્તબદ્ધ રોકાણ વ્યૂહરચના દ્વારા આ બહુ-પરિમાણીય તકો મેળવવાનો છે. આ ફંડ મજબૂત રોકડ પ્રવાહ, સ્કેલેબલ મોડેલ્સ અને લાંબા ગાળાની ચક્રવૃદ્ધિ સંભાવના સાથે ગુણવત્તાયુક્ત વ્યવસાયો પર ધ્યાન કેન્દ્રિત કરીને, વિવિધ માર્કેટ કેપિટલાઈઝેશનમાં રોકાણ કરશે. કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહે જણાવ્યું હતું કે, “વધતી આવક, વધુ ડિજિટલ સાધનો અપનાવવા અને શહેરીકરણના વિસ્તરણને કારણે ભારતની સર્વિસ ઈકોનોમી માળખાકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. આ પરિબળો ભારતીયો તેમના માટે જરૂરી સેવાઓનો વપરાશ, વ્યવહાર અને ઍક્સેસ કેવી રીતે કરે છે તેને ફરીથી આકાર આપી રહ્યા છે. કોટક સર્વિસિસ ફંડ સાથે, અમારું લક્ષ્ય એક એવો પોર્ટફોલિયો બનાવવાનું છે જે ભારતની સર્વિસ ઈકોનોમીમાં વિકસતી તકોનો લાભ લઈ શકે અને રોકાણકારોને લાંબા ગાળે મૂલ્ય પ્રદાન કરી શકે.” કોટક સર્વિસીસ ફંડના ફંડ મેનેજર રોહિત ટંડને જણાવ્યું હતું કે, “સર્વિસીસ થીમ વપરાશ આધારિત અને નિકાસ આધારિત સેગમેન્ટમાં તેની વ્યાપકતા દ્વારા સ્થિરતા અને વૃદ્ધિ બંને પ્રદાન કરે છે.

## કેન્દ્રીય બજેટ 2026-27 પર કિયા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું નિવેદન

“કેન્દ્રીય બજેટ 2026-27 ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક શિસ્ત પર મજબૂત એકાગ્રતા સાથે સક્ષમ આર્થિક વૃદ્ધિ માટે સ્પષ્ટ અને ભવિષ્યમાં ડોકિયું કરતો માર્ગ સ્થાપિત કરે છે. રસ્તાઓ, રેલવે, ફ્રેઈટ કોરિડોર્સ અને પ્રાદેશિક કનેક્ટિવિટીમાં એકધાર્યાં રોકાણો અને નવા આર્થિક પ્રદેશો અને હાઈ- સ્પીડ કોરિડોરના વિકાસ નવી તકો ખોલી નાખશે અને દેશભરમાં સંતુલિત વૃદ્ધિને




ટેકો આપશે.

પ્રગતિશીલ ઉત્પાદન, ઈલેક્ટ્રિક્સ અને બેટરી ઉત્પાદન, રેર અર્થ કોરિડોર્સ અને એસએમએમઈ સશક્તિકરણ પર ભાર આત્મનિર્ભર ભારતના ધ્યેય હેઠળ સ્પર્ધાત્મક વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનવાના ભારતના પ્રવાસને વધુ મજબૂત બનાવશે. એકંદરે આ પગલાં ગ્રાહક વિશ્વાસ વધારશે અને ટેકનોલોજી પ્રેરિત અને સક્ષમ મોબિલિટી તરફ રૂપાંતરને ગતિ આપશે. ભારત વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યો છે ત્યારે કિયા ઈન્ડિયા ભવિષ્યલક્ષી મોબિલિટી સમાધાન થકી આ પરિવર્તનમાં અર્થપૂર્ણ રીતે યોગદાન આપવા માટે ઉત્સુક છે.”

## હાઈવે નિર્માણમાં રોકાયેલા શ્રમિકો માટે NHAIનો માસ્ટર પ્લાન

નવી દિલ્હી:દેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના ઝડપી વિસ્તાર અને તેની વધતી જટિલતાને ધ્યાનમાં રાખીને, ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ (NHAI) એ એક મહત્વપૂર્ણ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય હાઈવે નિર્માણ કાર્યમાં રોકાયેલા શ્રમિકોની ક્ષમતા વધારવાનો અને બદલાતા ગુણવત્તાના ધોરણો મુજબ તેમને તૈયાર કરવાનો છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ માત્ર નિર્માણની ગુણવત્તા જ નહીં, પરંતુ હાઈવેના લાંબા ગાળાના જાળવણી માટે પણ કારીગરોને સજ્જ કરશે. એનએચએઆઈ દ્વારા દેશમાં પ્રથમ વખત એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેમાં હાઈવે પ્રોજેક્ટ્સમાં કામ કરતા શ્રમિકો કયા વિસ્તારમાંથી આવે છે તેનું ગામડા સ્તર સુધીનું મેપિંગ કરવામાં આવ્યું છે. આ ડેટાના આધારે ૮ રાજ્યોના ૪૯ જિલ્લાઓમાં મુખ્ય લેબર ક્લસ્ટરની ઓળખ કરવામાં આવી છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઓડિશાનો સમાવેશ થાય છે. આ અભિગમથી શ્રમિકોને તેમના ઘરની નજીક જ તાલીમ મળી રહેશે, જેથી તેમની ભાગીદારી વધશે.તાલીમ કાર્યક્રમને વ્યવસ્થિત અને ટકાઉ બનાવવા માટે એનએચએઆઈ એ સ્થાનિક ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs), ડિપ્લોમા કોલેજો અને એન્જિનિયરિંગ કોલેજોને તાલીમ કેન્દ્રો તરીકે પસંદ કરી છે.




## વૈશ્વિક ક્રિપ્ટો બજારમાં રોકાણકારો પાયમાલ

### ક્રિપ્ટોના કડાકામાં રોકાણકારોની ૫૦૦ અબજ ડોલરની સંપત્તિ સ્વાહા

અમદાવાદ: વિશ્વભરના નાણાકીય બજારોમાં અત્યારે ભારે ઉથલપાથલનો માહોલ જોવા મળી રહ્યો છે. સોના-ચાંદીના ભાવમાં આવેલા મોટા ફેરફારો અને શેરબજારની અનિશ્ચિતતા વચ્ચે ક્રિપ્ટો કરન્સી માર્કેટમાં મોટો ભૂકંપ આવ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં ક્રિપ્ટો કરન્સીના મૂલ્યમાં થયેલા તોતિંગ ઘટાડાને કારણે રોકાણકારોએ અંદાજે ૫૦૦ અબજ ડોલરની જંગી સંપત્તિ ગુમાવવાનો વારો આવ્યો છે. વૈશ્વિક સ્તરે સર્જાયેલી રાજકીય અસ્થિરતા અને આર્થિક દબાણને કારણે રોકાણકારો હવે જોખમી મિલકતોમાંથી નાણાં પાછા ખેંચી રહ્યા હોવાનું જણાય છે. ક્રિપ્ટો બજારના ડેટા વિશ્લેષણ મુજબ, ૨૯મી જાન્યુઆરીથી ૩જી ફેબ્રુઆરી સુધીના ટૂંકા ગાળામાં જ બજારનું કુલ મૂલ્ય ૪૭૦ અબજ ડોલર કરતાં પણ વધુ ઘટી ગયું છે. જો ઓક્ટોબર ૨૦૨૫ની તેની ટોચની સપાટી સાથે સરખામણી કરવામાં આવે તો, ક્રિપ્ટો માર્કેટમાંથી અત્યાર સુધીમાં અંદાજે ૧.૭ લાખ કરોડ ડોલરની સંપત્તિ સાફ થઈ ગઈ છે. આ કડાકા પાછળનું મુખ્ય કારણ ‘ક્રિપ્ટોકિંગ’ ગણાતા બિટકોઈનના ભાવમાં થયેલું મસમોટું ધોવાણ છે, જેના કારણે અન્ય નાની કરન્સીઓ પણ પત્તાના મહેલની જેમ તૂટી પડી છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં બિટકોઈનમાં લગભગ ૧૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. ઓક્ટોબર ૨૦૨૫માં જ્યારે બિટકોઈન ૧,૨૬,૦૦૦ ડોલરની તેની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ હતો, ત્યાંથી તે હવે ૩૯ ટકા નીચે ગગડીને ૭૩,૦૦૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. આ ઘટાડો છેલ્લા ૧૫ મહિનાના સૌથી નીચલા સ્તરને સ્પર્શી રહ્યો છે. બજારમાં પ્રવાહિતાનો અભાવ અને મોટા રોકાણકારો દ્વારા કરવામાં આવેલી વેચવાલીને કારણે બિટકોઈનની લોકપ્રિયતા અને તેના ભાવ પર સીધી અસર પડી છે. ક્રિપ્ટો માર્કેટમાં આવેલા આ વિનાશક કડાકા પાછળ વૈશ્વિક રાજકારણના સમીકરણો પણ જવાબદાર છે. ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવને કારણે વૈશ્વિક રોકાણકારોમાં ભયનો માહોલ છે. આ ઉપરાંત, વિવિધ દેશોની કેન્દ્રીય બેંકો દ્વારા નાણાકીય પોલિસીઓને કડક બનાવવામાં આવતા બજારમાંથી રોકડ ખેંચાઈ રહી છે.



રેપો રેટ | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વ્યાજદરોમાં હાલ કોઈ ફેરફાર નહીં કરે તેવી અટકળો

# આરબીઆઈ રેપો રેટમાં કોઈ પણ ફેરફાર કરે તેવી શક્યતા નહિવત

અમદાવાદ:ભારતીય રિઝર્વ બેંકની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિની બેઠક ૪ થી ૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર છે. સમગ્ર દેશની નજર આ સમીક્ષા પર ટકેલી છે, પરંતુ આર્થિક નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આ વખતે રેપો રેટ અને નાણાકીય વલણમાં કોઈ પણ ફેરફાર થવાની શક્યતા ઘણી ઓછી છે. બજારના વિશ્લેષકો મુજબ, જ્યાં સુધી આર્થિક વૃદ્ધિ દરમાં મોટો ઘટાડો જોવા ન મળે ત્યાં સુધી કેન્દ્રીય બેંક વ્યાજદરોમાં કાપ મૂકવાનું જોખમ ઉઠાવશે નહીં. નાણાકીય નીતિ સમિતિએ અગાઉ ડિસેમ્બર ૨૦૨૫માં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને તેને ૫.૨૫ ટકા પર લાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષના ફેબ્રુઆરી મહિનાથી શરૂ થયેલા વ્યાજદર ઘટાડાના ચક્રમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો




વૃદ્ધિદર નોંધપાત્ર રીતે નબળો પડે તો જ નાણાકીય નીતિ સમિતિ ઘટાડો વિચારી શકે

તોતિંગ ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, વર્તમાન આર્થિક સ્થિતિ અને સ્થિરતાને જોતા હવે રિઝર્વ બેંક આ ઘટાડાના સિલસિલા પર લાંબો વિરામ મૂકી શકે છે. નિષ્ણાતોના મતે, હાલમાં અર્થતંત્ર જે ગતિએ આગળ વધી રહ્યું છે તેને જોતા તાત્કાલિક રાહતની જરૂર જણાતી નથી.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતનો વૃદ્ધિ દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. બીજી તરફ, રિઝર્વ બેંક માટે સૌથી મહત્વનો એવો છૂટક ફુગાવો પણ ધીમે ધીમે ૪ ટકાના લક્ષ્યાંક તરફ સરકી રહ્યો છે. અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે, જ્યારે વૃદ્ધિ અને ફુગાવો બંને અપેક્ષિત સ્તરે હોય, ત્યારે નીતિગત દરોમાં ફેરફાર કરવાની જરૂરિયાત રહેતી નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સમિતિ હવે ડેટા-આધારિત અભિગમ અપનાવી રહી છે અને ઉતાવળે કોઈ પણ નિર્ણય લેવાનું ટાળશે. કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે ફેબ્રુઆરીના મધ્યમાં જ્યારે નવા આધાર વર્ષ મુજબના છૂટક ફુગાવા અને જીડીપીના આંકડા જાહેર થશે, ત્યારે જ સાચું ચિત્ર સ્પષ્ટ થશે. અમેરિકા દ્વારા ભારત પરના ટેરિફ ઘટાડવાની જાહેરાત થઈ તે પહેલાના આ સર્વેક્ષણો દર્શાવે છે કે રોકાણકારો અને સંસ્થાઓ રેપો રેટ ૫.૨૫ ટકા પર જ સ્થિર રહે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. જો વૈશ્વિક કારણોસર કે સ્થાનિક સ્તરે આર્થિક વૃદ્ધિ નબળી પડે, તો જ ભવિષ્યમાં દરમાં ઘટાડાની બારી ખુલી શકે છે.જો આરબીઆઈ દરો યથાવત રાખશે, તો બેંકો દ્વારા હોમ લોન કે પર્સનલ લોનના વ્યાજદરમાં હાલમાં કોઈ મોટી રાહત મળવાની શક્યતા નથી. જોકે, સ્થિર વ્યાજદર બજારમાં નિશ્ચિતતા લાવશે જે લાંબા ગાળાના રોકાણ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. મીડિયા અહેવાલ મુજબ, કેન્દ્રીય બેંક હાલમાં ‘થોભો અને રાહ જુઓ’ની નીતિ પર ભાર મૂકી રહી છે, જેથી ભવિષ્યના કોઈ પણ આર્થિક આંચકા સામે લડી શકાય.

## સરદાર સાહેબના ચરણોમાં શીશ ઝુકાવી રાષ્ટ્રભક્તિના ઊંડા અનુભવો વ્યક્ત કર્યા


# જીજ્ઞેશ મેવાણી સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત: વડગામના ધારાસભ્યએ પરિવાર સાથે સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પી

ભરત શાહ | નર્મદા તા. 05

વિશ્વની સર્વોચ્ચ પ્રતિમા અને ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સ્મૃતિ સ્થળ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પોતાના પરિવારજનો સાથે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગૌરવ અને ભાવનાના ઊંડા અનુભવો વ્યક્ત કરતા સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જીજ્ઞેશ મેવાણી સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત એકતા નગરના પ્રવાસન આકર્ષણો અને આદિવાસી સંસ્કૃતિના સંગમ સમાન રહી હતી.

સરદાર સાહેબના જીવનચરિત્રની અનુભૂતિ ધારાસભ્ય મેવાણીએ પ્રતિમા પરિસરમાં આવેલી વિશાળ પ્રદર્શન ગેલેરીની મુલાકાત લીધી હતી, જ્યાં સરદાર સાહેબના ભારતના એકીકરણ માટેના ઐતિહાસિક સંઘર્ષોને જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા છે. વ્યૂઈંગ ગેલેરી પરથી નર્મદા ડેમ અને વિંધ્યાચલ-સાતપુડાની ગિરિમાળાઓનો નજારો જોઈ તેઓ





મંત્રમુગ્ધ બન્યા હતા. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની ટેકનિકલ વિશેષતાઓ અને લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શોની પણ પ્રશંસા કરી હતી.

આદિવાસી બહેનોના શ્રમ અને ભોજનના વખાણ મુલાકાત પોથીમાં પોતાના અનુભવો નોંધતા જિજ્ઞેશ મેવાણીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો કે, "એકતા નર્સરીમાં આદિવાસી બહેનોના હાથનું સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન જમવાની ખૂબ મજા પડી. બહેનોનો શ્રમ અને નફો પણ તેમનો જ રહે છે તે જોઈને વિશેષ આનંદ થયો." તેમણે હેન્ડીક્રાફ્ટ અને નર્સરીના જાળવણીની પણ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી અને લોકોને આ સ્થળની મુલાકાત લેવા અપીલ કરી હતી.

સન્માન અને આભાર આ મુલાકાત પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જનસંપર્ક અધિકારી રાહુલ પટેલ દ્વારા ધારાસભ્યને સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી હતી. તેમજ ટુરિઝમ ઓફિસર ઝુબીન ગમીરે તેમને યાદગાર ફોટોફ્રેમ ભેટ આપી સન્માનિત કર્યા હતા. મેવાણીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્ટાફના પ્રેમ અને ઉમળકાભર્યા સહકાર બદલ દિલથી આભાર માન્યો હતો.

## આહવા-શિવઘાટ માર્ગે ધોળા દિવસે બાઈક ચાલક પર દીપડાએ જીવલેણ હુમલો કર્યો

### આહવાનાં શિવઘાટનાં માર્ગમાં શીલા(પથ્થર) પર ધોળા દિવસે દીપડો બેઠેલો જોવા મળતા રાહદારી વાહન ચાલકોએ વીડિયો બનાવી સોશિયલ મિડિયામાં વાયરલ કર્યો..

સુશિલ પવાર | ડાંગ તા.05

પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વન્યજીવો અને માનવીઓ વચ્ચેના સંઘર્ષની ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં ડાંગના મુખ્ય મથક આહવા પાસે આવેલા પ્રખ્યાત શિવઘાટ માર્ગ પર દીપડાએ એક બાઈક ચાલક પર ઓચિંતો હુમલો કરતા ભારે ચકચાર મચી ગઈ છે.આ હુમલાને પગલે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.મળતી વિગતો અનુસાર, આહવાની સનસેટ કોલોનીમાં રહેતા ૩૬ વર્ષીય દેવેન્દ્રભાઈ આર.ભગરિયા પોતાની બાઈક લઈને શિવઘાટ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા.આ દરમિયાન માર્ગની બાજુમાં આવેલી ઝાડીઓમાં શિકારની ફિરાકમાં છુપાઈને બેઠેલા દીપડાએ અચાનક દેવેન્દ્રભાઈ પર તરાપ મારી હતી. દીપડાના આ આક્રમક હુમલામાં યુવકને શરીરે ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ દીપડો તુરંત જ શિવઘાટના ઉપરના ભાગે આવેલા ગાઢ જંગલ વિસ્તારમાં નાસી છૂટ્યો હતો. નવાઈની વાત તો એ છે કે, આ ઘટનાના થોડા સમય પહેલાં જ સવારે અંદાજે ૯:૧૫ કલાકે આ દીપડો શિવઘાટ પાસે એક શીલા (પથ્થર) પર બેસીને આરામ ફરમાવતો જોવા મળ્યો હતો. ત્યાંથી પસાર થતા અનેક વાહનચાલકોએ દીપડાને ધોળા દિવસે



રસ્તાની નજીક જોઈ તેના વીડિયો પણ મોબાઈલમાં કેદ કર્યા હતા.વન્યજીવ આ રીતે માનવ વસાહત અને મુખ્ય માર્ગની આટલી નજીક જોવા મળતા પ્રવાસીઓની સુરક્ષા સામે પણ સવાલો ઉભા થયા છે.દીપડાના પંજા વાગવાથી લોહીલુહાણ થયેલા દેવેન્દ્રભાઈને તાત્કાલિક અસરથી આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલમાં તેઓ હોસ્પિટલના વોર્ડ નંબર ૧૨૫માં તબીબોની દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા છે.સદનસીબે યુવકનો જીવ બચી ગયો છે, પરંતુ આ ઘટનાએ વન વિભાગની ચિંતામાં વધારો કર્યો છે.ઘટનાની જાણ થતા જ આહવા પશ્ચિમ રેન્જનાં આર.એફ.ઓ વિનય પવાર અને તેમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. વન વિભાગ દ્વારા લેવાયેલા દીપડાના પગમાર્ક અને તેની ગતિવિધિ જાણવા માટે વિસ્તારની તપાસ હાથ ધરી છે.શિવઘાટ વિસ્તારમાં વન વિભાગની ટીમ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.વન વિભાગે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓને આ માર્ગ પરથી પસાર થતી વખતે અત્યંત સાવચેત રહેવા અને મોડી રાત્રે કે વહેલી સવારે એકલ-દોકલ અવરજવર ન કરવા અપીલ કરી છે. ડાંગના જંગલોમાં દીપડાની વધતી જતી સક્રિયતાને કારણે હવે લોકોમાં એ માંગ ઉઠી રહી છે કે માનવ સુરક્ષા માટે વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા સહિતના કડક પગલાં લેવામાં આવે.

## વઘઈ - આહવા માં કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા'નો હુંકાર

### મોંઘવારી અને આદિવાસી અન્યાય મુદ્દે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સરકારને આડેહાથ લીધી..

સુશિલ પવાર | ડાંગ તા.05

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર સમાન વઘઈના ઐતિહાસિક ગાંધી મેદાન ખાતે આજે ગુજરાત કૉંગ્રેસનાં પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની અધ્યક્ષતામાં "જન આક્રોશ યાત્રા-પરિવર્તનનો શંખનાદ" રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે યોજાયેલી જાહેરસભામાં જનમેદનીને સંબોધતા અમિત ચાવડાએ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની જનતા છેલ્લા ત્રણ દાયકાના એકચક્રી શાસનથી હવે કંટાળી ગઈ છે.આજે રાજ્યનો સામાન્ય નાગરિક આસમાને પહોંચેલી મોંઘવારી અને શિક્ષિત યુવાનો બેરોજગારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે.સરકાર લોકોની પાયાની જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં અને મકાન પૂરી પાડવામાં નિષ્ફળ રહી છે અને જનતાને માત્ર વિવિધ યોજનાઓની લાંબી લાઈનોમાં ઉભા રાખીને હેરાન કરવામાં આવી રહી છે. તેમણે મતાધિકાર જેવા બંધારણીય હક્કો પર પણ તરાપ મારવા માટે સરકાર દ્વારા ષડયંત્રો થતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. અમિત ચાવડાએ રાજ્યમાં વ્યાપેલી સામાજિક બદીઓ અને ભ્રષ્ટાચાર અંગે બોલતા કહ્યું કે, દારૂ અને ડ્રગ્સના ગેરકાયદેસર કારોબારને કારણે અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને સરકાર આ મામલે મૌન સેવી રહી છે. સરકારી વિભાગોમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણે જનતાના કામો થતા નથી.ખાસ કરીને આદિવાસી વિસ્તારોના પ્રશ્નો અંગે સરકારની નીતિઓની ટીકા કરતા તેમણે જણાવ્યું



કે, પાર-તાપી લિંક પ્રોજેક્ટ, ભારતમાલા હાઈવે, ઝીંક ખનન અને ઉકાઈ ડેમ ફ્લોટિંગ સોલાર જેવા પ્રોજેક્ટ્સના નામે આદિવાસીઓના પવિત્ર 'જળ, જંગલ અને જમીન' પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે. જંગલ જમીનના હજારો દાવાઓ વહીવટી તંત્રમાં પેન્ડિંગ હોવા છતાં તેનું નિરાકરણ લાવવાને બદલે સરકાર આદિવાસીઓની જમીનો છીનવીને મોટા ઉદ્યોગપતિઓને પધરાવી રહી છે, જે કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં.શિક્ષણ અને રોજગારીના કથળતા સ્તર અંગે ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસી નેતાએ જણાવ્યું કે, ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ મર્જ કરવાના નામે બંધ કરવામાં આવી રહી છે અને મનરેગા જેવી યોજનાઓમાં મજૂરોને મળતો રોજગાર સતત ઘટી રહ્યો છે. તેમણે શહેરોમાં થતી બુલડોઝરની કાર્યવાહી અને ગરીબ મજૂરોના શોષણને પણ અમાનવીય ગણાવ્યું હતું. સભાના અંતે તેમણે ઉપસ્થિત સૌ નાગરિકોને પોતાના હક્ક અને અધિકારોના રક્ષણ માટે 'જન આક્રોશ યાત્રા' સાથે જોડાઈને આગામી સમયમાં પરિવર્તન લાવવા માટે હાકલ કરી હતી.આ કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી શ્રીનિવાસ બી.વી., ડો. તુષાર ચૌધરી, માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવિત, માજી સાંસદ કિશન પટેલ, જિલ્લા પ્રમુખ સ્નેહલ ઠાકરે, ગુજરાત આદિવાસી કોંગ્રેસ પ્રમુખ રાજુ પારઘી અને મહામંત્રી સંદીપ માંગરોલા જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.આ સાથે જ સ્થાનિક અગ્રણીઓ ગૌતમભાઈ પટેલ, તબરેઝ અહેમદ (બબ્બુ), સૂર્યકાંત ગાવિત, મુકેશ પટેલ અને યુવા નેતા તુષાર કામડી સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજરી આપી કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન કર્યું હતુ.

## લીલીયામાં એક સાથે ૭ લોકોને હડકાયા શ્વાને બચકા ભરી લીધા, શ્વાનના આતંકથી ભય, શ્વાને ૮ પશુને પણ બચકા ભર્યા



કિશોર આર. સોલંકી જાફરાબાદ તા.05

શ્વાને મફત પ્લોટ અને સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં શ્વાને ભરડો લીધો લીલીયામાં શ્વાન નાં આતંકથી લોકોમાં ફફડાટ હતો. એક સાથે શહેરમાં ૭ લોકોને હડકાયા શ્વાને બચકા ભરી લેતા તમામને સારવાર અર્થે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. શ્વાન કરડવા થી લોકોમાં ભયનો માહોલ સવાયો હતો. લીલીયામાં શ્વાનનો આંતક સામે આવ્યો છે. અહીં ૬ લોકો અને ૧ બાળકીને શ્વાને બચકા ભર્યા હતા. શહેરના મફત પ્લોટ અને સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં શ્વાને બચકા ભરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. શ્વાને મનુષ્ય સાથે પશુઓને પણ છોડ્યા ન હતા. અહીં ૨ વાછરડી, ૫ ગાયો અને ૧ પાડી સહિત ૮ પશુઓને પણ બચકા ભરી લીધા હતા. ત્યારે પશુ ઓને પણ હડકવા વિરોધી રસી આપવામાં આવી હતી.તેમજ શ્વાન કરડી લેતા ઈજાગ્રસ્તોએ પ્રથમ લીલીયા સિવીલ માં સારવાર લીધી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં લીલીયાની સિવીલ હોસ્પિટલમાં શ્વાન કરડવાના એક જ દિવસમાં ૭ કેસ નોંધાયા હતા.૧૫ દિવસ પૂર્વે અમરેલીમાં એક સાથે ૫૭ લોકોને શ્વાને બચકા ભર્યા હતા ૧૫ દિવસ પૂર્વે અમરેલી શહેરમાં શાકમાર્કેટ, હરી રોડ સહિત ના જુદા જુદા વિસ્તારમાં ૫૭ લોકોને શ્વાને ભચકા ભરી લીધા હતા. જેના કારણે ભયનો માહોલ છવાયો હતો. આ તમામ લોકોને પણ અમરેલી સિવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## પૂર્ણા અભયારણ્યમાં દુર્લભ 'બ્લેક-હેડેડ બંટિંગ' પક્ષી દેખાયુ : પક્ષીપ્રેમીઓમાં ખુશીની લહેર



સુશિલ પવાર | ડાંગ : પ્રકૃતિના અખૂટ ખજાના સમાન ડાંગ જિલ્લાના પૂર્ણા વન્યજીવન અભયારણ્યમાંથી પક્ષી જગત માટે અત્યંત ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. વન્યજીવન મુલાકાત દરમિયાન અહીં એક અત્યંત દુર્લભ ગણાતી પક્ષી પ્રજાતિ 'બ્લેક-હેડેડ બંટિંગ' નોંધાઈ છે.આ પક્ષીનું વૈજ્ઞાનિક નામ Emberiza melanocephala છે.ડાંગના જંગલોમાં આ પ્રજાતિની હાજરી ભાગ્યે જ જોવા મળે છે, ત્યારે આ નોંધ સ્થાનિક જૈવવિવિધતાના દસ્તાવેજીકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.પૂર્ણા વન્યજીવન અભયારણ્યના પ્રમાણિત પ્રવાસી માર્ગદર્શક અને મહાલ ગામના સ્થાનિક નિવાસી વિપુલ વળવી દ્વારા જંગલ વિસ્તારમાં આ પક્ષીનું અવલોકન કરવામાં આવ્યું હતું. વિપુલ વળવી લાંબા સમયથી વન્યજીવન ક્ષેત્રે કાર્યરત છે અને દુર્લભ પક્ષીઓની પ્રજાતિઓ તેમજ તેમના રહેઠાણો શોધવામાં નિષ્ણાત માનવામાં આવે છે. વન્યજીવન મુલાકાત દરમિયાન જ્યારે તેઓ જંગલના નિર્ધારિત માર્ગ પર હતા, ત્યારે તેમની નજર આ વિશિષ્ટ પક્ષી પર પડી હતી. જોકે આ દૃશ્ય ખૂબ જ ટૂંકા સમય માટે હતું, પરંતુ સ્પષ્ટ હોવાને કારણે પક્ષીના વિશિષ્ટ શારીરિક ચિહ્નો અને વર્તનના આધારે તેની આત્મવિશ્વાસપૂર્વક ઓળખ કરી શકાઈ હતી. એટલું જ નહીં, આ દુર્લભ ક્ષણનું ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ પણ કરવામાં આવ્યું છે, જે તેની સત્તાવાર પુષ્ટિ માટે મજબૂત પુરાવો ગણાય છે.ડાંગ જિલ્લામાં બ્લેક-હેડેડ બંટિંગ જેવી પ્રજાતિનું દેખાવું એ પૂર્ણા વન્યજીવન અભયારણ્યના ઈકોલોજીકલ મહત્વને ઉજાગર કરે છે.આ પક્ષી સામાન્ય રીતે સ્થળાંતરિત પક્ષીઓની શ્રેણીમાં આવે છે. નિષ્ણાતોના મતે, આવા દુર્લભ પક્ષીઓની હાજરી એ સાબિત કરે છે કે પૂર્ણાનું જંગલ સ્થળાંતરિત પક્ષીઓ માટે ઉત્તમ નિવાસસ્થાન અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. આ રેકોર્ડને હવે સ્થાનિક વન અધિકારીઓ અને પક્ષી નિષ્ણાતો સાથે ચકાસણી માટે શેર કરવામાં આવ્યો છે, જેથી સત્તાવાર વન્યજીવન રેકોર્ડમાં તેનો સમાવેશ કરી શકાય.ડાંગના ગાઢ જંગલોમાં થતી આવી નવી અને દુર્લભ નોંધો પ્રવાસન અને પર્યાવરણ સંરક્ષણ બંને દ્રષ્ટિએ આશીર્વાદરૂપ સાબિત થશે. વિપુલ વળવી જેવા સ્થાનિક યુવાનોની કુશળતાને કારણે આજે ડાંગની છૂપી જૈવવિવિધતા વિશ્વ સમક્ષ આવી રહી છે, જે વન વિભાગ માટે પણ ગૌરવની વાત છે.

## ભાયાવદર નગરપાલીકાના પ્રમુખના મનસુફી પ્રમાણેના વહિવટના વિરોધમાં સામાન્ય સભાનો બહિષ્કાર કરતા કોંગ્રેસના સદસ્ય

ભાયાવદર નગરપાલીકા ભાજપશાસિત બોડી નગરપાલીકાના પ્રમુખ તેમજ સતાધારી બોર્ડ ભાયાવદર શહેરમાં થતા વિકાસના કામોમાં ઓરમાયુ વર્તન રાખી તેમજ સરકારની ગ્રાન્ટમાંથી કરવામાં આવતા કામો જે કામો દરેક વોર્ડમાં સંતુલનથી કામો થવા જોઈએ. તેમજ જે તે ગ્રાન્ટની ફાળવણી નગરપાલીકાની સામાન્ય સભામાં એજન્ડામાં લઈને કાર્ય કરવાના હોય, જેના બદલે પ્રમુખ પોતાની રીતે એજન્ડામાં લીધા વગર મનસુફી રીતે ગ્રાન્ટની ફાળવણી કરી પોતાના વિસ્તારોમાં ગ્રાન્ટ ફાળવી દે છે. અને વિરોધપક્ષને કોઈપણ પ્રકારની જાણ ન થાય તે રીતે નિયમ વિરૂધ્ધ નગરપાલીકાનો વહિવટ ચલાવતા હોય, તેમજ શહેરના મુખ્ય રોડ પર સીસીરોડનું કામ ચાલે છે તે કામ છેલ્લા પાંચ મહિનાથી આડેધડ ખોદકામ કરેલ હોય, જેથી મુખ્ય રોડના બંને સાઈડના વેપારીઓની હાલત વેપાર ધંધા વગર બેરોજગાર બનેલ છે તેમજ શહેરમાં થતા કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. જેમાં ભુગર્ભ ગટરની કુંડીઓની ઈંટો તેમજ તેમાં વપરાતા પાઈપલાઈનના ભુંગળાઓ સાવ હલકી ગુણવતાના હોય તેમજ કોન્ટ્રાકટરો સાથે મિલીભગત કરીને તેઓના કામોમાં નગરપાલીકાના વાહનો, તેમજ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે પ્રજાના ટેક્ષના પૈસાનો દુરઉપયોગ કરી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. આ બાબતની અનેકવાર જોનકમિશ્નર રાજકોટને જાણ પણ કરવામાં આવેલ છે. તેમ છતાં રાજકોટ કમિશ્નરપણ આની કોઈ તપાસ કરતા ન હોય, જેથી આજની નગરપાલીકાની સામાન્ય સભાનો વિરોધપક્ષના ચુંટાયેલા સભ્યો સખત વિરોધ કરી આજની સભાનો બહિષ્કાર કરવામાં આવેલ છે. આ બાબતની જાણ પત્ર લખી મુખ્ય કમિશ્નરશ્રી, ગાંધીનગર તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રીને લેખીતમાં જાણ કરી નગરપાલીકાના તમામ કામોની ઈન્કાવયરી કમિશન બેસાડી તપાસ કરવામાં આવે, જો આ તપાસ યોગ્ય રીતે કરવામાં આવે તો ભાયાવદર નગરપાલીકામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર સામે આવે તેમ છે. વધુમાં નયનભાઈ જીવાણી દ્વારા જણાવવામાં આવેલ.

## નખત્રાણા નગરે મહા વદ ૬ ને શનિવારે ઉજવાશે સાંઈ જલારામ મંદિરનો ૧૪મો પાટોત્સવ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી): નખત્રાણા શહેરમાં ધર્મ, ભકિત, સેવા, સત્સંગના તિર્થધામ એવા શ્રી સાંઈ જલારામ મંદિરનો ચૌદમો પાટોત્સવ વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ ૬ ને શનિવાર, તા.૦૭/૦૨/૨૦૨૬ના શ્રી સાંઈ જલારામ મંદિરે ભકિત-ભાવ-શ્રધ્ધાથી ઉજવાશે. આ ભવ્ય અવસરે આપ સૌને પધારીને દર્શન-પ્રસાદનો લાભલેવા ભક્તોને હાર્દિક નિમંત્રણ પ્રાઠવતા મહાજન ના પ્રમુખશ્રી રાજેશભાઈ પલણ એ જણાવેલ કે પાટોત્સવ દરમિયાન પ્રારંભ સવારે પૂજન ૯.૧૫ કલાકે પાદૂકા પૂજન સવારે ૯.૩૦ કલાકેધ્વજારોહણ સવારે ૧૦.૦૦ કલાકે મહાઆરતી સાંજે ૭.૧૫ કલાકે મહાપ્રસાદ રાત્રે ૮.૦૦ કલાકે સહીત કાર્યક્રમ ની રૂપરેખા આપી હતી મંદિર નું સ્થળ શ્રી સાંઈ-જલારામ મંદિર, આનંદનગર, નખત્રાણા તેમજ શ્રી સાંઈ-જલારામ સેવા સમિતિ દ્વારા આ અવસરે દર્શન સહીત મહાપ્રસાદ લેવા ભક્તોને મંદીરે પધારવા આમંત્રણ અપાયુ છે

# સૌરાષ્ટ્રમાં એશિયાટિક સિંહોના કમોત અટકાવવા એક્શન પ્લાન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.05

૨૦૨૬ની શરૂઆતમાં જ અમરેલીમાં વાહનો નીચે કચડાતા ૩ સિંહના મોત, પીસીસીએફ દોડી આવ્યા અમરેલી, જૂનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદરના ડીસીએફ સાથે યુદ્ધના ધોરણે વિડિઓ કોન્ફરન્સ દેશની શાન ગણાતા એશિયાટિક સિંહોની સુરક્ષા વધુ મજબૂત બનાવવા વનવિભાગે કડક અને વ્યાપક પગલાં લેવાની દિશામાં આગળ વધ્યું છે. તાજેતરમાં ૨૦૨૬ની શરૂઆતમાં જ અમરેલી જિલ્લામાં વાહન નીચે કચડાઈ જવાથી ત્રણ સિંહોના મૃત્યુ થયા બાદ પીસીસીએફ દોડી આવ્યા હતા અને માર્ગ અકસ્માતોમાં સિંહોના મૃત્યુની ઘટનાઓ સામે ચિંતા વધતા, વનવિભાગના ઉચ્ચ અધિકારીઓના નેતૃત્વ હેઠળ મહત્વપૂર્ણ વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં આવી ઘટનાઓને રોકવા માટે એક્શન પ્લાન બનાવાયો છે.આ બેઠકમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના વનવિભાગના ઉપવન સંરક્ષકો (DCF) જોડાયા હતા. સાથે જ સિંહ સંરક્ષણ માટેની નેશનલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ પણ ચર્ચામાં સામેલ રહ્યા હતા. છેલ્લા કેટલાક સમયગાળામાં અમરેલી અને ગીર વિસ્તારના માર્ગો પર સિંહોની અવર-જવર વધી છે. ખાસ કરીને હાઈવે અને ગ્રામ્ય માર્ગો પર વાહન અથડામણના બનાવોમાં સિંહો તથા અન્ય વન્યપ્રાણીઓના મૃત્યુના બનાવો નોંધાયા છે. જાન્યુઆરી મહિનામાં અમરેલી જિલ્લામાં એક જ મહિનામાં ત્રણ વન્યપ્રાણીઓના મૃત્યુના બનાવોએ વનવિભાગ ને વધુ સાવચેત બનાવ્યો છે. અમરેલી જિલ્લામાં અગાઉ ટ્રેન નીચે કચડાઈ જવાથી ટપોટપ સિંહોના મોત થતા હતા હવે sinh રોડ ક્રોસ કરતા જોવાથી વાહનો નીચે કચડાઈ જવાથી મોતનું પ્રમાણ વધ્યું છે.વનવિભાગના આંકડાઓ મુજબ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહોના મૃત્યુની સંખ્યા ચિંતાજનક રહી છે, જેમાં કુદરતી કારણો ઉપરાંત માર્ગ અકસ્માત, ખુલ્લા કુવા, વીજ તાર અને ટ્રેન અકસ્માત જેવા માનવસર્જિત કારણો પણ સામેલ છે. આ તમામ મુદ્દે પીસીસીએફ દ્વારા પાંચ જિલ્લાના ડિસીફ સાથે ચર્ચા કરીને જુદા જુદા પગલાંઓ લેવા માટે તેમને કડક આદેશો આપવામાં આવ્યા છે. હોટ સ્પોટ પર સ્પીડ બ્રેકર, સાઈન બોર્ડ, રિફ્લેક્ટર મુકાશે વનવિભાગે દરેક જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના વડા અધિકારીઓ સાથે સંકલન સાધવાની સૂચના આપી છે. હોટસ્પોટ વિસ્તારોમાં વનવિભાગની સલાહ અનુસાર સ્પીડ બ્રેકર ઉભા કરવાનું, રિફ્લેક્ટર લગાવવાનું અને સ્પષ્ટ ચેતવણી બોર્ડ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે. માર્ગોની બંને બાજુ સિંહોની અવર-જવર વિસ્તારખ દર્શાવતા બોર્ડ, રાત્રી સમયે દેખાય તેવા રિફ્લેક્ટર અને જરૂરી ત્યાં લાઈટિંગની વ્યવસ્થા વધારવા પર પણ ભાર મુકાયો છે. સાથે જ, સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં જાગૃતિ લાવવા માટે અભિયાન ચલાવવાની તૈયારી દર્શાવવામાં આવી છે. સિંહો રસ્તો ક્રોસ કરતા હોય તેવા તમામ હોટસ્પોટ ઓળખવાનો આદેશ વિડિયો કોન્ફરન્સ દરમિયાન તમામ જિલ્લાઓના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO)ને તાત્કાલિક આદેશ આપવામાં આવ્યો છે કે, સિંહોની અવર-જવર વધુ રહેતી હોય તેવા માર્ગો અને વિસ્તારોના હોટસ્પોટ ઓળખી તેની વિગતવાર યાદી તૈયાર કરવામાં આવે. આ યાદી આધારે આગળની સુરક્ષા કાર્યવાહી હાથ ધરાશે. સિંહોની અવરજવર ટ્રેક કરવા રેડિયો કોલર બંધાશે જો જરૂરી જણાશે તો સિંહોની ગતિ અને અવર-જવર પર નજર રાખવા માટે રેડિયો કોલર પહેરાવવાની તૈયારી રાખવા અંગે પણ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આ ટેક્નોલોજી દ્વારા સિંહોની સ્થિતિનું રિયલ ટાઈમ મોનીટરીંગ કરી શકાય છે.અમરેલી જિલ્લામાં ૨૦૨૬માં પશુઓના અકસ્માતની ઘટના ૪ જાન્યુઆરીના હેમાળ ગામ પાસે અમદાવાદના કાર ચાલકે સ્વિફ્ટ કાર નીચે કચડીને સિંહનું મોત નિપજાવ્યું જાન્યુઆરીમાં જ બાલાની વાવ ગામ પાસે અજાણ્યા વાહને દીપડાને કચડી નાખ્યો. ૩૧ જાન્યુઆરીના નાગેશ્રી ટોલનાકા પાસે વિરેન્દ્ર રાઠોડ નામના આરોપીએ સિંહણને કચડીને મોત નિપજાવ્યું.

## VHP જૂનાગઢ બેઠક ૨૦૨૬: સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે 'પંચ પરિવર્તન' પર અપાયું વિશેષ માર્ગદર્શન





નરેન્દ્ર દવે » જૂનાગઢ | જૂનાગઢ મહાનગરના મોતીબાગ સ્થિત ગિરનાર પબ્લિક સ્કૂલ ખાતે વિશ્વ હિન્દુ પરિષદની એક વ્યાપક જીલ્લા બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આગામી સંઘ શતાબ્દી વર્ષને અનુલક્ષીને સંગઠનની મજબૂતી અને સામાજિક પરિવર્તન અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ બેઠક ૨૦૨૬ માં મહાનગરના વિવિધ પ્રખંડોના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અને કાર્યવૃત બેઠકની શરૂઆત ઉપસ્થિત પદાધિકારીઓના હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનગર મંત્રી વિપુલભાઈ રાવત દ્વારા કેન્દ્રીય પ્રન્યાસી મંડળ અને સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠકમાં લેવાયેલા નિર્ણયો તેમજ સંગઠન દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યોનું વૃત કથન રજૂ કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રખંડ મંત્રીઓએ પોતપોતાના વિસ્તારમાં ચાલતી સંગઠનાત્મક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. પંચ પરિવર્તન અને નવી જવાબદારીઓ સૌરાષ્ટ્ર પ્રાંત સહ મંત્રી રસિકભાઈ કંણઝારીયાએ સંઘ શતાબ્દી વર્ષ અંતર્ગત 'પંચ પરિવર્તન' ના વિચારને સમાજ સુધી પહોંચાડવા અને કાર્યકર્તાની સક્રિય ભૂમિકા વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકના અંતિમ તબક્કે માતૃશક્તિ વર્ગ, દુર્ગાવાહિની વર્ગ, બજરંગ દળ વર્ગ અને પરિષદ શિક્ષા વર્ગ જેવા તાલીમ શિબિરોની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે જ કાર્યકર્તાઓની નવી જવાબદારીઓની પણ સત્તાવાર ઘોષણા કરવામાં આવી હતી.

### જૂનાગઢ પોલીસ નેત્રમ શાખા રિકવરી

## 11 અરજદારોને રૂ. 2.01 લાખનો ખોવાયેલ સામાન પરત અપાવ્યો







નરેન્દ્ર દવે » જૂનાગઢ | "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને ચરિતાર્થ કરતા જૂનાગઢ જિલ્લા પોલીસે એક પ્રશંસનીય કામગીરી હાથ ધરી છે. જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા અને જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાએ 'વિશ્વાસ પ્રોજેક્ટ' અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલા CCTV કેમેરાની મદદથી ૧૧ અલગ-અલગ અરજદારોનો ખોવાયેલો કિંમતી સામાન શોધી કાઢ્યો છે. જૂનાગઢ પોલીસ નેત્રમ શાખા રિકવરી હેઠળ કુલ રૂ. ૨,૦૧,૬૦૦/- ની કિંમતનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો છે. સીસીટીવી બન્યા 'તારણહાર' પી.એસ.આઈ. પ્રતિક મશરૂ અને એચ.પી. મકવાણાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખોવાયેલા લેપટોપ, ચાંદીની વસ્તુઓ, મોબાઈલ ફોન અને રોકડ રકમ ટ્રેક કરવા માટે ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે 'વિશ્વાસ પ્રોજેક્ટ' ના કેમેરાના ફૂટેજ તપાસીને ગણતરીના દિવસોમાં જ માલિકોને તેમની વસ્તુઓ શોધી આપી છે. સુરક્ષા અને સેવાનું ઉત્તરદાયિત્વ પોતાનો ખોવાયેલો સામાન સહી-સલામત પાછો મળતા તમામ ૧૧ અરજદારોએ જૂનાગઢ પોલીસની ત્વરિત કામગીરી અને સેવાની ભાવના બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ નેત્રમ શાખા રિકવરી એ સાબિત કર્યું છે કે આધુનિક સુરક્ષા સિસ્ટમ માત્ર ગુનેગારોને પકડવા માટે જ નહીં, પણ સામાન્ય જનતાની નાની-મોટી મુશ્કેલીઓ દૂર કરવામાં પણ એટલી જ અસરકારક છે.

## ગુંદાળામાં સિંહ પરિવાર, તો દીવમાં સિંહણ દેખાઈ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.05

તાલુકાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તાર માં સિંહ જોવા મળી રહ્યા છે ત્યારે છેલ્લા બે દિવસથી તાલુકા ના ગુંદાળા ગામમાં સિંહ પરિવાર ની લટાર જોવા મળી હતી જેમાં ૨ સીંહણ અને ૨ સિંહબાળ ગામમાં લટાર મારી ૨ માલઢોરના મારણ કરી મિજબાની માણી હતી.આ વિસ્તારમાં વારંવાર સિંહ આવી જતા હોવાથી ગ્રામજનોમાં પણ ભયનો માહોલ છે ત્યારે ગ્રામજનો માંથી પણ એવો શૂર ઉઠવા પામેલ છે કે આતો રોજનું થયું સિંહ લગભગ ગામમાં આવી જતા હોય છે અને હવે તો સિંહ સાથે પનારો થઈ ગયો છે.વન વિભાગ પેટ્રોલિંગ રાખે એવી માંગ છે બીજી તરફ દીવ ના વણાંકબારાના સ્મશાન પાસે ફોરેસ્ટ જંગલ વિસ્તારમાં રાત્રીના સમયે સીંહણ જોવા મળી હતી ત્યારે આ વિસ્તાર માંથી પસાર થતા રાહદારીઓએ પોતાના મોબાઈલ માં સીંહણના દ્રશ્યો કેદ કર્યા હતા અને બે દિવસ પહેલા દિવના ડાંગરવાડી વિસ્તારમાં સિંહની લટાર જોવા મળી હતી આમ સિંહ જંગલ વિસ્તાર મૂકી છેક દરિયા કાંઠા વિસ્તાર સુધી તેનો વિસ્તાર સુનિશ્ચિત કરતા હોય તેમ જંગલ નજીકના બોર્ડરના ગ્રામ્ય વિસ્તાર થી દરિયાકાંઠા સુધી પોતાનું સામ્રાજ્ય બનાવતા હોય તેવું લાગી રહ્યું છે. સિંહ દિવ વિસ્તારમાં જોવા મળતા દિવ વાસી ઓમા પણ ભય નો માહોલ જોવા મળી રહ્યો છે અને સ્થાનિક વનવિભાગ પાસે સિંહ ને પાંજરે પુરવા માંગણી કરેલ છે દિવ એક પ્રવાસન સ્થળ હોય અને હજારો પ્રવાસીઓ દિવ આવતા હોય છે ત્યારે સિંહ અને માનવ વચ્ચે સંઘર્ષ ટાળવા વન વિભાગ દ્વારા દિવ વિસ્તાર માં વસવાટ કરતા સિંહ ને પાંજરે પુરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં સીમકાર્ડ વેચનારે ખરીદનાર વ્યક્તિના આધાર-પુરાવાનું રજિસ્ટર નિભાવવાનું રહેશે

નરેન્દ્ર દવે » જૂનાગઢ | ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે સીમકાર્ડનો દૂરઉપયોગ કરીને લોકોની સાથે છેતરપિંડી, મોબાઈલ ફોન ચોરી તેમજ મિલકત સંબંધી તથા શરીર સંબંધી ગુનાઓ માં મોબાઈલ સીમકાર્ડમાં દુરુપયોગ કરીને ધાકધમકી આપતા હોવાના ઘણા ગુનાઓ જિલ્લામાં દાખલ થયેલ હોવાનું તથા મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા ઈ-કોમર્સનું ચલણ વધી રહ્યું હોય, સાયબર ક્રાઈમના ગુનાઓના કામે મોટાભાગના સીમકાર્ડ ખોટા નામ સરનામાના આધારે મેળવી ગુનેગારો દેશના કોઈપણ ખૂણે બેસીને અપરાધને અંજામ આપતા હોય, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડના ખરીદ-વેચાણ દરમિયાન યોગ્ય કાર્યરીતીનું પાલન થાય તે હેતુથી તેમજ સીમકાર્ડ ખરીદ કરનાર વ્યક્તિ આધાર-પુરાવાઓની ચકાસણી તેમજ નિભાવણી જરૂરી હોવાનું જણાવી તે માટેના આધાર રાખવા તથા રજીસ્ટર નિભાવવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

## જૂનાગઢ જિલ્લાના વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર-જવર રહેતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજિયાત

નરેન્દ્ર દવે | જૂનાગઢ » અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણી બંધ બૉમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે CCTV કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. સીએનજી કે પેટ્રોલ પંપના માલિક/સંચાલકોએ સીએનજી પમ્પ/પેટ્રોલ પંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડીઝલ/સીએનજી ફિલિંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડિંગ સિસ્ટમ સાથે પૂરતી સંખ્યામાં રાખવાના રહેશે. પ્રાઈવેટ સિક્યુરિટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાઈસન્સ ધરાવતી અધિકૃત સિક્યુરિટી એજન્સીના તથા તાલીમબધ્ધ સિક્યુરિટી ગાર્ડ રાખવાના રહેશે.

### વિકસિત ભારતના સંકલ્પમાં સૌની ભાગીદારી જરૂરી: મુખ્યમંત્રી

## હારિજના અડીયા ખાતે CM ભૂપેન્દ્ર પટેલે 30મા સમૂહ લગ્નોત્સવમાં 22 નવ દંપતીને આપ્યા આશીર્વાદ

પાટણ | હારીજ તાલુકાના અડીયા ખાતે સત્યાવીસ લેઉવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત ત્રીસમા સમૂહ લગ્નોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રભુતામાં પગલાં પાડી રહેલા ૨૨ નવ દંપતીને આશીર્વાદ આપ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવનું આયોજન ગં.સ્વ. રઈબા ડાહ્યાભાઈ ઝવેરદાસ પાળજા પરિવાર - અરીઠાના સહયોગથી કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજ દ્વારા આજથી ત્રીસ વર્ષ પહેલાં સમૂહ લગ્નનું આયોજન કરી અન્ય સમાજો માટે એક અનુસરણીય માર્ગ ચિંધવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા 'કેચ ધ રેન' અભિયાન અંતર્ગત વરસાદી પાણીને સંગ્રહિત કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે સ્વચ્છતાને માત્ર અભિયાન નહીં પરંતુ આદત અને સ્વભાવમાં ઉતારવાની અપીલ કરી હતી. સાથે જ આગામી ભવિષ્યને ધ્યાનમાં રાખીને દરેકે પ્રાકૃતિક ખેતી અપનાવવાની જરૂરિયાત હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

વધુમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાનના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે વિકસિત ગુજરાત સંકલ્પમાં સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય લવિંગજી ઠાકોર, હુડકો ડિરેક્ટર કે.સી. પટેલ સહિત રાજકીય, સામાજિક આગેવાનો તથા સમાજના સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા કલેક્ટરે કુડાસણ ગ્રામ પંચાયતની આકસ્મિક મુલાકાત, પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનું નિરીક્ષણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ કે. દવે દ્વારા વહીવટી પારદર્શિતા અને જનસુવિધાને વેગ આપવા માટે આકસ્મિક મુલાકાતનો દોર જારી રાખવામાં આવ્યો છે. આ અંતર્ગત તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ કલેક્ટરશ્રીએ કુડાસણ ગ્રામ પંચાયત ની આકસ્મિક મુલાકાત લઈ દફતર તપાસણી હાથ ધરી હતી. વહીવટી કામગીરીની સચોટતા ચકાસવાની સાથે તેમણે ગ્રામીણ સ્તરે સેવાઓની સુલભતા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા કલેક્ટર શ્રી મેહુલ કે. દવે દ્વારા ખેડૂતો માટે સ્થાયી બજારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અને ખેડૂતોને તેમની પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે હેતુથી કલેક્ટરશ્રી દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં ગુડા -GUDA હસ્તકની ૮ દુકાનો મેળવીને પ્રાકૃતિક ખેત પેદાશો માટે સ્થાયી વેચાણ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે. કલેક્ટરશ્રીએ આ વેચાણ કેન્દ્રોની મુલાકાત લઈ ખેડૂતો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. અને વેચાણ વ્યવસ્થા અંગેની વિગતો મેળવી હતી.

## સોપારી: ભારતનો એક સાંસ્કૃતિક ખજાનો

તહેવારો અને લગ્નની મોસમ ચાલી રહી છે, ત્યારે ભારત જીવંત રંગો, મધુર ધૂન અને વિવિધ સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જીવંત બને છે. આ ઉજવણીઓ વચ્ચે, ઘણીવાર અવગણવામાં આવતી નમ્ર સોપારી એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક પ્રતીક તરીકે ઉભરી આવે છે. સોપારી, સોપારીના બીજ, સદીઓથી ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહ્યો છે. તેનો ઉપયોગ, ઘણીવાર ધાર્મિક અને સામાજિક પ્રથાઓ સાથે જોડાયેલો હોય છે, તેણે દેશભરમાં પરંપરાઓ અને ધાર્મિક વિધિઓને આકાર આપ્યો છે.ભારતમાં, સોપારીનો અર્પણ, ઘણીવાર સોપારીના પાન અને ચૂનો સાથે, આતિથ્ય અને આદરનો એક સામાન્ય સંકેત છે. તેને સૌજન્યનું પ્રતીક અને ઘરમાં મહેમાનોનું સ્વાગત કરવાની એક રીત માનવામાં આવે છે. સંબંધોના દૃષ્ટિકોણથી, સોપારી વહેંચવાની ક્રિયા ઊંડા મૂળવાળા જોડાણ અને મિત્રતાનું પ્રતીક છે. તે એક એવો હાવભાવ છે જે ફક્ત નમ્રતાથી આગળ વધે છે, જે વિશ્વાસ, આત્મીયતા અને સહિયારા અનુભવોનું પ્રતિનિધિત્વ કરે છે. આ ધાર્મિક વિધિમાં સાથે મળીને ભાગ લઈને, વ્યક્તિઓ તેમના બંધનને મજબૂત બનાવે છે અને કાયમી યાદો બનાવે છે. ઉદાહરણ તરીકે, દક્ષિણ ભારતના ઘણા ભાગોમાં, સ્વાગતના સંકેત તરીકે મહેમાનોને સોપારી અને પાન ચડાવવાનો રિવાજ છે. આ પ્રથા પરંપરામાં ઊંડા મૂળ ધરાવે છે અને તેને મુલાકાતીઓનું સન્માન કરવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. મોટાભાગના ભારતીય રાજ્યોમાં તહેવારો, પૂજા અને શુભ પ્રસંગો દરમિયાન સોપારી ચડાવવામાં આવે છે.હિન્દુ ધાર્મિક વિધિઓ અને સમારંભોમાં સોપારીનું વિશેષ સ્થાન છે. તેને શુભ માનવામાં આવે છે અને ઘણીવાર પ્રાર્થના દરમિયાન દેવતાઓને ચઢાવવામાં આવે છે. ભારતના વિવિધ આદિવાસી સમુદાયોમાં સોપારી ચાવવાની પ્રથા પણ પ્રચલિત છે, જ્યાં તે ચોક્કસ સાંસ્કૃતિક અને સામાજિક પ્રથાઓ સાથે સંકળાયેલી છે. ભારતીય લગ્ન વિધિઓમાં સોપારી એક ખાસ સ્થાન ધરાવે છે, જે પ્રેમ, સમૃદ્ધિ અને શાશ્વત બંધનનું પ્રતીક છે. ઘણા હિન્દુ લગ્નોમાં, યુગલ 'પાન-સુપારી' સમારંભના ભાગ રૂપે સોપારીની આપ-લે કરે છે. આ ધાર્મિક વિધિ બે આત્માઓના મિલન અને જીવનભરના ભાગીદારીની શરૂઆતનું પ્રતીક છે. કેટલાક પ્રદેશોમાં, કન્યા અને વરરાજા એકસાથે સોપારી ચાવી શકે છે, જે તેમના બંધનને વધુ મજબૂત બનાવે છે. મહેમાનોમાં સોપારીનું વિતરણ પણ એક સામાન્ય પ્રથા છે, જેને નવદંપતી માટે આશીર્વાદ અને શુભેચ્છાઓના સંકેત તરીકે જોવામાં આવે છે. હિન્દુ શાસ્ત્ર વિષ્ણુ પુરાણમાં, સોપારીનો ઉલ્લેખ દૈવી પ્રસાદ તરીકે કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે તે વાતાવરણને શુદ્ધ કરે છે અને સકારાત્મક ઉર્જા આકર્ષે છે. ભારતભરના ઘણા મંદિરોમાં, ભક્તો તેમની પ્રાર્થનાના ભાગ રૂપે દેવતાઓને સોપારી ચઢાવે છે. આસામમાં, સોપારી બિહુ ઉત્સવનો એક આવશ્યક ભાગ છે. તે દેવતાઓને અર્પણ કરવામાં આવે છે અને મિત્રો અને પરિવાર વચ્ચે સદ્ભાવનાના પ્રતીક તરીકે તેની આપ-લે કરવામાં આવે છે. કેરળમાં, સોપારીનો ઉપયોગ વિવિધ આયુર્વેદિક ધાર્મિક વિધિઓમાં થાય છે અને તેમાં ઔષધીય ગુણધર્મો હોવાનું માનવામાં આવે છે. ઉત્તરપૂર્વીય રાજ્ય મિઝોરમમાં, સોપારી ચાવવી એ એક લોકપ્રિય સામાજિક પ્રવૃત્તિ છે, જેમાં ઘણીવાર પરંપરાગત સંગીત અને નૃત્યનો સમાવેશ થાય છે.સોપારી ચાવવાની ક્રિયા ઘણીવાર એક સામાજિક અનુભવ હોય છે. તે લોકોને એકસાથે લાવે છે, વાતચીતને પ્રોત્સાહન આપે છે અને સંબંધોને મજબૂત બનાવે છે. તે આરામ કરવાનો, આરામ કરવાનો અને બીજાઓની સંગતનો આનંદ માણવાનો એક માર્ગ છે. આ સમગ્ર ભારતમાં ખાસ કરીને ભારતના પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં પ્રચલિત છે. ભારતના ઘણા ભાગોમાં, સોપારી ચાવવી એ એક સામાન્ય સામાજિક પ્રવૃત્તિ છે, ખાસ કરીને જૂની પેઢીઓમાં. લોકો ઘણીવાર સોપારી ચાવવા માટે જૂથોમાં ભેગા થાય છે, વાર્તાઓ, મજાક અને સમાચાર શેર કરે છે. સોપારી ખાવાના આ સામાજિક પાસાએ સમુદાયના બંધનોને મજબૂત બનાવવામાં અને સાંસ્કૃતિક પરંપરાઓ જાળવવામાં મદદ કરી છે. ઉદાહરણ તરીકે, રાજસ્થાન રાજ્યમાં, સોપારી ચાવવાની પ્રક્રિયા ઘણીવાર પરંપરાગત લોકગીતો અને નૃત્યો સાથે કરવામાં આવે છે. સોપારીનો સ્વાદ અને સુગંધ અનોખી છે અને સદીઓથી તેની પ્રશંસા કરવામાં આવી રહી છે. સોપારીની મીઠાશ, સોપારીના પાનની તીખીતા અને ઠંડકની અસર સહિતના સ્વાદોનું મિશ્રણ એક વિશિષ્ટ સંવેદનાત્મક અનુભવ બનાવે છે. સ્પષ્ટપણે, સોપારી ફક્ત એક સરળ બીજ કરતાં વધુ છે. તે વિવિધ સમાજોના સાંસ્કૃતિક અને સામાજિક માળખામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં તેના ઊંડા મૂળ તેને દેશના વારસાનો એક કાયમી ભાગ બનાવે છે. જેમ જેમ આપણે ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ ટેપેસ્ટ્રીની પ્રશંસા કરવાનું ચાલુ રાખીએ છીએ, તેમ તેમ આપણે નમ્ર સોપારી અને આપણી પરંપરાઓને આકાર આપવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાને ભૂલી ન જઈએ.

## જૂનાગઢમાં મહાશિવરાત્રિના મેળામા 140 સ્થળોએ પીવાના પાણીની વ્યવસ્થા

નરેન્દ્ર દવે | જૂનાગઢ » મહાશિવરાત્રીના મેળામાં જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા ના માર્ગદર્શનમાં આ વર્ષે ભાવિકો માટે પીવાના પાણીની વ્યવસ્થા બમણી કરવામાં આવી છે, ભાવિકો માટે ૧૪૦ સ્થળોએ શુદ્ધ RO પ્લાન્ટના પીવાના પાણીની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ સાથે જ પ્રથમ વખત આશ્રમોમાં પણ ફિલ્ટર પ્લાન્ટ દ્વારા પાણી પૂરું પાડવામાં આવશે. જૂનાગઢના ભવનાથના મેળામાં વહિવટી તંત્ર દ્વારા લાખો ભાવિકો માટે પીવાના પાણીની પાયાની વ્યવસ્થા કરવામાં આવી છે. શિવરાત્રિ મેળામાં ભાવિક ભકતો દૂર દૂરના સ્થળેથી આસ્થા સાથે ભવેશ્વર ભવનાથ મહાદેવના દર્શન કરવા માટે આવતા હોય છે. ભકતજનો, સાધુ, સંતોને પીવાના શુદ્ધ પાણીની સગવડતા મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રિ મેળા-૨૦૨૬ અંતર્ગત શ્રદ્ધાળુઓને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે કુલ ૧૪૦ જેટલા સ્થળોએ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંતર્ગત કુલ ૧૦૦ સ્થળોએ ૫,૦૦૦ લિટર ક્ષમતાની ટાંકીઓ, ૧૫ પેગોડા ખાતે ૨,૦૦૦ લિટર ક્ષમતાની ટાંકીઓ, ૧૫ સ્થળોએ પીવાના પાણીના જગ માટે ટેબલ તેમજ પાર્કિંગ વિસ્તારમાં ૧૦ વધારાની ટાંકીઓ મૂકવામાં આવી છે.

### મહા શિવરાત્રીમાં ભવ્ય ડમરુ યાત્રા મેળાનું આકર્ષણ વધારશે

## જૂનાગઢ મહાશિવરાત્રી મેળામાં સર્વ સમાજને સહભાગી બનવા અપીલ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.05

ભવનાથ મહાશિવરાત્રીના મેળાનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ જળવાઈ રહે તે રીતે અને આ મહામેળાની શાનમાં વધારો કરવા પ્રથમ વાર ભવ્ય ડમરૂ યાત્રા યોજાશે, આ ડમરૂ યાત્રામાં દૂરસુદૂરથી પધારેલા સાધુ સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. મહાશિવરાત્રીના મેળામાં સાધુ સંતોના આગમનના વધામણા અને સ્વાગત કરવા માટે જૂનાગઢના સર્વ સમાજના લોકો જોડાશે, સાથે જ સર્વ સમાજની દીકરીઓ માથે કળશ લઈ સાધુ-સંતોનું વિશેષ સ્વાગત કરશે. આ ડમરૂ યાત્રામાં સર્વ સમાજના લોકો સહભાગી બને તે માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને સર્વ સમાજના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી, જિલ્લા કલેકટરે રાજ્ય સરકારના પ્રયાસોથી વધુ ભવ્યતા અને દિવ્યતાને આંબવા જઈ રહેલો મહાશિવરાત્રીનો મેળો જૂનાગઢવાસીઓ માટે આધ્યાત્મિક ચેતનાના પ્રતીક સમાન શ્રદ્ધામય પર્વ સમાન ગણાવ્યો હતો. ઘર આંગણે આ અનેરો મહાશિવરાત્રી મેળો હોય ત્યારે લોકો ઉત્સાહભેર સહભાગી બને તે જરૂરી છે.

## સંસદ પ્રશ્ન: ગીરના જંગલોમાં એશિયાટિક સિંહોની વસ્તી

નવી દિલ્હી | દેશમાં એશિયાટિક સિંહોની વસ્તી 2020માં 674થી વધીને 2025માં 891 થઈ છે. ગુજરાત રાજ્ય પાસેથી મળેલી માહિતી મુજબ, સિંહોની વસ્તીએ નોટિફાઈડ ફોરેસ્ટ વિસ્તારો, રિવર કોરિડોર તેમજ રેવન્યુ વેસ્ટલેન્ડ જેવા નવા વિસ્તારોમાં વસવાટ કર્યો છે. રાજ્યએ વેટરનરી સુવિધાઓ મજબૂત કરીને માનવ-વન્યજીવ સંઘર્ષ અને રોગની નબળાઈને સંચાલિત કરવા માટે વિવિધ પગલાં લીધાં છે. આ સંબંધમાં લેવામાં આવેલા મહત્વના પગલાં નીચે મુજબ છે: સિંહોની ઈકોલોજી, અવકાશી વિતરણ, કોરિડોરનો ઉપયોગ, સેટેલાઈટ વસ્તીની હિલચાલ, મોસમી પેટર્ન, જમીન-ઉપયોગની પસંદગીઓ અને મુખ્ય મેનેજમેન્ટ ઝોન પર વૈજ્ઞાનિક ડેટા જનરેટ કરવા માટે એક વ્યાપક સેટેલાઈટ ટેલિમેટ્રી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. વિસ્તારમાં વન્ય પ્રાણીઓની હિલચાલ અંગે નજીકની વસ્તીને જાગૃત કરવા માટે વન્ય પ્રાણી મિત્રો અને ટ્રેકર્સને સામેલ કરવામાં આવ્યા છે. ગીર અને ગ્રેટર ગીર સિંહ લેન્ડસ્કેપમાં ઘાસના મેદાનોમાં સુધારો અને પુનઃસ્થાપના, શિકારના આધારમાં વધારો અને રહેઠાણમાં સુધારો. ગ્રેટર ગીર લેન્ડસ્કેપમાં સેટેલાઈટ વસ્તીનું સંચાલન અને સુરક્ષાનું મજબૂતીકરણ.

## કલેક્ટર સુ અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત 95 તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કર્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત લુણાવાડા, જિલ્લા સેવા સદન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર સુ અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની ૯૫ જેટલી તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ અને



જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન પ્રેરક ઉપસ્થિતિમાં રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ રૂપે લુણાવાડા તાલુકાની ધોરણ-૧૦ માં શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.દીકરીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા જિલ્લા કલેક્ટર અર્પિત સાગરે જણાવ્યું હતું કે, 'દરેક દીકરી સેલ્ફ-ડિપેન્ડ (આત્મનિર્ભર) બની પોતાના પગ પર ઊભી રહે અને દીકરીઓએ આ ઉંમરે પોતાનું સંપૂર્ણ ધ્યાન માત્ર ભણતર પર કેન્દ્રિત કરવું જોઈએ.'પોલીસ અધિક્ષક સફીન હસને દીકરીઓને સુરક્ષા અને કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા દીકરીઓના શિક્ષણ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે. દીકરીઓ મહેનત કરીને આગળ વધે અને પોતાના પરિવાર તેમજ ગામનું નામ રોશન કરી અન્ય માટે મિસાલ કાયમ કરે તેવો તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી નૈલેષકુમાર મુનિયા, મહિલા અને બાળ અધિકારી સહિત શાળાની બાળકીઓ ઉપસ્થિત રહી હતી.

## મહીસાગર કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત 95 તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

લુણાવાડા જિલ્લા સેવા સદન ખાતે કલેકટર સુ અર્પિત સાગરે દીકરીઓ સાથે સંવાદ સાધી કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શિત કર્યા. મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત લુણાવાડા, જિલ્લા સેવા સદન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર સુ અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની ૯૫ જેટલી તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ અને જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન પ્રેરક ઉપસ્થિતિમાં રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ રૂપે લુણાવાડા તાલુકાની ધોરણ-૧૦માં શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### દરિયો ખેડતા સાગરખેડૂને રાજ્ય સરકારની સહાય

## મત્સ્ય સાગરખેડૂતોના પરિશ્રમથી ખૂલી રહ્યાં છે સાગરથી સમૃદ્ધિના દ્વાર


ર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત રાજ્યને ૧,૬૦૦ કિમી લાંબો દરિયા કિનારાનું વરદાન પ્રાપ્ત થયું છે. જેમાંથી અમરેલી જિલ્લો ૬૨ કિ.મીનો દરિયા કિનારો ધરાવે છે. અમરેલી જિલ્લા તળે આવતા જાફરાબાદ, ધારાબંદર, શિયાળબેટ તથા ચાંચ બંદર આમ કુલ મળી ૪ મત્સ્ય બંદરોનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લામાં દરિયાઈ મત્સ્યોદ્યોગ, આંતરદેશીય મત્સ્યોદ્યોગ તેમજ ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લાનું જાફરાબાદ બંદર, એ તેની 'બોમ્બે ડક' માછલીની માછીમારી માટે સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. રાજ્ય સરકારની સહાય અને મત્સ્યખેડૂતોનો પરિશ્રમથી અમરેલી જિલ્લાના માછીમારો માટે સાગરથી સમૃદ્ધિના દ્વાર ખૂલી રહ્યા છે.જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની ક્ચેરીની માહિતી અનુસાર, અમરેલી જિલ્લા ક્ચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર, નવાબંદર, સૈયદ રાજપરા તથા સિમર મત્સ્ય બંદરો/ઉતરણ કેન્દ્ર ખાતે નાની અને મોટી ૧૮૬૬ જેટલી માછીમારી બોટો નોંધાયેલી છે. અમરેલી જિલ્લામાં ૩૩ જળાશયો છે, જેમાં સરકારના પ્રર્વતમાન નિયમો અનુસાર ઈજારા પેટે આપવામાં આવે છે. 'ડીઝલ વેટ રાહત યોજના' અંતર્ગત ૧૩૫૪ માછીમારોને મહત્તમ રૂ. ૧૫ પ્રતિલીટરની સહાયતા આપવામાં આવી છે. તથા 'કેરોસીન વેટ' રાહત યોજના અંતર્ગત માછીમારોને રુ.૧૧૦ માછીમારોને ૯.૫૯ લાખ વેટ રાહત ચૂકવવામાં આવીછે. મત્સ્યદ્યોગ ખાતા દ્વારા માછીમારોને વિવિધ પ્રકારની યોજનાકીય સહાયોનું ચૂકવણું કરવામાં આવે છે. જેમ કે, પગડીયા સહાય, જી.પી.એસ સહાય, નવા એન્જીન ખરીદવા, નવા આઈસ પ્લાન્ટ, માછલી સપ્લાય કરવા રેફ્રીજરેટેડ વાન, ઓબીએમ/આઈબીએમ, પોલી પ્રોપોલીન રોપ, જમ્બો પ્લાસ્ટીક ક્રેટ, લાઈફ સેવિંગ જેકેટ અને ડીપ ફ્રીઝર જેવી વિવિધ યોજનાઓમાં કુલ ૮૦ માછીમારી બોટોને રૂ. ૭૭.૧૭ લાખની સહાય વર્ષ ૨૦૨૪-૨૫માં ચૂકવવામાં આવી છે.

## ગોકુલધામ, નાર ખાતે અષ્ટમ પાટોત્સવ, 24મો સમૂહ લગ્ન સમારંભ ભવ્ય રીતે યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નાર સ્થિત સ્વામિનારાયણ ગોકુલધામ ખાતે આજે અષ્ટમ પાટોત્સવ તથા 24 મો સમૂહ લગ્ન સમારંભ ભવ્ય અને ભાવપૂર્ણ માહોલમાં યોજાયો. આ પાવન પ્રસંગે દિવ્યાંગ તથા માતા-પિતા વિહોણી 51 દીકરીઓના સમૂહ લગ્ન વિધિવત રીતે સંપન્ન થયા, જે સમાજમાં કરુણા, સહકાર



અને માનવસેવાનો અનોખો દાખલો બન્યા. સમાજના પછાત અને વંચિત વર્ગના સશક્તિકરણના ઉદ્દેશ્ય સાથે ગોકુલધામ દ્વારા આત્મનિર્ભરતા અભિયાન હેઠળ 25 વિધવા તથા ત્યક્તા બહેનોને સિલાઈ મશીનોનું વિતરણ કરવામાં આવ્યું. ગોકુલધામ સંસ્થાએ અત્યાર સુધીમાં 23 સમૂહ લગ્ન સમારંભો દ્વારા કુલ 684 દીકરીઓનું કન્યાદાન કરી સમાજસેવામાં દીર્ઘકાલીન પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યના મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, કમલેશભાઈ પટેલ તેમજ સોજિત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા અને નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા.

# "ભલા હૈ બુરા હૈ જૈસા ભી હૈ મેરા પતિ મેરા દેવતા...દેતાવા.."

અચાનક બેત્રણ દિવસ થી સંધ્યા સમય બાદ રાતે આકાશ વાદળા ઓના અંદર છુપાઈ ને બેઠું હોય એવું ભાસે છે ત્યારે એવું લાગે છે કે ફેબ્રુઆરી માસ ના આગમન થતા જ "પ્રેમ" નામના શબ્દ ની માયાજાળ માં એ પણ ફસાઈ ગયું છે. માન્યું કે હવામાન વિભાગે એ વાતાવરણ માં ગડબડી ના એટલે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના એંધાણ આપી દીધા છે.આમ છતાંય વાદળાઓ વચ્ચે અલપઝલપ ફરતા ચાંદ ને નિહાળતા લેખકે વિચાર્યું કે ચાંદ કુંવારો કાકડી નથી એટલે નક્કી એની વિફરેલી વાઘણ પત્ની ના ભય થી ભયભીત લાગે છે. ધરા સુંદરીઓ ના પતિ જેવી ભયની રેખા ચાંદ ના મુખ પર સ્પષ્ટ દેખાતા લાગ્યું કે પંચાત રસ માં પૂર્ણપણે ખોવાયેલ લેખકને "ચંદ્ર" નું અન્ય લફરું ચાલતું લાગ્યું. કવિઓ ગઝલકારો એ રોમેન્ટિક હીરો કીધો છે એટલે તો શાયર લખે છે ને ગાયક "કાલ ચૌદવી કા ચાંદ,યા આફતાબ હો.જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો.." ના સુર છેડે છે.ચંદ્રની ખાસ પ્રિયતમા શીતળતા નો ભરપૂર આનંદ પૂનમ ની ચાંદની રાત લે છે ત્યારે ચંદ્ર સુપર મૂન નું સ્વરૂપ ધારણ કરીને પૂર્ણ કળા એ ખીલે છે. વસંત ઋતુ ના આગમન બાદ પૃથ્વી અને આકાશ માં બધેય ચારે તરફ ખુશી નું વાતાવરણ પ્રસરી જતું હોય છે.ભલે ત્રીસેય દિવસ મોઢું ચડાવી ને પત્ની એના પતિ ની ફરિયાદ નું લિસ્ટ વર્ણવતી ફર્યા કરતી હોય પણ વસંત ઋતુ નું આગમન થતા જ પત્નીઓને માથા ફરેલ પતિ માં પણ સજ્જનતા દેખાવવા લાગે છે. "ભલા હૈ બુરા હૈ જૈસા ભી હૈ મેરા પતિ મેરા દેવતા.. દેતાવા.." માની ને નાક સુધી સેંથી પુરતી પત્ની ના મન "મુનિયા ના પપ્પા તો સાવ ભગવાનનું માણસ, ફેશનો એના મન કાકા બારાક્ષરી" એવા પપલું પતિમાં પણ અ... અમિતાભ બચ્ચન" ના દર્શન થવા લાગે છે.પતિ ને "બેબી" બનાવી ને બકરી ની માફક ઓર્ડર ચલાવતી પત્નીઓ પણ રોમેન્ટિક ફેબ્રુઆરી માસ માં વસંત ઋતુ ના આગમન થતા જ પતિઓની સેવાઓ વધારે કરવા લાગે છે,કેમ? વસંત ઋતુ નું આગમન થતા જ આખો દિવસ વાદળા ની અંદર છુપાઈ ને રહેતા સૂરજ દાદા માટે કવિઓ શાયરો રોમેન્ટિક હીરો ને બદલે અંગ્રિયંગ મેન શબ્દ વાપરે છે ત્યારે સૂર્ય પત્નીઓ ગુસ્સે થઈ જાય છે. સૂર્ય પત્નીઓ "અંગ્રીંગમેન" ને બદલે પતિ માટે રોમેન્ટિક શબ્દ વપરાય એવું ઈચ્છે એમનું કહેવું છે કે પુરુષ ની વ્યાખ્યા માં સૂર્યદેવ એકદમ પરફેક્ટ : જે બહાર ઉગ્ર ગુસ્સેલ દેખાતો હોય એ પુરુષ ઘરમાં પ્રવેશતા જ કાચા માખણ જેવો મુલાયમ ને પ્રેમાળ બની જતો હોય છે.વાત તો સાચી છે સૂર્ય પત્નીઓની દલીલ સાથે સહમત છું આદમ એ સફરજન ખાધું એ ભેગા એને ઈવ માં સ્ત્રીત્વ નું દર્શન થતા જ હું પુરુષ અને તું સ્ત્રી એમ ભેદ કર્યો. આ ભેદ આદમ ને ખબર પડતા જ એ સ્ત્રીત્વ ના પ્રેમ માં પડી જતા એનું જીવન ધરમૂળ "જવાબદારી" ના બોજ તળે બદલાઈ ગયું. પ્રથમ દંપતિ "આદમ અને ઈવ ના પ્રેમ" ની માયાજાળ સમગ્ર ઈશ્વર ના સર્જન માં પ્રસરતા "નર માદા" ના સબંધ પર લગ્ન ની મોહર લાગી ગઈ. લગ્ન ની મોહર લાગ્યા બાદ પુરુષ ને એની સ્ત્રીના સુંદર સ્મિત સિવાઈ અન્ય કશુંય દેખાતું જ નથી હોતું. પચાસ સાંઠ વર્ષના લગ્ન જીવન બાદ પણ "પત્ની"ના ઈશારા ને ફોલો કરતા દંપતીઓ ની સંખ્યા વધારે છે. આપણા ને સવાલ થાય કે વસંત ઋતુ માંજ કેમ અચાનક પત્નીઓનો મૂડ બદલાય જાય છે? ગેંગરિયન કેલેન્ડર અનુસાર ફેબ્રુઆરી માસ એ વર્ષ નો સૌથી ટૂંકો મહિનો છે. સામન્ય રીતે ફેબ્રુઆરી માં ૨૮ દિવસ માં ચાર વર્ષે લિપ વર્ષ માં ૨૯ હોય છે. ફેબ્રુઆરી માસ નું નામ રોમન શબ્દ ફેબ્રુમ પરથી પડ્યું છે ફેબ્રૂમ નો અર્થ શુદ્ધિકરણ એવો થાય છે. ચોમાસા બાદ શિયાળો આવે છે ત્યારે ચારેય બાજુ હરિયાળી તો છવાય જાય છે પરંતુ ઠંડી ની ઋતુ માં કુદરતી ની સુંદરતા ને અસહ્ય ઠંડી ને લીધે માણી શકતા નથી. ફેબ્રુઆરી માસ માં ઠંડી ની ઋતુ પૂર્ણતા ને આરે આવતા વાતાવરણ માં ચારેય બાજુ ગુલાબી ઠંડી થઈ જતા પક્ષીઓ એના માળા માંથી બહાર નીકળી ને મીઠા અવાજે ગીતગુંજન કરવા લાગે છે. ફૂલો ની સુંગધ આસપાસ ભમરાઓ નું ગુંજન વધી જાય છે ને માણસ મન ને ખુશ ખુશાલ કરી નાખે છે.આ કારણોસર તો વસંત પંચમી નું લગ્ન નું વણ મુહૂર્ત માનવામાં આવે છે. મોટાભાગ ના નવ વિવાહિત જોડા ના લગ્ન ફેબ્રુઆરી માસ માં વધારે થયા જોવા મળશે.આ બધી વાત સાચી પણ પત્નીઓને વસંત ના આગમન થતા જ પતિઓ માં "મેરા પતિ" કેમ દેખાવવા લાગે છે?



માયાનો ભ્રમ

- રુપાલી દવે

ફ્લાવર ડે,ટેડી ડે,ચોકલેટ ડે, ગિફ્ટ ડે અને વેલેન્ટાઈન ડે માં "મે તેરા બોય ફ્રેન્ડ તું મેરી ગર્લફ્રેન્ડ"ના રોમેન્ટિક વીકનું ધામધૂમ થી બ્યુગલ વાગતા ચારેય બાજુ એ પ્રેમ શબ્દ નું સામ્રાજ્ય ફેલાઈ જતું હોય છે.યુવાનિયાઓના વિવિધ ડે ની સાથે સ્ત્રીઓના મનપસંદ "શોપિંગ ડે" ની પણ ધમાકેદાર એન્ટ્રી થઈ જાય છે.આ કારણોસર પત્નીઓની આંખો માં દેખાતી પતિઓ માટેની ગુલાબી પ્રેમની ચમક માં પતિઓના ગજવા નું વજન ઓછું થવા લાગે છે,કેમ? મોટાભાગના મોટા ડિસ્કાઉન્ટ વાળા સેલ લગ્ન ગાળા ને લીધે ફેબ્રુઆરી માસ માં જ આવતા હોય છે. બે બાળ ગોઠિયા મિત્રો શાક માર્કેટ માં મળી જતા એકે બીજા ને પૂછ્યું કે એલા!!તું તો સાવ બદલાઈ ગયો છે ઓળખાય નહીં એવો લાગવા લાગ્યો છે. ત્યારે બીજા એ કહ્યું કે યાર!! ફુરસત મળે તો ખુદ નું ધ્યાન રાખું ને ઘર માં બે બાળકો અને એક પત્ની છે એમાં જ દિવસ પૂરો થઈ જાય છે. બીજા એ સહેજ સ્મિત કરતા કહ્યું કે યાર!!આપણે તો પહેલે થી જ પત્ની ને ટાઈટ રાખીએ છીએ,પત્ની નામના પ્રાણી ને વધારે માથે ચડાવો તો ટાલ પાડી નાખે છે. પહેલા મિત્ર એ પૂછ્યું કે એલા!!મે તો તને મારી આપવીતી "માથાભારે પત્ની" કીધું પણ નથી છતાંય તને કેમ ખબર પડી ગઈ? બીજા એ સહેજ સ્મિત કરતા કીધું કે તારી સમસ્યા"એક પત્ની" વાક્ય થી ખબર પડી ગઈ બોલી ને મિત્ર આગળ પોતાની બડાઈ હાંકતા મોટે થી કહ્યું કે દોસ્ત, જીવવું તો શેર ની માફક જીવવાનુ સમજ્યો પત્નીને દિલ માં રાખવાની અને ગર્લફ્રેન્ડ ને સન ગ્લાસની દાંડી એ સાચવવાની. પહેલા મિત્ર ને બીજા ની વાત કાને પડતાં જ એ ધીમા અવાજે બોલ્યો કે બાપરે, બાપ,તારે ગર્લ ફ્રેન્ડ પણ છે બોલતા બોલતા અચાનક એના મિત્ર સામે એ



પોતાના ડોળા ગોળ ગોળ ફેરવી ને મિત્ર ને ભય ના સંકેત ના ઈશારા કરવા લાગ્યો. બીજા ને એના મિત્ર ના ઈશારા ની વાત ન સમજાતા એ માટે થી બોલ્યો કે લ્યા!!અલ્યા! પુરુષ છું એટલે ગર્લફ્રેન્ડ છે તો છે એમાં શું ખોટું છે? પરણેલા ને ગર્લફ્રેન્ડ રાખવી શું ગુનો છે?

બીજા મિત્રની પત્ની એ એની પીઠ પાછળ થી એને જવાબ આપ્યો કે ના બિલકુલ નહી પરણેલા એ પત્ની સિવાય અન્ય સબંધ રાખવા એ કાનૂની ગુનો છે કાલ કોર્ટ માં મળજો બોલી ને પતિ ના હાથ માંથી થેલા પકડી ને ચાલવા લાગી..બે મિનિટ પહેલા ખુદની શેખી કરતો બીજો મિત્ર પણ પત્ની પાછળ મનોમન કાશ આદમ એ સફરજન ન ખાધું હોત તો કેટલું સારું થાતબોલતો બોલતો ઘર ભણી ચાલવા લાગ્યો..જુના મિત્ર ને બાય બોલવા પણ ન રોકાયો.. મિત્રો,મારું તો માનવું છે કે પંચાત રસ માં નહતા પહેલા સાદા પાણી થી હાથ પગ ધોવા સારા..

# અભિષેક બચ્ચન અને અજય દેવગનની ગાઢ મિત્રતા પાછળનું શું છે રહસ્ય

## અજય દેવગણ માટે અભિષેક બચ્ચને રસ્તા પર ગુજારી હતી રાત



મુંબઈ: હિન્દી સિનેમાના 'જુનિયર બી' એટલે કે અભિષેક બચ્ચન આજે પોતાનો ૫૦મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. અડધી સદી પૂરી કરનાર અભિષેક માટે આજનો દિવસ માત્ર અંગત રીતે જ નહીં, પરંતુ તેમની ૨૫ વર્ષની ફિલ્મી સફરને યાદ કરવા માટે પણ ખાસ છે. અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનના પુત્ર હોવા છતાં, અભિષેકે પોતાની એક અલગ ઓળખ ઊભી કરી છે. પરંતુ આ ગ્લેમરસ દુનિયામાં તેમની એક એવી મિત્રતા છે જેની ચર્ચા હંમેશા થાય છે, અને તે છે સુપરસ્ટાર અજય દેવગન સાથેનો તેમનો અતૂટ સંબંધ અભિષેક બચ્ચન અને અજય દેવગન વચ્ચેની મિત્રતા બોલીવુડમાં ઉદાહરણરૂપ માનવામાં આવે છે. આ સંબંધ એટલો જૂનો છે કે અભિષેકે અભિનયમાં પદાર્પણ પણ કર્યું નહોતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એક ખાસ પ્રસંગે અભિષેકે પોતાના પરમ મિત્ર અજય દેવગન માટે આખી રાત રસ્તા પર વિતાવી હતી. આ કોઈ મજબૂરી નહીં પણ મિત્રતાની પરાકાષ્ઠા હતી. તે સમયે બચ્ચન પરિવારના પુત્ર હોવા છતાં, અભિષેકે કોઈપણ જાતના સંકોચ વગર અજયના કામ અથવા કોઈ અંગત કારણસર ફૂટપાથ પર સમય પસાર કર્યો હતો, જે આજે પણ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચાનો વિષય બને છે. ૫ ફેબ્રુઆરી ૧૯૭૬ના રોજ મુંબઈમાં જન્મેલા અભિષેકે વર્ષ ૨૦૦૦માં 'રેફ્યુજી' ફિલ્મથી પોતાની કારકિર્દી શરૂ કરી હતી

# 'હારવિનીક' સિનેમેટિક્સ દ્વારા મનોરંજન ક્ષેત્રે પદાર્પણ

અમદાવાદ : અમદાવાદની હારવિનીક સિનેમેટિક્સ દ્વારા મનોરંજન ક્ષેત્રે પદાર્પણ કરવામાં આવી રહ્યું છે. આ અંગે માહિતી આપતા હર્ષ શેઠે જણાવ્યું કે અમારો ઉદ્દેશ દર્શકોને મનોરંજન સાથે સામાજીક સંદેશ મળી રહે તે છે.અમે ૧૧ ગુજરાતી ફિલ્મો ઉપરાંત, શોર્ટમ ફિલ્મ માઈકોવર્ટીકલ અને વેબ સીરીઝ પણ બનાવવા જઈ રહ્યા છીએ કુલ ૪૪ જેટલા પ્રોજેક્ટો ઉપર કામ ચાલી રહ્યું છે. શોર્ટ ફિલ્મ, વેબ સીરીઝ, હારવિનીકનાં પોતાના ઓ.ટી.ટી. પ્લેટ ફોર્મ ઉપર રજુ થશે જ્યારે માઈક્રો વર્ટીકલ, શોર્ટ ફિલ્મ યુ-ટ્યુબ ઉપ રજુ થશે. હારવિનીક સિનેમેટિક્સના નૈતિક રાણા અને વિજયરામ જીયાણી વધુમાં જણાવે છે કે અમે એ માટે પ્રયત્નશીલ છીએ કે સામાજીક સંદેશ અને મનોરંજન સાથે નવોદિત કલાકારો - લેખકો ટેકનિશીયનોને પણ અમારી સાથે પ્લેટ ફોર્મ મળી રહે. જરૂર જણાય આ નવોદિતોને અમે તાલીમ પણ આપીશું અમારો પ્રવેશ મનોરંજન ક્ષેત્રે બદલાવ લાવવામાં સફળ રહેશે એવો વિશ્વાસ છે.

# દિશા પટણી અને તલવિંદર સિંહના સંબંધોનું સત્ય હવે સામે આવ્યું સિંગરે મૌન તોડ્યું છે



આ મામલાની પાછળ એક દાયકા જૂનો વેરભાવ હોવાનું સામે આવ્યું છે. ૩૧મી જાન્યુઆરીની રાત્રે વર્ષ ૨૦૧૫માં મકાન નિર્માણ માટે બાકી નિકળતા અઢી લાખ રૂપિયાની ઉઘરાણી કરવામાં આવી હતી. આ માંગણીએ ઉગ્ર બોલાચાલીનું સ્વરૂપ લીધું અને જોતજોતામાં મામલો હિંસક અથડામણ સુધી પહોંચી ગયો. આ મારામારીમાં મહિલાઓ અને એક નાની બાળકી પણ લોહીલુહાણ થઈ હતી. ઘટના બાદ અશર્ફી પાસવાન નામના વ્યક્તિએ ગામના ૭૦ બ્રાહ્મણોના નામજોગ અને અન્ય ૧૫૦ અજાણ્યા લોકો સામે એસસી-એસટી (SC-ST) એક્ટ હેઠળ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાવ્યો છે.આ કેસમાં સૌથી વધુ ચકચારી બાબત એ છે કે ફરિયાદમાં જે લોકોના નામ નોંધાયા છે, તેમાંથી મોટાભાગના લોકો તો ઘટના સમયે ગામમાં હાજર જ નહોતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જેમના પર ગુનો દાખલ થયો છે તેવા અનેક લોકો રોજગારી અર્થે દેશના અન્ય શહેરોમાં મજૂરી કે નોકરી કરે છે. તેમ છતાં બદલાની ભાવનાથી આખા ગામના લોકોના નામ એફઆઈઆરમાં સામેલ કરી દેવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ સામૂહિક ફરિયાદને કારણે પોલીસ પણ દ્વિધામાં મુકાઈ ગઈ છે કે વાસ્તવિક ગુનેગાર કોણ છે.પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. અત્યાર સુધીમાં આ મામલામાં ૧૨ લોકોની અટકાયત કરવામાં આવી છે અને તેમની કડક પૂછપરછ ચાલી રહી છે. ગામમાં વધુ હિંસા ન ભડકે તે માટે મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે અને આખા ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું છે. નેશનલ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પણ આ અનોખા કિસ્સાની ગંભીરતા જોઈને સોશિયલ મીડિયા પર તેની વિગતો શેર કરી છે, જે હવે વાયરલ થઈ રહી છે.

જિલ્લા વહીવટી તંત્ર અત્યારે તટસ્થ તપાસ કરવાનો દાવો કરી રહ્યું છે. જોકે, આખા ગામ સામે એફઆઈઆર થવાથી નિર્દોષ લોકો પણ કાયદાકીય ગૂંચવણમાં ફસાયા છે. સ્થાનિક રહીશોમાં અત્યારે ભય અને રોષનો માહોલ છે. આગામી દિવસોમાં પોલીસ પુરાવાઓ તપાસીને જે લોકો ઘટના સમયે ગામમાં હાજર નહોતા તેમના નામ યાદીમાંથી દૂર કરે છે કે કેમ તે જોવું રહ્યું. હાલ તો આ ઘટનાએ બિહારના સામાજિક અને કાયદાકીય માળખામાં મોટી હલચલ મચાવી દીધી છે.

## એડીએજીની કંપનીઓ સામે તપાસમાં વિલંબ બદલ સુપ્રીમ નારાજ

નવી દિલ્હી : તપાસમાં અસમાન્ય વિલંબ બદલ નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે અનિલ ધીરૂભાઇ અંબાણી ગ્રુપ (એડીએજી), અનિલ અંબાણી અને ગ્રુપ કંપનીઓની સંડોવણીવાળા ૪૦,૦૦૦ કરોડ રૂપિયાની બેકિંગ અને કોર્પોરેટ છેતરપિંડીના કેસમાં સીબીઆઇ અને ઇડીને નિષ્પક્ષ અને ત્વરિત તપાસ કરવાનો આદેશ આપ્યા છે. અનિલ અંબાણી વતી હાજર થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગી સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે તેમના અસીલ પૂર્વ મંજૂરી વગર દેશ છોડીને જશે નહીં. જ્યારે જાહેર હિતની અરજી દાખલ કરનાર અને પૂર્વ અધિકારી ઇએએસ શર્માએ શંકા વ્યક્ત કરી હતી કે તે દેશ છોડીને ભાગી શકે છે. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ એમ પંચોલીની બનેલી ખંડપીઠે અંબાણી અને એડીએજી કંપનીઓની વિરુદ્ધ ચાલી રહેલી તપાસ અંગે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) પાસે ચાર સપ્તાહની અંદર નવો સ્ટેટ્સ રિપોર્ટ માંગ્યો છે.

## પશ્ચિમ રેલવે દ્વારા હોળી તહેવારના અવસર પર હોલિડે સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

નવી દિલ્હી : પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી 231 હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી; મજબૂત હોલ્ડિંગ તથા ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ સુનિશ્ચિત. તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા અને સરળ આવાગમન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતાં, પશ્ચિમ રેલવે આવનારા હોળી તહેવાર દરમિયાન સંભવિત મુસાફર ભીડને સંભાળવા માટે વ્યાપક તૈયારીઓ સાથે સંપૂર્ણ રીતે સજ્જ છે. મુસાફરોની વધતી મુસાફરી માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી 231 હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી છે. આ સ્પેશિયલ ટ્રેનો 01 માર્ચથી 22 માર્ચ, 2026 દરમિયાન દેશના વિવિધ ગંતવ્યો માટે ચલાવવામાં આવશે, જેમાં ઉત્તર અને પૂર્વ ભારતના મુખ્ય પ્રદેશો–ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત અન્ય મહત્વપૂર્ણ રાજ્યો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ટ્રેનોની યોજના મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો ઉપલબ્ધ કરાવવા તથા તહેવારો દરમિયાન આરામદાયક અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોના સંચાલનની પૂર્વ આયોજન સાથે વિવિધ સેક્ટરોમાં આરક્ષણ પ્રવૃત્તિઓ અને મુસાફર માંગની સતત દેખરેખ રાખીને એક સક્રિય અને મુસાફર-કેન્દ્રિત અભિગમ અપનાવવામાં આવ્યો છે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, હોળી તહેવાર દરમિયાન મુસાફર ભીડના સુચારુ સંચાલન માટે પશ્ચિમ રેલવે વધારાની ટ્રેન સેવાઓ અને વ્યાપક મુસાફર સુવિધા પગલાં સાથે સંપૂર્ણ રીતે તૈયાર છે. બુકિંગ પેટર્ન અને મુસાફર આવાગમનની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે તથા જ્યાં શક્ય હોય ત્યાં નિયમિત ટ્રેનોમાં કોચોની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. મુસાફરોની માંગના આધારે વધારાની સ્પેશિયલ ટ્રેનો અંગે પણ વિચારણા કરવામાં આવશે અને આવનારા દિવસોમાં વધુ ટ્રેનોની સૂચના જારી કરવામાં આવશે. મુસાફરોને પોતાની મુસાફરીની બહેતર યોજના બનાવવા માટે વિવિધ મીડિયા માધ્યમો દ્વારા સ્પેશિયલ ટ્રેનો અને મુસાફર સુવિધાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે. વિનિતે વધુમાં જણાવ્યું કે મુખ્ય સ્ટેશનો પર ભારે મુસાફર ભીડની સંભાવનાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના મુખ્ય ટર્મિનલો અને આરંભિક સ્ટેશનો પર વ્યાપક રીતે ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ અગાઉથી અમલમાં મૂકવામાં આવી છે. મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ઉધના, સુરત, અમદાવાદ સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો પર મુસાફરોના સુરક્ષિત અને વ્યવસ્થિત પ્રવેશ તથા બોર્ડિંગને નિયંત્રિત કરવા માટે સમર્પિત મુસાફર હોલ્ડિંગ વિસ્તારો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ હોલ્ડિંગ વિસ્તારોમાં મુસાફરોની સુવિધા માટે બેઠકોની વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય બ્લોક, પૂરતું પ્રકાશન, પંખા તેમજ જાહેર જાહેરાત પ્રણાલી જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ છે.

# ભારતીય રેલ્વે તહેવારોની ભીડને નિયંત્રિત કરવા માટે હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવશે



માલીગાંવ : હંમેશની જેમ, ભારતીય રેલ્વેએ આગામી હોળીના તહેવાર દરમિયાન મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવા માટે હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ખાસ ટ્રેન સેવાઓ મુસાફરોને વધુ મુસાફરી વિકલ્પો પૂરા પાડવા, તેમની સુવિધા સુનિશ્ચિત કરવા અને તહેવારોની મોસમ દરમિયાન આરામદાયક અને સરળ મુસાફરી પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે, જ્યારે મુખ્ય રૂટ પર માંગ સામાન્ય રીતે વધુ હોય છે. ભારતીય રેલ્વેએ દેશભરમાં કુલ 1,410 હોળી સ્પેશિયલ ટ્રેનોનું આયોજન કરી ચૂક્યું છે, અને તહેવારોની ભીડને પહોંચી વળવા અને મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વધારાની ટ્રેનોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પહેલના ભાગ રૂપે, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં વધતી જતી મુસાફરીની માંગને પહોંચી વળવા માટે હોળી સ્પેશિયલ ટ્રેનો પણ ચલાવશે. આ પ્રસ્તાવિત સેવાઓનો હેતુ મુખ્ય સ્થળોને જોડવાનો અને નિયમિત ટ્રેનોમાં ભીડ ઘટાડવાનો છે, જેનાથી મુસાફરો તેમના પરિવાર સાથે રંગોનો તહેવાર સુરક્ષિત, અનુકૂળ અને સમયસર ઉજવી શકે.હોળી દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે આસામ (નારંગ), પશ્ચિમ બંગાળ (ન્યૂ જલપાઈગુડી) અને બિહાર (કટિહાર અને કિશનગંજ) થી કેટલીક સાપ્તાહિક હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની યોજના બનાવી રહી છે. આ ટ્રેનો ઉત્તર ભારતના મહત્વપૂર્ણ સ્થળો જેમ કે ગોરખપુર, અમૃતસર અને અન્ય મુખ્ય સ્થળોને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે, જે હોળી દરમિયાન મુસાફરો માટે આરામદાયક અને સરળ મુસાફરી સુનિશ્ચિત કરશે.આ સક્રિય પગલાં સાથે, ભારતીય રેલ્વે અને ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે મુસાફરો-કેન્દ્રિત સેવાઓ અને પીક ટ્રાવેલ સમય દરમિયાન અવિરત મુસાફરી પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેએ રેકોર્ડ રૂફટોપ સોલાર ક્ષમતા હાંસલ કરી

# ઈલેક્ટ્રિક ટ્રેક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ વિસ્તાર થયો





માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન નવીનીકરણીય ઉર્જા અપનાવવા, ઈલેક્ટ્રિક ટ્રેક્શન અને ઓપરેશનલ સલામતીના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે, જે ટકાઉ, કાર્યક્ષમ અને સલામત રેલ કામગીરી પ્રત્યેની તેની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગ્રીન એનર્જી પહેલોને મોટો વેગ આપતા, નાણાકીય વર્ષ 2025-26 ના ડિસેમ્બર 2025 સુધીમાં નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે પર 9.27 MWp ની ક્ષમતાવાળા રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સિદ્ધિ પાછલા નાણાકીય વર્ષ 2024-25 ના સમાન સમયગાળાની તુલનામાં 373% નો વધારો છે અને 2011-12 પછી એક જ નાણાકીય વર્ષમાં સ્થાપિત થયેલ સૌથી વધુ રૂફટોપ સોલાર ક્ષમતા પણ છે. વધુમાં, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે પર કુલ સૌર ઉર્જા ક્ષમતા 31 ડિસેમ્બર, 2025 સુધીમાં વધીને 18.4 MWp થઈ ગઈ છે, જેના કારણે નોંધપાત્ર ઉર્જા બચત થઈ છે અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થયો છે. ઈલેક્ટ્રિક ટ્રેક્શન વર્ક્સ હેઠળ, ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સના ટ્રીપ નિરીક્ષણને સરળ બનાવવા અને ઓપરેશનલ વિશ્વસનીયતા સુધારવા માટે, અનુક્રમે 20 ઓગસ્ટ, 2025 અને 27 નવેમ્બર, 2025 ના રોજ ન્યૂ જલપાઈગુડી અને ડિબ્રુગઢ ખાતે ટ્રીપ નિરીક્ષણ શેડ કાર્યરત કરવામાં આવ્યા છે. વધુમાં, ટ્રેન સલામતીને મજબૂત બનાવવા માટે, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના કુલ 285 ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સમાંથી 81 ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સ પર સ્વદેશી ઓટોમેટિક ટ્રેન સુરક્ષા સિસ્ટમ 'કવચ' સ્થાપિત કરવામાં આવી છે. સ્વચ્છ ટ્રેક્શન તરફ સંક્રમણના ભાગ રૂપે, 31 જોડી ટ્રેનોને ડીઝલ ટ્રેક્શનથી એન્ડ-ટુ-એન્ડ ઈલેક્ટ્રિક ટ્રેક્શનમાં રૂપાંતરિત કરવામાં આવી છે, જેનાથી 26 ડીઝલ લોકોમોટિવ્સ બચે છે અને ઉર્જા કાર્યક્ષમતા અને ઓપરેશનલ ટકાઉપણું વધે છે.તાલીમ અને સલામતી જાગૃતિના ક્ષેત્રમાં, ટ્રેન ક્રૂના ઓપરેશનલ જ્ઞાનને સુધારવા માટે ન્યૂ બોંગાઈગાંવ લોબી ખાતે ઓટોમેટિક બ્લોક સિસ્ટમનું કાર્યકારી મોડેલ વિકસાવવામાં આવ્યું છે અને સ્થાપિત કરવામાં આવ્યું છે.

**વોશિંગ્ટન પોસ્ટમાં છટણીની સુનામીમાં અનેક દિગ્ગજ પત્રકારો હોમાયા**

# શશી થરુરના દીકરાએ પણ નોકરી ગુમાવી, 300થી વધુ પત્રકારોને અસર

(એજન્સી) નવી દિલ્હી | તા.05

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અને પત્રકારત્વના ક્ષેત્રમાં આદર્શ ગણાતા અમેરિકન અખબાર 'વોશિંગ્ટન પોસ્ટ'માં આવેલા મોટા આર્થિક પરિવર્તનોએ વૈશ્વિક મીડિયા જગતને ચોંકાવી દીધું છે.

અખબારના સંચાલકોએ ખર્ચમાં કાપ મૂકવાના બહાને તેના કુલ સ્ટાફના લગભગ ત્રીજા ભાગના એટલે કે ૩૦૦થી વધુ પત્રકારો અને કર્મચારીઓને એકાએક છૂટા કરી દીધા છે. આ સામૂહિક છટણીમાં ભારતીય સાંસદ શશી થરુરના પુત્ર અને જાણીતા આંતરરાષ્ટ્રીય બાબતોના સ્તંભકાર ઈશાન થરુરનો પણ સમાવેશ થાય છે, જેને પગલે પત્રકારત્વની ગુણવત્તા સામે ગંભીર ચિંતાઓ જન્મી છે.

વર્ષો સુધી વોશિંગ્ટન પોસ્ટ માટે વૈશ્વિક રાજનીતિ અને જટિલ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કલમ ચલાવનાર ઈશાન થરુરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની વ્યથા ઠાલવી હતી. તેમણે ખાલી પડેલા ન્યૂઝરૂમની તસવીર સાથે લખ્યું કે, "આજે આંતરરાષ્ટ્રીય સ્ટાફના મોટાભાગના સાથીઓ સાથે મને પણ લે-ઓફ કરી દેવામાં આવ્યો છે." ઈશાનના મતે, આ કટૌતી માત્ર આર્થિક નિર્ણય નથી પરંતુ તે વૈશ્વિક રિપોર્ટિંગના સ્તરને મોટું નુકસાન પહોંચાડશે. તેમણે લાખો વાચકોનો આભાર માન્યો હતો જેમણે વર્ષો સુધી તેમના લેખોને બિરદાવ્યા હતા.

## નામ બદલેલ છે

મારુ જૂનું નામ :- **સંદિપ ગણપતસિંહ પરમાર** હતું જે બદલીને નવું નામ:- **સંદિપકુમાર ગણપતસિંહ પરમાર** રાખેલ છે.જેની નોંધ લેવી.

લી. **સંદિપકુમાર ગણપતસિંહ પરમાર**

**સરનામું** :- રાજપૂત ફળીયા, દુલસાડ તા. વલસાડ, ડી: વલસાડ, ગુજરાત - ૩૯૬૦૦૭

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 25.11.2025 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઑક્સનની તારીખ / સમય ઑક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવાદાર: ચાવડા સુરેશભાઈ જીનાભાઈ સહ-દેવાદાર: ચાવડા મુક્તાબેન જીનાભાઈ સહ-દેવાદાર: ચાવડા જીનાભાઈ પુંજાભાઈ | 31489430000413 જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ.6,77,972.29 (રૂપિયા છ લાખ સિતોતેર હજાર નવસો બોતેર અને ઓગણત્રીસ પૈસા પૂરા) | 14/06/2025 | 13/03/2026 સમય સવારે ૯:૩૦ વાગ્યેથી સાંજે ૦૫:૦૦ વાગ્યે | 44.41 ચો.મી. | રૂ.67,400/- (રૂપિયા સડસઠ હજાર ચારસો પૂરા) | રૂ. 6,74,000/- (રૂપિયા છ લાખ ચૌતેર હજાર પૂરા) | 24/03/2026 બપોરે 03:00 વાગ્યે |

હરાજી કરવામાં આવનાર સુરક્ષિત મિલકતનું વર્ણન: રાણપુર ગ્રામ પંચાયત આકારણી પત્રક નંબર 2854 પર રહેણાંક મકાન, મિલકત નંબર 2/1/81/1, જમીનનું ક્ષેત્રફળ 44.41 ચો.મીટર, ગ્રાઉન્ડ ફ્લોર બાંધકામ વિસ્તાર 38.16 ચો.મીટર. જે રાણપુર ખાતે પંચાયતની હદમાં, તાલુકો રાણપુર, જિલ્લો બોટાદમાં આવેલું છે અને જીનાભાઈ પુનાભાઈ ચાવડાના નામે છે. સીમાઓ: ઉત્તર: નરશીદાન સાદુભાઈનો પ્લોટ, દક્ષિણ: અશોકભાઈ રસિકભાઈ ચાવડાનું મકાન, પૂર્વ: રોડ, પશ્ચિમ: અન્યની મિલકત.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઇચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરંટરો/મોર્ટગેજર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 06.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ**

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 25.11.2025 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઑક્સનની તારીખ / સમય ઑક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવાદાર: પરબતભાઈ કરાભાઈ ખંભાલા, સહ-દેવાદાર: ખંભાલા દેવીબેન કરાભાઈ | 31529420004567 જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ.10,40,115.29 (રૂપિયા દસ લાખ ચાલીસ હજાર એકસો પંદર અને ઓગત્રીસ પૈસા પૂરા) | 13/07/2025 | 13/03/2026 સમય સવારે ૯:૩૦ વાગ્યેથી સાંજે ૦૫:૦૦ વાગ્યે | 65.16 ચો.મી. | રૂ. 69,800/- (રૂપિયા ઓગણસિત્તેર હજાર આઠસો પૂરા) | રૂ. 6,98,000/- (રૂપિયા છ લાખ અઠ્ઠાણું હજાર પૂરા) | 24/03/2026 બપોરે 03:00 વાગ્યે |

હરાજી કરવામાં આવતી સુરક્ષિત મિલકતનું વર્ણન: પ્લોટ નં. 81/ પૈકીની જમીન પર બનેલ રહેણાંક મકાનની સ્થાવર મિલકત, જેનું ક્ષેત્રફળ 65.16 ચો.મી. છે (જે સબ પ્લોટ નં. 80+81P3, બ્લોક નં. 79 તરીકે ઓળખાય છે), R.S. નં. 581/2/ પૈકી-3 ની જમીન જેનું ક્ષેત્રફળ 2-24 ગુંઠા છે, જે ઉપલેટા ખાતે 'રઘુવંશી રેસીડેન્સી' તરીકે ઓળખાય છે, જે ગુજરાતના ઉપલેટા નગરપાલિકાના વિસ્તારમાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઇચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરંટરો/મોર્ટગેજર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 06.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ**

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચેલા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર/ગેરન્ટર/ગીરો આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે વિવિધ આર્સીલ ટ્રસ્ટ ('Arcil') ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે (રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિના સોંપણી અનુસાર), 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', 'જે કંઈ છે તે' અને 'આશ્રય વિના' ઓનલાઈન રીતે વેચવામાં આવશે. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('અધિનિયમ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 ની જોગવાઈઓ અનુસાર નીચે વિગતવાર મુજબ, વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે સાથે બાકી લેણાંની વસૂલાત માટે ઈ-હરાજી.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | બાકી રકમ /SARFAESI નોટિસ તારીખ 25.11.2025 મુજબ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઑક્સનની તારીખ / સમય ઑક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવાદાર: આહિરે પ્રવિણ દિલીપ સહ-ઋણ લેનાર: આહિરે અશ્વિની પ્રવિણભાઈ | 45249420002057 જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | રૂ. 6,42,754.80 (રૂપિયા છ લાખ બેતાલીસ હજાર સાતસો ચોપન અને એંસી પૈસા પૂરા) | 27/07/2025 | 13/03/2026 સમય સવારે ૯:૩૦ વાગ્યેથી સાંજે ૦૫:૦૦ વાગ્યે | 48.14 ચો.મી. | રૂ. 55,300/- (રૂપિયા પંચાવન હજાર ત્રણસો પૂરા) | રૂ. 5,53,000/ (રૂપિયા પાંચ લાખ ત્રેપન હજાર પૂરા) | 24/03/2026 બપોરે 02:30 વાગ્યે |

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653 |

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઈટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઇચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરંટરો/મોર્ટગેજર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 06.02.2026** **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ**

સિટી એક્સપ્રેસ
FRIDAY 06 FEBRUARY-2026
AHMEDABAD

## ટોળાએ હોટલ હિલ્લોક પાસેનો રોડ કરાવ્યો બંધ

અમદાવાદ » અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટલ હિલ્લોક નજીક ડિવાઈડર કટ બંધ કરી દેવામાં આવ્યો હતો. આ કારણે ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોના વાહનચાલકોને હાલાકી પડી રહી હતી, ત્યારે આજે (5 ફેબ્રુઆરી)ના રોજ રાત્રે મોટી સંખ્યામાં સ્થાનિક લોકોના ટોળાએ એસપી રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે રસ્તો રોકી દીધો હતો. આના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઈ રોડ બંધ કરી દેતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

## રેપિસ્ટ આસારામનું અમદાવાદનું સરનામું વિખાઈ જશે

રેપિસ્ટ આસારામનું અમદાવાદનું સરનામું હવે વિખાઈ જશે. 500 કરોડની જમીન પર બનેલા આશ્રમ પર બૂલડોઝર ફરી વળશે. જીહા સાબરમતીના કાંઠે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ પાસે મોટેરામાં આસારામ આશ્રમની 45,000 ચો.મીથી વધુ જમીન પાછી લેવા હાઈકોર્ટે રાજ્ય સરકારને મંજૂરી આપી દીધી છે. ગુજરાત હાઈકોર્ટે આસારામ આશ્રમ પાસેથી 45,000 ચોરસ મીટરથી વધુ વિસ્તારની જાહેર જમીન પાછી લેવા રાજ્ય સરકારના પગલાને યોગ્ય ઠેરવેલ છે. વિવાદિત જમીન અમદાવાદના મહત્વના સ્થળે આવેલી છે.



## અમદાવાદમાં ટૂંક સમયમાં શરૂ થશે 'પ્રાકૃતિક કૃષિ માર્કેટ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કૃષિ વિભાગ હસ્તકના આત્મા, ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, કૃષિ તેમજ બાગાયત વિભાગ દ્વારા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ જિલ્લામાં ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. ગ્રામ્ય સ્તરે ક્લસ્ટર રિસોર્સ પર્સન તથા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા સતત ગહન પ્રયત્નોના ફળસ્વરૂપે, મિશન અને નોન-મિશન હેઠળ અત્યાર સુધીમાં કુલ ૮૩૦૦ થી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થયા છે. આ બેઠકમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રહલાદનગર વેજીટેબલ માર્કેટ તથા જિલ્લા પંચાયત ખાતે માર્કેટ શરૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# CM ભૂપેન્દ્ર પટેલની કેન્દ્રીય બજેટ અંગે પત્રકાર પરિષદ

## ત્રણ કર્તવ્યોના આધાર પર વિકસિત ભારતની મજબૂત પીઠિકા તૈયાર કરનારું બજેટ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટ 2026ને ત્રણ મુખ્ય કર્તવ્યોના આધારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણ માટેની મજબૂત પીઠિકા તૈયાર કરનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે આ ત્રણ કર્તવ્યોની ભૂમિકા આપતા કહ્યું કે, આર્થિક વૃદ્ધિને વેગ આપીને સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ, લોકોની અપેક્ષા પૂર્ણ કરીને કેપેસિટી બિલ્ડીંગથી દેશની સમૃદ્ધિમાં સક્રિય જનભાગીદારી અને સૌના સાથ સૌના વિકાસને વધુ ગતિ આપવાની પ્રતિબદ્ધતા આ બજેટમાં પ્રતિબિંબિત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય બજેટ-2026ને આવકાર આપવા સાથે ગુજરાતને આ બજેટથી થનારા લાભ અંગેની વિસ્તૃત ભૂમિકા ગાંધીનગરમાં આયોજિત પત્રકાર પરિષદમાં આપી હતી. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન તેમજ મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર આ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં આ બજેટને રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતા વિકસિત ભારત માટેનો કોન્ટમ જમ્પ આપનારું બજેટ ગણાવ્યું હતું. ભારત આજે ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે આ બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારતનાં લક્ષ્યને સિદ્ધ કરવા તરફનું મહત્વનું કદમ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટમાં ફાર્મા સેક્ટરમાં ૧૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી સાથેના બાયોફાર્મા શક્તિ કાર્યક્રમ દ્વારા દેશને ગ્લોબલ બાયોફાર્મા મેન્યુફેક્ચરીંગ હબ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ગુજરાત ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં દેશનું લીડર છે અને બાયોફાર્મા શક્તિ કાર્યક્રમનો રાજ્યના ફાર્મા સેક્ટરને પણ મળશે.

### દેશનું સેમિકન્ડક્ટર હબ

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ સાથે દેશનું સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. તેને બજેટમાં જાહેર થયેલા ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન 2.0નો લાભ મળશે. પીએમ ગતિશક્તિથી DMIC ફ્રેઈટ રૂટનાં નેટવર્કથી લોજીસ્ટિક સપોર્ટ સુદ્રઢ થયો છે હવે પૂર્વનાં દાનકુનીથી આપણા ટેક્સટાઈલ સિટી સુરત સુધીના નવા ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળતી થશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

## વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં

# વિધાનસભા ખાતે 'યુથ ઈમર્સન પ્રોગ્રામ'નું ભવ્ય આયોજન કરાયું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં અને આસામ વિધાનસભાના અધ્યક્ષ બિશ્વજીત દાઈમારી અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની પ્રેરક ઉપસ્થિતિમાં "યુથ ઈમર્સન પ્રોગ્રામ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસામની ગૌહાટી, બોડોલેન્ડ અને કોટન યુનિવર્સિટીના ૨૪ વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પોલિટિકલ સાયન્સ અને એન્જિનિયરિંગ સહિતના સ્નાતક કક્ષાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતેના ગ.વા. માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની વિકાસ યાત્રાની સુંદર ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવેલા આસામ વિધાનસભાના અધ્યક્ષ, વરિષ્ઠ અધિકારીઓ અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિધાનસભામાં માત્ર કાયદા ઘડવાનું કે બજેટ પસાર કરવાનું કામ નથી.

## સાબરમતીના તટે 'વોકલ ફોર લોકલની ગુંજ'

# પરંપરાગત આદિવાસી હસ્તકલામાં ૭ દિવસમાં આદિવાસીઓએ કરી રૂ. ૧૫ લાખની કમાણી



અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે આવેલો આધુનિક રિવરફ્રન્ટ એક અલગ જ ઊર્જાથી ધબકી ઉઠ્યો હતો, જ્યાં કોંક્રીટના જંગલની વચ્ચે, પ્રકૃતિના ખોળે ઉછરેલી આદિવાસી સંસ્કૃતિ અને કલાનો એક અનોખો સંગમ સર્જાયો હતો. તાજેતરમાં આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી દ્વારા વલ્લભ સદન, રિવરફ્રન્ટ ખાતે તા. ૨૮ જાન્યુઆરીથી ૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી સાત દિવસીય 'પરંપરાગત આદિવાસી હસ્તકલા, આહાર અને વનૌષધિય મેળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અહી માત્ર વસ્તુઓનું વેચાણ જ નહીં, પરંતુ એક સશક્ત આદિવાસી સમાજની ગાથા રજૂ કરવામાં આવી હતી. ઊર્જાવાન અને પ્રજાસેવક આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળાએ શહેરીજનોને સીધા જ આદિવાસી લોકજીવન સાથે જોડી દીધા હતા. ડાંગના ગાઢ જંગલો હોય કે સાપુતારાના ડુંગરો રાજ્યના ૧૩ જેટલા જિલ્લાઓમાંથી આવેલા કલાકારો માટે આ મેળો આજીવિકાનું કેન્દ્ર બન્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ મેળામાં ૪૨ આદિવાસી હસ્તકલાકૃતિ, ૧૭ વનૌષધિય ચિકિત્સા પ્રણાલી અને ૧૬ પરંપરાગત આહારના સ્ટોલ મળી કુલ ૭૫ સ્ટોલ્સ બનાવવામાં આવ્યા હતા. જેમાં આદિવાસી હસ્તકલાકારો અને વૈદુ ભગતો સહિત કુલ ૧૧૨ કલાકારો સહભાગી બન્યા હતા.

## ખોરજ પાસે હિટ એન્ડ રનમાં યુવકનું મોત

# લગ્ન પ્રસંગે જઈ રહેલા અમદાવાદના બે મિત્રોને નડ્યો અકસ્માત

ગાંધીનગર: ગાંધીનગર જિલ્લામાં હાઈવે માર્ગો હવે વાહનચાલકો માટે જોખમી બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર ખોરજ ગામની સીમમાં વધુ એક જીવલેણ હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહેલા અમદાવાદના બે યુવાનોને કોઈ અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૨૪ વર્ષીય યુવાનનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે, જેના કારણે વાસણા વિસ્તારમાં રહેતા તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.મળતી વિગતો અનુસાર, અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા મહેન્દ્રભાઈ ખત્રીનો પુત્ર પારસ અને તેમના સંબંધી નવીનભાઈ ડોડીયા ગત ૩૧ જાન્યુઆરીના રોજ એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ઝાઝરવા ગામે ગયા હતા. રવિવારની વહેલી સવારે બંને મિત્રો બાઈક પર પરત ઘરે આવી રહ્યા હતા. આ દરમિયાન ખોરજ પાસેના ઉતરાણ પર પાછળથી પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહન ચાલકે તેમની બાઈકને જોરદાર અડફેટે લીધી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવાનો રોડ પર ફંગોળાયા હતા.અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક માનવતા નેવે મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. આસપાસના લોકોએ તાત્કાલિક બંને ઈજાગ્રસ્તોને સોલા સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

## વાસણામાં ગૌતસ્કરીની કારનો અકસ્માત

# BRTS ટ્રેકમાં ૧૦૦ની સ્પીડે દોડતી કારે મચાવી તબાહી : સંપત્તિને નુકસાન

અમદાવાદ: અમદાવાદના વાસણા-ચંદ્રનગર વિસ્તારમાં ગત મોડી રાત્રે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ગૌવંશની તસ્કરી કરી રહેલા શખ્સોએ પકડાઈ જવાની બીકે જાહેર જનતા અને અબોલ જીવોના જીવ જોખમમાં મૂક્યા હતા. ૧૦૦ કિમીથી વધુની ઝડપે BRTS ટ્રેકમાં દોડતી એક રેનો લોજી કારે ચંદ્રનગર બસ સ્ટેન્ડ પાસે ભયાનક અકસ્માત સર્જ્યો હતો. આ ઘટનામાં BRTS ની મિલકતોને લાખોનું નુકસાન થયું છે, જ્યારે અકસ્માતગ્રસ્ત કારમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલા ગૌવંશ મળી આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી વિગતો અનુસાર, ગૌરક્ષકોને બાતમી મળી હતી કે સિલ્વર કલરની રેનો લોજી કાર (GJ-18-EE-8962) માં ગૌવંશ ભરીને કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. ગૌરક્ષકોએ આ ગાડીનો પીછો કરવાનું શરૂ કરતા, તસ્કારોએ પકડાઈ જવાના ડરે ગાડીને વાસણા ચંદ્રનગરના BRTS રૂટમાં નાખી દીધી હતી. ટ્રેકમાં ગાડી ૧૦૦ થી ૧૨૦ ની સ્પીડે દોડી રહી હતી. બેફામ બનેલા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર સીધી ચંદ્રનગર BRTS સ્ટેશનના મુખ્ય દરવાજા સાથે ધડાકાભેર અથડાઈ હતી.અકસ્માત એટલો ભયાનક હતો કે કારે સ્ટેશનના સ્લાઈડિંગ દરવાજા તોડી નાખ્યા હતા અને ત્યારબાદ વીજળીના થાંભલા તથા ડિવાઈડર સાથે અથડાઈને અટકી હતી. ધડાકાનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. મોડી રાત હોવાથી સ્ટેશન પર મુસાફરો નહોતા, નહિતર મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત. BRTS ટ્રેકના પોલ અને દરવાજા તૂટી પડવાથી વ્યવહારને પણ અસર પહોંચી છે. અકસ્માત બાદ જ્યારે કારની તપાસ કરવામાં આવી ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. લક્ઝરી કારની પાછળની સીટો કાઢી નાખીને તેમાં નાના વાછરડાઓને પગ અને મોઢું બાંધીને અત્યંત ક્રૂરતાપૂર્વક ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે અબોલ જીવોને પણ ઈજાઓ પહોંચી હતી. ગૌરક્ષકો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક આ ગૌવંશને મુક્ત કરાવી સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

## પેથાપુરમાં હાઈડ્રોલિક ટેસ્ટિંગ દરમિયાન જળબંબાકાર

# વગર ચોમાસે પેથાપુરમાં દોઢ કિમી સુધી પાણીની નદીઓ વહી



ગાંધીનગર: ગાંધીનગર મહાનગરપાલિકામાં ભળેલા પેથાપુર વિસ્તારમાં બુધવારે વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ હતી. શિયાળો તેની અંતિમ ઘડીઓ ગણી રહ્યો છે ત્યારે પેથાપુરમાં વગર ચોમાસે પૂર જેવી સ્થિતિ જોવા મળી હતી. નવી નખાયેલી પાણીની પાઈપલાઈન અને ટાંકીના હાઈડ્રોલિક ટેસ્ટિંગ દરમિયાન તંત્રના મિસ-મેનેજમેન્ટને કારણે લાખો લિટર પીવાનું પાણી રસ્તાઓ પર વહી ગયું હતું. અંદાજે દોઢ કિલોમીટર સુધી પાણીની નદીઓ વહેતી થતા રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પાટનગરની સરહદે આવેલા પેથાપુરના વિકાસ માટે મહાપાલિકા દ્વારા પીવાના પાણીની નવી લાઈનો અને સંગ્રહ માટે ટાંકી બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બુધવારે જ્યારે આ નવી લાઈનનું જોડાણ ખોલીને હાઈડ્રોલિક ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું, ત્યારે પાણી એટલા પ્રચંડ વેગથી બહાર આવ્યું કે સમગ્ર વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. દિપો માતા ચોકથી લઈને આસપાસની અનેક સોસાયટીઓના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પાણીનો ફોર્સ એટલો વધુ હતો કે પાણી માત્ર મુખ્ય માર્ગો સુધી મર્યાદિત ન રહેતા સોસાયટીઓની અંદર અને ખુલ્લા મેદાનો સુધી પહોંચી ગયું હતું. ખાસ કરીને દિપો માતા ચોકમાં તો એવી હાલત થઈ હતી કે રાહદારીઓ અને વાહનચાલકોએ ક્યાં પગ મૂકવો તે સવાલ ઊભો થયો હતો.

## બાવળામાં ૪ વર્ષના ગુમ બાળકની લાશ મળી

# ધનવાડા ગામે માસૂમ ધાર્મિકના મોતથી શોકનું આભ તૂટી પડ્યું

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ધનવાડા ગામમાં ગત રાત્રિએ કાળજું ધ્રુજાવી દે તેવી ઘટના સામે આવી છે. બપોરથી રહસ્યમય રીતે ગુમ થયેલા ૪ વર્ષના માસૂમ બાળક ધાર્મિક રાહુલભાઈ વાટુકિયાનો મૃતદેહ મોડી રાત્રે ગામના તળાવમાંથી મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. જે બાળક પોતાની સાયકલ લઈને હસતા-રમતા ઘરની બહાર નીકળ્યો હતો, તેનો નિષ્પ્રાણ દેહ પરત આવતા વાટુકિયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની વિગતો મુજબ, બપોરના સમયે ૪ વર્ષનો ધાર્મિક પોતાની નાનકડી સાયકલ લઈને ઘર પાસે રમવા માટે નીકળ્યો હતો. સામાન્ય રીતે થોડીવારમાં પરત ફરતો ધાર્મિક કલાકો સુધી ન દેખાતા પરિવારજનો ચિંતિત થયા હતા. આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરતા ગામના તળાવ કિનારેથી ધાર્મિકની સાયકલ બિનવારસી હાલતમાં મળી આવી હતી. સાયકલ અહીં મળતા જ ગ્રામજનો અને પરિવારના જીવ અધ્ધર થઈ ગયા હતા અને બાળક તળાવના પાણીમાં પડ્યો હોવાની આશંકા પ્રબળ બની હતી. ઘટનાની જાણ થતા જ બાવળા પોલીસની ટીમ કાફલા સાથે ધનવાડા ગામે દોડી આવી હતી. સ્થાનિક તરવૈયાઓ અને પોલીસની ટીમોએ ટોર્ચના અજવાળે તળાવના ઊંડા પાણીમાં શોધખોળ હાથ ધરી હતી. કલાકો સુધી ચાલેલી મહેનત બાદ મોડી રાત્રે ધાર્મિકનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

## ઝુંડાલમાં વેપારી પર પિતા-પુત્રનો હુમલો

# બાકી નાણાંની ઉઘરાણીમાં લોહીયાળ જંગ બાકી ૪,૦૦૦ માંગતા માથું ફોડી નાખ્યું



ગાંધીનગર: ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ વિસ્તારમાં વેપારીઓ માટે સુરક્ષાનો પ્રશ્ન ઉભો થયો છે. માત્ર ૪,૦૦૦ રૂપિયાના બાકી નાણાંની ઉઘરાણી કરવા જેવી સામાન્ય બાબતમાં પિતા અને પુત્રએ ઉશ્કેરાઈને એક ફર્નિચરના વેપારી પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. લોહીલુહાણ હાલતમાં વેપારીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યારે હુમલો કરનાર પિતા-પુત્ર સામે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, મૂળ રાજસ્થાનના વતની અને હાલ અડાલજમાં રહેતા સુનીલ શ્રવણભાઈ ચૌધરી ઝુંડાલમાં 'શ્રેયાંસ ફર્નિચર' નામની દુકાન ચલાવે છે. આશરે એક માસ પૂર્વે ઝુંડાલના વિવાન એક્ઝોરા ફ્લેટમાં રહેતા બાબુલાલજી સુથારે તેમના ઘરે ૮,૦૦૦ રૂપિયામાં બાથરૂમના પી.વી.સી. દરવાજા બનાવવાનું કામ આપ્યું હતું. કામ શરૂ કરતા પહેલા ૪,૦૦૦ રૂપિયા એડવાન્સ ચૂકવ્યા હતા, પરંતુ કામ પૂરું થયા બાદ બાકીના ૪,૦૦૦ રૂપિયા માટે બાબુલાલ લાંબા સમયથી બહાનાબાજી કરી રહ્યા હતા. ગઈકાલે સાંજે ચાર વાગ્યે જ્યારે સુનીલ અને તેના ભાગીદાર પંકજભાઈ દુકાન પર હાજર હતા, ત્યારે બાબુલાલ અને તેમનો પુત્ર ભેરૂ ત્યાં આવી પહોંચ્યા હતા. સુનીલે જ્યારે બાકી નીકળતા રૂપિયાની માંગણી કરી, ત્યારે પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. બાબુલાલે 'હું કોઈ પૈસા આપવાનો નથી' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી.

## પીંડારડામાં વરઘોડાના ઝઘડાની અદાવતમાં હુમલો

# સમાધાન કરવા ગયેલા યુવક પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો

ગાંધીનગર: ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં અદાવત અને જૂના ઝઘડાઓ લોહીયાળ સ્વરૂપ ધારણ કરી રહ્યા હોય તેમ જણાય છે. પીંડારડા પાટીયા પાસે લગ્ન પ્રસંગના વરઘોડામાં થયેલી સામાન્ય બોલાચાલીનું સમાધાન કરવા ગયેલા યુવક અને તેના પિતરાઈ ભાઈ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. આ હિંસક ઘટનામાં હુમલાખોરોએ યુવકની મોંઘીદાટ થાર ગાડીના કાચ તોડી નાખ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. પેથાપુર પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાની વિગતો મુજબ, પીપળજ ગામમાં રહેતા અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા પ્રતિકસિંહ વાઘેલાના પિતરાઈ ભાઈ જયપાલસિંહને ગત દિવસે એક લગ્નના વરઘોડા દરમિયાન જયવીરસિંહ વાઘેલા સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બાબતનો વળાંક ત્યારે આવ્યો જ્યારે પ્રતિકસિંહના ફોઈના દીકરા સિધ્ધરાજસિંહે સમાધાન માટે પ્રતિકસિંહને પીંડારડા પાટીયા પાસે આવેલી એક હોટલ પર બોલાવ્યા હતા. પ્રતિકસિંહ પોતાની થાર ગાડી લઈને હોટલ પર પહોંચ્યા ત્યારે જ વરસોડા ગામના આદિત્યસિંહ ચાવડા, દિગ્વીજયસિંહ અને અન્ય બે અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ 'તારો ભાઈ કાલે બહુ બોલતો હતો' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી.


## ધોળકા-બગોદરા હાઈવે પર ગોઝારો અકસ્માત

# પતિ-પત્ની અને પુત્ર 3 સભ્યોના કમકમાટી ભર્યા મોત

અમદાવાદ: અમદાવાદ જિલ્લાના ધોળકા-બગોદરા હાઈવે પર આજે વહેલી સવારે કાળજું ધ્રુજાવી દે તેવી દુર્ઘટના સર્જાઈ છે. પૂરઝડપે દોડતા વાહનો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક હસતા-રમતા પરિવારનો સફાયો થઈ ગયો છે. આ ગોઝારા અકસ્માતમાં પતિ, પત્ની અને તેમના એકના એક માસૂમ પુત્રનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને મૃતદેહોને બહાર કાઢવા માટે ગેસ-કટરની મદદ લેવી પડી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પરિવાર કારમાં સવાર થઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે વહેલી સવારે અંધારા અને કદાચ ગાઢ ધુમ્મસના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કોઈ અજાણ્યા ભારે વાહન સાથે કારની ધડાકાભેર ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો આગળનો ભાગ લોખંડના મસમોટા પતરાની જેમ દબાઈ ગયો હતો.

## અમદાવાદ રેલવે મંડળ દ્વારા ૨૫ કરોડનો દંડ વસૂલ

# દસ મહિનામાં નિયમભંગ કરનારાઓ સામે સખત કાર્યવાહી, દર કલાકે ૪૩ મુસાફરો કરતા ઝડપાયા



અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે શિસ્તબદ્ધ મુસાફરી અને સ્વચ્છતા જાળવવા માટે હાથ ધરેલી ઝુંબેશમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીના માત્ર દસ મહિનાના ગાળામાં રેલવેએ નિયમભંગ કરનારા મુસાફરો પાસેથી કુલ રૂ. ૨૫.૭૨ કરોડનો તોતિંગ દંડ વસૂલ્યો છે. આ આંકડો ગત વર્ષની સરખામણીએ ૫૪ ટકા જેટલો વધુ છે, જે સૂચવે છે કે કડક કાયદા હોવા છતાં મુસાફરોમાં નિયમો પ્રત્યેની ગંભીરતામાં ઘટાડો થઈ રહ્યો છે. રેલવે વિભાગ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ માં હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન એક હકીકત સામે આવી છે

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...